# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા
# (ડી.એલ.એડ.)

## અભ્યાસ- ૫૦૩
## પ્રારંભિક કક્ષાઓમાં ભાષા શીખવી

### વિભાગ- ૨
### ભાષા શીખવાની સાથે જોડેલા કૌશલ્યો


રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન
એ- ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યુશનલ એરીયા, સેક્ટર- ૬૨, નોઈડા
ગૌતમબુધ્ધ નગર, યુપી- ૨૦૧૩૦૯.
વેબસાઈટઃ www.nios.ac.in

# વિભાગ- ૨
# ભાષા શીખવાની સાથે જોડેલા કૌશલ્યો

એકમ-૪ : સાંભળવુ તેમજ બોલવું
એકમ-૫ : ભણવું
એકમ-૬ : લખવું


# વિભાગ પરિચય

**એકમ-૪** માં સાંભળવું અને બોલવા પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવે છે.

**એકમ-૫** ભણવું અને **એકમ -૬** લખવાના કૌશલ્યથી સંબંધિત છે. આ બધામાં મુખ્ય બિંદુ એ છે કે બાળકો દ્વારા ભુલ કરવી, શીખવાની પ્રક્રિયાનો એક સ્વભાવિક હિસ્સો છે. અને ભુલો બાળકોના જ્ઞાનની ઘાતકો હોય છે. ન કે તેના જ્ઞાનની. આ સમજવુ સગૃરી છે કે આપણું ધ્યાન સુદ્ધતા પર હોવું જોઈએ.

# વિષયવસ્તુ


| ક્રમ | પાઠનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| એકમ-૪ | : સાંભળવુ તેમજ બોલવું | ૦૧ |
| એકમ-૫ | : ભણવું | ૨૪ |
| એકમ-૬ | : લખવું | ૪૪ |



નોંધ

# એકમ - ૪ સાંભળવુ તેમજ બોલવું

**સંરચના**

૪.૦ પરિચય

૪.૧ જ્ઞાન પ્રાપ્તિ ઉદ્દેશ્ય

૪.૨ સાંભળવુ અને બોલવું

    ૪.૨.૧ સાંભળવું એટલે શું ?

    ૪.૨.૨ બોલવું એટલે શું ?

૪.૩ વર્ગમાં વાચચીતની જરૂરિયાત

૪.૪ વર્ગમાં સાંભળવા અને બોલવાનો મોકો કેવી રીતે પ્રાપ્ત કરવો ?

    ૪.૪.૧ બાળગીત / કવિતા

    ૪.૪.૨ ચિત્ર દ્વારા

    ૪.૪.૩ વાર્તા સંભળાવવી

    ૪.૪.૪ નાટક દ્વારા

    ૪.૪.૫ સહશૈક્ષણિક ગતિવિધિઓ

૪.૫ સટિક્તા કે ધારા પ્રવાહિતા

૪.૬ સારાંશ

૪.૭ સંદર્ભગ્રંથ/ કેટલાક ઉપયોગી પુસ્તકો

૪.૮ અંત્ય એકમ અભ્યાસ

## ૪.૦ પરિચય

પાછળના પાઠમાં આપણે શીખ્યા કે બાળક ઘરેલું વાતાવરણમાં એકથી વધારે ભાષાઓ સહજતાથી શીખી લે છે. એવું એટલે સંભવ છે કે એમને આ ભાષાઓ સાંભળવા બોલવા માટે ભરપુર તક મળે છે. આ વાત એ ભાષાઓ માટે પણ લાગુ પડે છે જે ભાષા બાળકો સ્કુલમાં શીખે છે. જો બાળકોને પ્રયોગ માટે પર્યાપ્ત તક આપીએ તો તે સહજતાથી શીખી શકે છે.

નોંધ

## સાંભળવુ તેમજ બોલવું

અહી આપણે સાંભળવાના અને બોલવાના કૌશલ્યોની વાત કરીશું અને સમજવાનો પ્રયાસ કરીશું. સાંભળવું અને બોલવુંનો અર્થ શું છે અને આ બાળકોને ભાષા શીખવામાં કેવી રીતે સહાયક છે. સાથે જ એ સમજીશું કે એક શિક્ષકની ભાષા શિખવાડવાના કૌશલ્યને ઉપયોગમાં લઈ શકે છે ?

## ૪.૧શિક્ષણના ઉદ્દેશ્ય

આ એકમને શીખ્યા પછી તમે :

- સાંભળવા- બોલવાના અર્થ સમજી શકશો.
- ભાષા શીખવા, શીખવાડવાની પ્રક્રિયામાં સાંભળવા-બોલવાની ભૂમિકાનું વિશ્લેષણ કરી શકશો.
- વર્ગખંડમાં આ કૌશલ્યોના વિકાસ માટે કઈ કઈ રીતની પધ્ધતિઓ હોઈ શકે છે તથા એમા શિક્ષકની અહમ ભૂમિકા તેમજ જવાબદારી સ્પષ્ટતાથી ઓળખી શકાશે.
- બોલવાની પ્રક્રિયામાં શુધ્ધતા તેમજ પ્રવાહિતાનું મહત્વ નિર્ધારિત કરી શકશો.

## ૪.૨ સાંભળવુ અને બોલવું

પહેલી વખત શાળામાં જનાર બાળકોને શરૂઆતમાં ૨-૩ મહિના સુધી સાંભળવા - બોલવાના કૌશલ્યોનો વધારે અભ્યાસ કરાવવામાં આવે છે. તે એવી રીતે થાય છે કે શિક્ષક બાળકોને કવિતાઓ, ગીતો, ગણતરી, વર્ણમાલા બોલી સંભળાવે છે અને બાળકો તેને પુનરાવર્તિત કરે છે શિક્ષકની એમની પાસેથી અપેક્ષા રહેલી છે કે બાળકો રટણ કરીને યાદ રાખે જો તેઓ તેના અર્થને ન સમજતા હોય ત્યારે પણ વારંવાર રટણ કરતા રહેવું જ્યાં સુધી પુરેપુરૂ મોઢે ન થઈ જાય તેમ કરવા માટે શિક્ષકોની એવી વિચારસરણી છે કે વારંવાર એક જ ધ્વનિ સાંભળવાથી અને બોલવાથી બાળક સરળતાથી યાદ રાખી શકે છે.એમનો દઢ વિશ્વાસ છે કે બાળકો વગર સાંભળે નવા વાક્ય અને શબ્દો બોલી શકે છે.

જ્યારે સાંભળવું અને બોલવું સાથે સાથે ચાલતી પ્રક્રિયા છે. જેવી રીતે આપણે કશું બોલીએ- ત્યારે પોતે પણ સાંભળતા હોઈએ છીએ. કયારેય એવું જ પણ થાય છે કે આપણે બોલ્યા વગર કેવળ સાંભળતા હોઈએ છીએ. આ એ પરિસ્થિતિમાં શક્ય છે કે જ્યારે આપણે ટી.વી. રેડિયો વગેરેથી સૂચનાઓ સાંભળી રહ્યા હોઈએ છીએ પરંતુ આ સૂચનાઓ સાંભળવી એ ટેપરેકોર્ડરની જેમ નથી હોતું કે જે બોલવામાં આવે છે તે જ રેકોર્ડ થાય અને સમય આવે ત્યારે એને ફરીથી પુનરાવર્તન કરવામાં આવે. આપણી સાંભળવાની પ્રક્રિયા બોલવાની પ્રક્રિયાથી અલગ છે. આનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે સમજવું. કોઈપણ વાતમાં સમજ્યા વગર આગળ વધી ન શકાય. એક ઉદાહરણથી એને સમજીએ

જ્યારે આપણે ટેલીફોન પર વાત કરતા હોઈએ ત્યારે સામેવાળા જ બોલે છે, તે સમજીને પછી આપણે તેની વાતનો જવાબ આપીએ છીએ. કારણ કે સામેવાળાની વાત સમજ્યા વિના આપણે વાતચીતને શરૂ ન જ રાખી શકીએ.

આ માટે ભાષા શીખવાડવાની પ્રક્રિયામા આ કૌશલ્યોને અલગ-અલગ કરીને નહી જોઈ શકાય. આ પરસ્પર આશ્રિત પ્રક્રિયા છે આ પ્રક્રિયામાં વિચારની તેમજ સમજની પ્રક્રિયા એક બીજામાં ગૂંથાયેલી છે.

નોંધ

**પાઠના પ્રશ્નો**

(૧) સાંભળવા-બોલવાની પ્રક્રિયાના મહત્વપૂર્ણ હિસ્સા કયા છે ?

(A) સાંભળવું (B)બોલવુ (C) સમજવું (D)સૂચના સાંભળવી

(૨) સાંભળવા બોલવાની પ્રક્રિયા અને સૂચના સાંભળવામાં શું અંતર છે ?

..................................................................

..................................................................

..................................................................

(૩) સામાન્ય રીતે શાળામાં પ્રાથમિક સ્તર પર બાળકના સાંભળવા બોલવા માટે કેવી તક આપવામાં આવે છે ? શું આ તક પર્યાપ્ત છે ? તમારો મત જણાવો ?

..................................................................

..................................................................

..................................................................

(૪) તમારો મિત્ર આજે આકાશવાણીના સમાચાર પ્રભાત સાંભળી નથી શક્યો ? તમને સમાચાર સાંભળી જણાવવા માટે કહ્યું છે. તમે શું જણાવશો ? એના માટે તમારે શું-શું કરવું પડશે ?

..................................................................

..................................................................

..................................................................

આપણે આપણી આસપાસ કેટલાક અવાજોને સાંભળીએ છીએ. એમા માણસો, મશીનો, જાનવરો વગેરેના અવાજોનો સમાવેશ થાય છે પણ શું આપણે આ બધાને સાચા અર્થમાં સાંભળી શકીએ છીએ ખરા જેવી રીતે ચાલતા મશીનનો ધ્વનિ અવાજ સાંભળો છો પણ આ રીતે સાંભળવાનો કોઈ અર્થ છે.

સાંભળવું એ અલગ પ્રકારની પ્રક્રિયા છે. વાતીચીત કરતી સમયે સાંમળવાવાળાને તેનો અર્થ તે જ સમયે સમજવાનો હોય છે. જ્યારે આપણે કોઈ સંવાદને સાંભળીએ છીએ તેનો અર્થ આપણે હંમેશા એક જ પ્રકારથી નથી સમજતા. આપણે અર્થ ને જુદી જુદી રીતે સમજીએ છીએ.

પ્રથમ શબ્દો ને આધારે સંવાદને સમજાવવું આ પ્રક્રિયા ડિકોડિગના રૂપમાં હોય છે જેમાં સાંભળેલી ધ્વનિઓ શબ્દો, ઉપવાક્યો, વાક્યો અને પાઠના આધાર પર જ અર્થને સમજવો પડે. સાંભળેલા વાક્યોમાં ઉપયોગ થયેલા શબ્દનો અર્થ અને વાક્યમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો અર્થના ક્રમની ખબર હોવી જોઈએ. આપણે તેને એક ઉદાહરણ દ્વારા સમજીએ. જેમકે - જો કોઈ મિત્ર રાતના ખાવા માટે પોતાના ઘરે બોલાવે અને આપણે તેનું ઘર નથી જોયું અને મિત્રનો ફોન કરીને પુછતા તે કહેશ કે,



નોંધ

## સાંભળવુ તેમજ બોલવું

"સિટી સેન્ટરથી ડાબી બાજુ ત્રીજી ગલીમાં વળાંક લઈ સીધે સીધા આવો અને પછી જમણી બાજુ વળી અને બાવર્ચી હોટલવાળી ગલીમાં ત્રીજુ ઘર મારું છે."

તો તેના મકાન સુધી પહોંચવા આપણે રસ્તો શોધીએ છીએ તેના શબ્દોને ધ્યાનમાં રાખી આગળ વધીએ છીએ અને તેના નિર્દેશનું અનુસરણ કરીને તેના ઘરે પહોંચી જઈએ છીએ.

આ પ્રક્રિયામાં આપણું ધ્યાન તેના સંવાદ પર હોય છે અને આપણો અનુભવ આપણે બનાવીએ છીએ આપણે અનુભવ કરીએ છીએ ત્યારે આ ક્રમ તુટવો ન જોઈએ. તેનાં ધ્વનિને થોડાં-થોડા ટુકડામાં વિભાજિત કરી ડિકોડિંગ કરે છે અને સંવાદને સમજે છે. એટલે પૂરા સંવાદમાં મહત્વના શબ્દોને ઓળખવા અને તેને નાના નાના ટુકડામાં તેની યોગ્યતા મહત્વપુર્ણ છે જે નિરન્તર અભ્યાસથી આવે છે.

આ પ્રકારે આપણે શબ્દોના અર્થ સમજીએ છીએ. કથનને આપણે આ રીતે સમજવા માટે શ્રોતા પાસે શબ્દભંડોળ અને વાક્ય સંરચનાનો અભ્યાસ હોવો જોઈએ. આ પ્રક્રિયાને નિરન્તર અભ્યાસ અને નીચે મુજબની ક્ષમતાઓ હોવી જરૂરી છે.

- બોલી ગયેલા શબ્દોને સાંભળવા
- શબ્દ અને વાક્યના વિભાજને સમજવું
- મૂળ શબ્દોને સમજવા.
- વાક્ય અને મૂળ શબ્દોનો વ્યાકરણિય સંબંધોને સમજવા.
- શબ્દ અને વાક્યને અંતે વિરામ ચિન્હનો પ્રયોગ કરવો અને તે સમજવું.

બીજુ, પૂર્વજ્ઞાનને આધારે કથનને સમજવું. જ્યાં શબ્દના આધાર પર અર્થ ગ્રહણની પ્રક્રિયા શબ્દથી અર્થ તરફ જાય જાય છે ત્યારે પૂર્વજ્ઞાનથી અર્થ ગ્રહણની પ્રક્રિયા અર્થથી સંરચના તરફ જાય છે. તેના માટે પૂર્વજ્ઞાનની જરૂર છે. આ પૂર્વજ્ઞાન ગમેતે સંવાદ અથવા મુદ્દાને સબંન્ધિત છે. સંદર્ભન હોય કેટલીક ઘટનાઓના 'સ્કીમા' ના રૂપમાં હોય ઉદાહરણ જોઈને.

મે સમાચારમાં સાંભળ્યું કે કાલે રાત્રે ચીનમાં ભીષણ ભૂકંપ આવ્યો.

ભૂકંપ શબ્દને ઓળખવા માટે આપણા મગજમાં કેટલાક પ્રશ્નો અને ઉત્તરોના સેટ બને છે. જેમકે -

- ચીનમાં ભૂકંપ ક્યાં આવ્યો ?
- કેટલો ભીષણ હતો ?
- કેટલા લોકો માર્યા ગયા અથવા ઘાયલ થયા ?
- કયા-કયા રાહત કાર્ય ચાલી રહ્યા છે ?

આ પ્રશ્નો એ સમજ તરફ લઈ જાય છે. કે આ પ્રક્રિયામાં ન્યૂનતમ સૂચના દ્વારા અર્થ ગ્રહણ થાય છે. સાથેજ તેમાં પૂર્વજ્ઞાનની મહત્વની ભૂમિકા હોય છે. જેમકે - કથનમાં ન્યૂનતમ સૂચના, કાલ રાત્રે ચીનમાં ભીષણ ભૂકંપ આવ્યો. અહીં પૂર્વજ્ઞાન એ છે કે પહેલા ભૂકંપ વિશે જોયેલું સાંભળેલું અને

નોંધ

વાંચેલું હતુ જેમા બધી સૂચનાઓ નિહિત હોય, જો આપણ પ્રશ્નોના રૂપમાં અસમર્થ છે તો તેનો અર્થ એ છેકે સંવાદ અધૂરો છે અથવા આ તેમનો પૂર્વજ્ઞાન સીમિત છે. આ પ્રક્રિયામાં અભ્યાસમાં નિચેની ક્ષમતાઓ હાંસલ કરવાથી મદદ મળે છે.

- મૂળ શબ્દોને આધારે પર સંવાદની સમજ હોય.
- શીર્ષક અથવા સ્થિતિને સમ્બન્ધિત પ્રશ્ન કરી શકાય.
- કારણ અને પ્રભાવનું અનુમાન કરવું.
- કોઈપણ પરિસ્થિતિમાં વિવરણનું અનુમાન કરવું

સાંભળવું અને સંભાળાવવું એ બંને પ્રક્રિયાઓ સાથે-સાથે ચાલે છે અને આ પ્રક્રિયાઓમાં સંવાદને સમજવાના સંદર્ભ સમાન મહત્વ ધરાવે છે. કઈ પરિસ્થિતિમાં કઈ પ્રક્રિયા વધારે ઉપયોગી થશે તેનો આધાર સાંભળવાવાળાના શીર્ષક અને સંવાદનો પરિચય આપવામાં આવેલી સૂચનાઓનું ઉંડાણ, સુચનાના પ્રકાર અને સાંભળવાવાળાના ઉદ્દેશ્ય પર નિર્ભર રહે છે.

**પાઠના પ્રશ્નો**

(૧) આપણે અર્થને કેટલી રીતે સમજીએ છીએ ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(૨) શબ્દોના આધાર પર સમજવાની પ્રક્રિયામાં સંવાદને કયા પ્રકારથી સમજી શકાય છે ? ઉદાહરણ આપીને વિશ્લેષણ કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

(૩) શબ્દોના આધારે અને પૂર્વજ્ઞાનના આધારે અર્થ ગ્રહણની પ્રક્રિયાઓમાં શું ફેર છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

(૪) રવિ એ કહ્યું કે હું દંત ચિકિત્સકના પાસે જઈ રહ્યો છું આ કથનને સાંભળીને આપણા મગજમાં કયા-કયા પ્રશ્નો અને ઉત્તરોના સેટ બનશે ?

.................................................................................

.................................................................................

.................................................................................

નોંધ

## ૪.૨.૨ બોલવું એટલે શું ?

બોલવાનો અર્થ માત્ર ધ્વનિઓ, શબ્દો કે વાક્યોનું ઉચ્ચારણ માત્ર નથી. જે એચિસન પોતાના પુસ્તક આર્ટિકુલેટ મૈમલ્સમાં માણસોની ભાષાઓ સમજીને વિસ્તારમાં વાત કરે છે. તે અનુસાર બોલતી વખતે આપણે અનેક પ્રક્રિયાઓ એક સાથે કરીએ છીએ જેમકે, બોલતા પહેલાં આપણા મગજમાં એ વિચાર આવે છે કે કેવી રીતે વાત કરવી કે સાંભળવાવાળા આપણે કહેલી વાતને સાચા અર્થમાં સમજી શકે સાથે જ બોલતા સમયે આપણે નક્કી કરી લઈએ છીએ કે કોણ કોની સામે આપણે શું કહેવાનું છે કે એક જ વાત જે આપણે આપણા દોસ્તને કહીએ અને એ વાત જ આપણે આપણા દાદાજીને કહીએ તો આપણા બોલવાની રીતમાં અને શબ્દોની પસંદગીમા શું ફરક હશે. જેવી રીતે દાદાજીની સાથે વાત કરતી વખતે તમે આદર્શ સૂચક શબ્દોના પ્રયોગ કરશો બન્ને સ્થિતમાં તમે બોલવાથી પહેલા જ આપણા મગજમાં નક્કી કરી લઈએ છે કે તેમને શું કહેવું છે આખીએ યોજના પહેલથી જ બનાવી લઈએ છીએ. આગળ કયો શબ્દ બોલવાનો છે. તથા હવે પછીનું વાક્ય કયા પ્રકારનું હશે, તે વિશે વિચાર પણ કરી રહ્યા હોઈએ છીએ. આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીએ.

- હું આજે મોડેથી ઘરે જઈશ
- મમ્મી દુ:ખી થશે અને
- મારે ઘરની બહાર રહેવું પડશે.

આ ત્રણેય વાક્યોની બનાવટ સરળ છે. જો વાક્યોને આ રીતે બોલવામાં આવે તો યોગ્ય રીતે સમજમાં આવે છે અને એને બોલવાનું પણ સહેલુ છે. પણ જો આ વાક્યોને એક બીજા પર નિર્ભર કરીએ તો બોલતી વખતે યોજના બનાવાવાળી પ્રક્રિયાને જીણવટથી જોઈ શકશો. જેવી રીતે જો હું આજે મોડા ઘેર ગયો તો મા દુ:ખી થઈ જશે તો મને ઘરની બહાર રહેવુ પડશે અથવા મને કોઈ મારે કોઈક દોસ્તના ઘરે રહેવું પડશે.

ઉપર આપેલા વાક્યોમાં હું તો  જો પર આધારિત છે. આ રીતે અથવા ના સાથેજ એક અને અથવા ના પણ જરૂરી છે. સાથે  જ માના સંદર્ભમાં જશે અને પોતાના સંદર્ભમાં જવુ પડશે હોવુ જરૂરી છે. સ્પષ્ટ છે કે આ પૂરુ વાક્ય એના હૂ-બહૂ ધ્વનિ અને લક્ષણોને સાથે બોલતા પહેલા આપણા મગજમાં બની ચુકેલા હોય છે. અને આ યોજનબધ્ધ ક્રમમાં જ બને છે. (જીન એચિસન દ્વારા દેઆટિકુલેટ મૈમલ્સના અનુવાદ પર આધારિત) આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે આપણે વાતચીત કરતા સમયે યોજના બનાવતા રહેવુ અને બોલતા રહેવુ જરૂરી છે. બોલતા સમયે આ પ્રક્રિયા એટલી તેજ હોય છે કે આપણે એને આભાસ પણ થતો નથી. ઘરેલુ ભાષાના સંદર્ભમાં આ વાત વધારે પ્રાસંગિક  છે પણ બીજી ભાષા શીખવા સમયે આ પ્રક્રિયાઓ વધારે નજીકથી જોઈ શકાય છે.

બોલવા સમયે વિચારો અને ભાવોના અનુકુળ યોગ્ય શબ્દોનો ઉપયોગ તેમજ યોગ્ય વ્યાકરણિય સંરરચના હોવા અત્યંત મહત્વપૂર્ણ હોય છે. વ્યાકરણિય સંરચનાનો અર્થ એ છે કે હિન્દી ભાષામાં વાક્યની રચના કર્તા + કર્મ + ક્રિયાથી થાય છે. બોલતા પહેલા આપણા મગજમાં આ યોજના

બનાવતા સમયે આ સંરચના સારી બને છે. એમા કોઈ ગડબડ ના થઈ શકે.

આ પૂરી પ્રક્રિયામાં હાવ-ભાવ તેમજ વિચારોનું પણ મહત્વપૂર્ણ યોગદાન હોય છે. બોલતા સમયે ધ્વનિના આરોહ અવરોહ, વિરામ તેમજ લય પણ અર્થ બોધમાં મહત્વ ધરાવે છે બોલવામાં વિરામની શું ભૂમિકા છે એને આપણે એક ઉદાહરણ દ્વાર સમજવાની કોશિશ કરીએ જેવી રીતે.

- પકડો નહિ જવા દો

આ વાક્યને બોલતા જો પકડો શબ્દ પછી એક ક્ષણનો વિરામ આપવામાં આવે તો એનો અર્થ થાય છે કે કયાંય જવાની મનાઈ છે નો આદેશ આપવામાં આવી રહ્યો છે પરંતુ જો આ વિરામ પકડો નહી શબ્દ પછી આપવામાં આવે તો વાક્યનો જે અર્થ નીકળે તે પહેલા અર્થથી એકદમ જુદો છે. એટલે બોલતી વખતે વિરામ કયા લેવો તેની સમજ હોવી જરૂરી છે. અને આ સમજ નિરંતર અભ્યાસ થી જ વિકસિત થાય છે સાથે સાથે બોલતી વખતે કોઈ શબ્દ ઉપર ભાર આપવો કે અલગ લયથી બોલવું વાક્યના અર્થને પ્રભાવિત કરે છે. જેવી રીતે,

- આ શાળા છે,

આ વાક્યને બોલતી વખતે જો આપણે અલગ અલગ શબ્દો પર ભાર આપીએ અને અલગ લયની સાથે બોલીએ તો વાક્યનો અર્થ બદલી જાય છે. આ વાક્યોના લય બદલવાથી ત્યારથી વ્યંગ્યાત્મક, પ્રશ્નાત્મક કે વિસ્મયાત્મક વાક્યનો અર્થ થઈ શકે છે. આની સાથે સાથે બોલતી વખતે હાવના પ્રયોગથી અર્થને પ્રભાવિત કરે છે.

**પાઠના પ્રશ્નો**

(૧) હિન્દી ભાષામાં વાક્યોની રચના કેવી હોય છે ?

(A) કર્તા ક્રિયા - કર્મ (B) કર્તા-કર્મ - ક્રિયા

(C) ક્રિયા-કર્મ - કર્તા (D) કઈપણ ના કહી શકીયે

(૨) આપણા ભાવ વિચાર સ્પષ્ટ કરવા માટે બોલતી વખતે આપણે કઈ-કઈ વસ્તુનો સહારો લઈએ છીએ ?

..........................................................................

..........................................................................

..........................................................................

નોંધ

(૩) આપણી આસપાસ ૩-૪ વર્ષના બાળકો દ્વારા બોલાયેલા ૧૦ વાક્યોને લખો અને વિશ્લેષણ કરીને સ્પષ્ટ કરો ભાષાના કયા નિયમની દૃષ્ટિથી એ બાળક શું-શું જાણે છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૪) કોઈ હિન્દી ભાષી વ્યક્તિ દ્વારા બોલાયેલા પાંચ વાક્યની સુચિ બનાવો. વાક્યોના વિશ્લેષણ કરીને બતાવો કે તેને હિન્દી બોલવામાં કયા કયા મુશ્કેલી પડે છે.

..............................................................................

..............................................................................

..............................................................................

## ૪.૩ વર્ગખંડમાં વાચચીતની જરૂરીયાત

બોલવું અને સાંભળવું ભાષા શીખવાનું પ્રથમ ચરણ છે. આ વાતચીતના રૂપમાં સીધે-સીધું જોવા મળે છે કારણ કે વાતચીતના ઉપરાંત સાંભળવું અને બોલવું બંને પ્રક્રિયાઓ એક સાથે ચાલે છે.

મોટે ભાગે વર્ગખંડમાં જોવા મળે છે શિક્ષક બોલે છે અને બાળકો સાંભળે છે અથવા શિક્ષક પ્રશ્ન પૂછે છે અને બાળકો કેવળ તેનો ઉત્તર આપે છે પરંતુ આપણે તેને વાતચીત નથી કહેતા કારણ કે વાતચીત એટલે જેમાં બાળકો એકબીજા સાથે વાતચીત કરે છે. અથવા શિક્ષકના આગળ કોઈ દબાણ વગર પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. શિક્ષક વિચારે છે કે વાતચીત કરતી વખતે વર્ગમાં શાંતિભંગ થાય છે અને શીખવામાં મુશ્કેલી પડે છે. વાતચીત પ્રત્યે શિક્ષકોની આવી વિચાર સરણીને કારણે આજ સુધી આપણે બાળકને શીખવવાની પ્રક્રિયામાં વાતચીતના મહત્વને નથી સમજી શક્યા.

પ્રાથમિક સ્તર પર બાળકો પોતાના ઘરની ભાષામાં સરળતાથી વાતચીત કરી અને સમજી શકે છે. કારણ કે તે અત્યાર સુધી તેનો ઉપયોગ કરતા આવ્યા છે અને શાળામાં આવતા જ તેઓનો નવી ભાષાથી સામનો થાય છે. સમસ્યાના ત્યારે આવે છે તેમને શાળાની ભાષા શીખવામાં અને પ્રયોગ કરવા માટે બંધન કરવામાં આવે છે. વાસ્તવમાં વર્ગમાં બન્ને ભાષાઓને યોગ્ય સ્થાન આપવાની જરૂર છે અને તેમની વચ્ચેની જગ્યાને ઓછી કરવી એકમાત્ર યોગ્ય રીત છે. બાળકોને વધારેમાં વધારે વાતચીતની તક આપવામાં આવે. આ પ્રારંભિક અવસ્થામાં બાળકોની ભાષાને આજ રૂપમાં અપનાવી જોઈએ જેથી કરીને પરિચિત વાતાવરણ પ્રતિ સંમ્માન અને આત્મ વિશ્વાસ પ્રાપ્ત કરી શકે. આ પ્રોત્સાહન નવી ભાષાને શીખવા બાળકનો ઉત્સાહને વધારવા મદદરૂપ થઈ શકે છે. બાળકો કયારેય પણ ઉદ્દેશ્ય વગર વાતચીત નથી કરતા. આ વાતને બે બાળકની વચ્ચે થઈ રહેલા સ્વાભાવિક સંવાદ ગણી સમજી શકાય છે.

નોંધ




અહી શીખવાની કેટલીક શક્યતાઓ વાતચીતના માધ્યમથી ઉપલબ્ધ બને છે. આવો, તેનું વિશ્લેષણ કરીને જાઈએ. જેવી રીતે અહીયા છોકરાની વાત સાંભળીને છોકરીને ફરીથી આ વાતને યાદ કરવાની તક મળે છે કે બહેન પહેલા પણ વીંટી પહેરતા હતા સાથે જ બાળક નવી જુની અને જાડી- પાતળીનો પણ ભેદ કરી શકે છે.

વાતચીતના આ ઉપયોગથી સચેત થવુ જરૂરી છે કે બાળકોની વાત સાંભળાવાની આદત વડીલોને નથી કોઈપણ સામાન્ય વાતચીતમાં મસ્ત બાળકો અનાયાસે અવલોકન, તુલનાની સાથે-સાથે કેટલીકવાર કલ્પના તેમજ ભવિષ્યવાણી પણ કરે છે. સાથે સાથે પોતાના તર્કને મજબૂત કરતા જોવા મળે છે. આપણે વાતચીતમાં બાળકોની શીખવાની શક્યતાઓને ઓળખવી જોઈએ.

**પાઠના પ્રશ્નો**

(૧) વાતચીતનાદરમિયાન કઈ કઈ બે પ્રક્રિયાઓ સાથે-સાથે ચાલતી હોય છે ?

(A) સાંભળવુ તેમજ જોવું (B) ભણવુ તેમજ સાંભળવું

(C) સાંભળવું તેમજ બોલવુ (D) સાંભળવું તેમજ હસવું

(૨) વર્ગમાં બાળકોની વાતચીત માટે શિક્ષક શું વિચારે છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

નોંધ

(૩) બાળકોને વાતચીતના પર્યાપ્ત તક મળે એના માટ શિક્ષકની કયા પ્રકારની ભૂમિકા અપેક્ષિત છે.

........................................................................

........................................................................

........................................................................

(૪) આપણી આસપાના કોઈપણ ૩ થી ૬ વર્ષના બાળકોની વાતચીતનું અવલોકન કરો અને આપના અનુભવ લખો તેમજ વિશ્લેષણ કરો કે એમની વાતચીતમાં ઉપર આપેલી ક્રિયાઓમાંથી કઈ કઈ ક્રિયા સામેલ છે ?

........................................................................

........................................................................

........................................................................

## ૪.૪. વર્ગખંડમાં સાંભળવા અને બોલવાની તક કેવી રીતે ઉપલબ્ધ કરાવવી.

ઉનાળાની રજાઓ પછીં શાળા ચાલુ થઈ ગઈ હતી વરસાદ પડી જવાથી આસપાસના ખાડાઓમાં પાણી ભરાઈ ગયું હતું. શાળામાં અભ્યાસ શરૂ થઈ ગયો હતો. એક વર્ગમાં શિક્ષક ભણાવતાં હતા વર્ગમાં પાછળ બેઠેલા બે બાળકો એક બીજા સાથે વાતો કરી રહ્યા હતા. અચાનક શિક્ષકનું ધ્યાન એ બન્ને પર પડ્યું શિક્ષક બાળકો પાસે ગયા અને પ્રેમથી પૂછયુ ભાઈ શું વાત છે અમને પણ બતાવો શું વાતો કરી રહ્યા છો ? અને કોઈ મજેદાર વાત હોય તો તમારા બીજા મિત્રોને પણ કહો.

વર્ગમાં બન્ને બાળકો થોડા સમય સુધી ગભરાઈ ગયા એ ચૂપ રહયા ફરીથી શિક્ષકે કહ્યું ગભરાવ નહી, તમે શું વાત કરી રહ્યા હતા ?

એમાંથી એક બાળક હિમંત કરીને બોલ્યો કે છને અમે ઘરેથી આવી રહ્યા હતા ત્યારે ખાડમાં દેડકા જોર જોરથી બોલી રહ્યા હતા.

શિક્ષકે હિંમત વધારતા કહ્યું - સારૂ પછી શું થાય ?

બાળકો : દેડકા, ખાડાના કિનારા ઉપર કૂદતાં હતાં. દેડકા મોટા-મોટા હતા.


શિક્ષક : તો પછી શું થયું ?

બાળકો : પછી અમે પાસે ગયા તો તે પાણીમાં છુપાઈ ગયા.

તે બંને બાળકોનો વિશ્વાસ વધી ગયો હતો. એને વિશ્વાસ હતો કે જે તે વાત કરી રહ્યા છે તેનાથી તેને વઢ પડવાની નથી . પણ તેઓ જે વાતો કરી રહ્યા છે તેનાથી એમને શાબાસી મળી રહી છે.

બે માંથી એક બાળકે શિક્ષકે પૂછ્યું દેડકા વરસાદ પછી કયાં ચાલ્યા જાય છે.

શિક્ષક જે ભણાવી રહ્યા હતા તેને છોડીને બાળકોની વાતને આગળ વધારી બધાને પુછ્યું તમે દેડકા જોયા છે. આ વર્ગમાં એકપણ બાળક એવું ન હતું કે જેણે દેડકા ન જોયા હોય શિક્ષકના આ પ્રશ્ન પર આખા વર્ગમાં 'હા' નો અવાજ ગૂંજી રહ્યો.





હવે તો દરેક બાળક દેડકા વિશે કઈને કઈ કહેવા ઉતાવળા થઈ રહ્યા હતા.

એક બાળક બોલ્યું  દેડકા વરસાદમાં ટર્ર ટર્ર કરે છે.

એક બાળકે કહ્યું મારા ઘરની પછવાડે ખોદકામ થઈ રહ્યું છે તો અંદરથી દેડકા નિકળ્યા હતા.

એક બાળકે કહુ કે એને દેડકાને કીડા ખાતા જોયા છે.

વર્ગનો માહોલ દેડકામય થઈ ગયો. થોડાક બાળકો દેડકાની જેમ ટર્ર-ટર્ર કરી રહ્યા છે થોડાક દેડકાની જેમ કૂદકા મારતા હતા.

શિક્ષક બાળકોની વાતો અને ક્રિયાઓને ધ્યાનથી સાંભળી અને જોઈ રહ્યા હતા. શિક્ષક વચ્ચે-વચ્ચે બાળકોને ચુપ કરતા હતા.

શિક્ષકે બધા બાળકોને કહ્યું જુઓ, હવે દેડકાને ધ્યાનથી જુઓ અને વિચારો વરસાદ પછી દેડકાઓ ક્યાં ચાલ્યા જાય છે.

અંતમાં શિક્ષકે બાળકોને દેડકા વિશે પાંચ વાક્ય લખી લાવવા કહ્યું.

દેડકા વિશે થયેલી વાતચીતમાં શિક્ષકે સહજ રીતે દેડકાના રહેઠાણ, ખાન-પાન, રંગ-રૂપ, આકાર, સ્વભાવ વિશે વાતચીતથી શિક્ષણને જોડ્યું. શાળામાં શિક્ષક દ્વારા બાળકોને આ રીતે વાતચીતની તક આપવાથી બાળકો  ધીરે-ધીરે પોતાના અનુભવોને જોડી ભાવો અને વિચારોને પ્રકટ કરવા સમર્થ થઈ જશે. સાથે જુદા જુદા વિષયોમાં રહેલા જ્ઞાનની ઊંડાઈને સમજી શકશે આવી તક આપવા માટે શિક્ષકોને વધારે દૂર જવાની જરૂર નથી શાળાના વાતાવરણમાં કે આસ-પાસની જગ્યા બગીચો, ખેતર, નદી નાળા, ફૂલ,પતંગિયાં, સડક, માટી, ફાટક, પક્ષીના માળા વગેરેમાં આ તમામ ચીજોને સહેલાઈથી શોધી શકાય છે. જેનુ નજીકથી અવલોકન કરી બાળકોની સાથે વાતચીત કરી શકાય છે.

અહીં શિક્ષકે બાળકોને પોતાની વાતને રજુ કરવા માટે  તક પુરી પાડી સાથે-સાથે બોલવા માટે પ્રોત્સાહિત પણ કર્યા છે. જો શિક્ષક બાળકોને બોલવા માટે પ્રોત્સાહિત ન કરત તો વર્ગમાં આવી સુંદર વાતચીત ન શકી હોત. આ રીતે બાળકોને જીવનના અનુભવોને સાથે જોડવાથી શિક્ષણ સહજ અને સ્વાભાવિક બની જાય છે.

**પાઠના પ્રશ્નો**

(૧) બાળકોને વાતચીતની તક આપવાથી ક્યા ક્યા ફાયદા થાય છે ?

(ક) તે પોતાના અનુભવો અથવા વિચારોને પ્રકટ કરવામાં સક્ષમ બને છે.

(ખ) શબ્દ શીખે છે

(ગ) તર્કબધ કરી શકે છે

(ઈ) વાંચવાનું શીખે છે

(૨) શિક્ષકને માટે બાળકોને બોલવા માટેની તક આપવી કેમ જરૂરી છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

(૩) વર્ગખંડમાં બાળકોની વાતચીતને શીખવા - શીખવાડવાના માધ્યમ કેવી રીતે બનવશો ? એક ઉદાહરણ આપી આ વાતને સ્પષ્ટ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

(૪) તમારા મત અનુસાર શિક્ષણમાં વર્ગખંડનું વાતાવરણ કેવું હોવું જોઈએ ?

..........................................................................

..........................................................................

..........................................................................

## ૪.૪.૧ કવિતા / બાળગીત સંભળાવવું અને ગાવુ

ગોળ-ગોળ પાણી
મમ્મી મારી રાની
પપ્પા મારા રાજા
ફળ ખાઓ તાજા

પોશમ્પા ભાઈ પોશમ્પા
ડાકુઓએ શું કર્યુ
સો રૂપિયાની ઘડીયાળ ચોરી
હવે તો જેલમાં જાવુ પડશે
સુકી રોટલી ખાવી પડશે
ઠંડુ પાણી પીવુ પડશે

લીલો સમુદ્ર ગોપી ચન્દર
બોલ મારી માછલી કેટલુ પાણી
આટલુ પાણી આટલુ પાણી

આપણે હંમેશા બાળકોને શેરી-મહોલ્લામાં પોતાના મિત્રોની સાથે કે એકલા આવા કોઈ નાના-નાના બાળગીત ગાતા જોઈએ છે. આ ગીત ગાતા સમયે નથી ખોટુ ગાવાનો કે કોઈના ટોકવાનો ભય રહેતો નથી. દરેક બાળકને કવિતા, ગીત, લય અને શબ્દાવલી આકર્ષિત કરે છે. કેટલીકવાર તો તે ગીતોના શબ્દોને ખેચીતાણીને ઉંધા ચત્તા પ્રયોગ પણ કરે છે અને આવું કરવામાં એમને બહુ જ મજા આવે છે. શબ્દોની રમત, બાળકોની કલ્પના શક્તિ અને ઉર્જાને બહાર લાવવામાં અદભૂત ભૂમિકા નિભાવે છે. આ કવિતા એનુ એક ઉદાહરણ રજૂ કરે છે.

ઘર પાછળ તળાવ

ઘાસનું બિછાણું

પીપળાનો છે છાંયડો

છાંયડા નીચે બેઠી ગાય.

આવા ગીત-ગાતી વખતે બાળકો કેટલીવાર પોતાની મરજીથી કેટલાક શબ્દોને જોડે તોડે છે. છતાં પણ કવિતાનો લય તૂટતો નથી જેવી રીતે એક ચાર વર્ષના બાળકે નીચેની કવિતામાં તેમના શબ્દોને જોડીને ગાયું છે.

ઘરની પાછળ ગાય

મારી સાથે ભાઈ

પાછળ બેઠી મા

ભાઈ મારો રડ્યો

રાતે નહી ઊઘ્યો.

કવિતા પોતાની જાતે અભિવ્યક્તિ અને જીવન સાથે જોડવાનું એક સશક્ત માધ્યમ છે. નિયમિત રૂપે કવિતાઓ કે ગીત સાંભળીને બાળકો ભાષાની બુનિયાદી સંરચનાઓ ગ્રહણ કરી લે છે. જેવી રીતે કવિતામાં આવેલા નવા શબ્દોના અર્થ પકડી લે છે, કવિતાનો લય બનાવી કે બગાડીને પદ બધ્ધ પણ કરી લે છે. સાથે સાથે કવિતા બાળકોને પોતાના અનુભવોથી પણ જોડે છે. જો એક જ કવિતાને બે અલગ-અલગ બાળકો દ્વારા પઠન કરાવવામાં આવશે તો બંને બાળકો કવિતાનો અર્થ પોત પોતાના અનુભવોને જોડીને સમજશે.

શિક્ષકોને માટે આ વિચાર માંગી લે તેવી વાત છે તે વર્ગમાં કવિતાની સાથે કઈ રીતે કામ કરી શકાય જેનાથી બાળકોમાં કલ્પનાશીલતાનો વિકાસ થાય તેમજ પોતાની ભાવનાઓ અને અનુભવોનો કવિતા દ્વારા અભિવ્યક્ત કરી શકે.

**પાઠના પ્રશ્નો**

૧. નિયમિત રીતે કવિતાઓ તથા ગીત સાંભળીને બાળકો શું ગ્રહણ કરે છે.

(ક) શબ્દ (બ) ધ્વનિ (ગ) લય (ઘ) ભાષાની બુનિયાદી સંરચના

નોંધ

જો વૃક્ષ ચાલતા હોત

જો વૃક્ષ ચાલતા હોત તો
કેટલી મજા હોત
તનથી બાંધત તેને દોરી





જો કોઈ તાપ હેરાન કરે તો
એની નીચે સંતાઈ જાત
જ્યારે પણ વરસાદ આવત



ભૂખ હેરાન કરત અચાનક
ફળ તોડીને એના ખાત
આવે રસ્તે કીચડ પૂર તો
એના ઉપર ચઢી જાત

૨. 'જો વૃક્ષ ચાલતા હોત' કવિતા ધોરણ પાંચના બાળકોની પાસે પઠન કરાવીને પાદપૂર્તિ કરવાનું કહો. બાળકો દ્વારા જોડવામાં આવેલી પંક્તિઓ પર ચર્ચા કરો અને આ પંક્તિઓ કેમ લખી તે વિશે વાર્તાલાપ કરો ?

.....................................................................

.....................................................................

.....................................................................

૩. આ કવિતા બાળકોને ભાષા શીખવામાં કઈ કઈ તક આપે છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

## ૪.૪.૨ ચિત્રો પર ચર્ચા કરવી

ચિત્ર એક એવુ માધ્યમ છે કે જેના દ્વારા આપણે પહેલા ધોરણથી લઈને આઠમાં ધોરણ સુધીના બાળકો સાથે વાતચીત તેમજ ચર્ચાની બહુ જ સારી સંભાવનાઓ ઉભી કરી શકાય છે. નાના વર્ગમાં તો બાળકોને ચિત્રોમાં બહુ જ રસ હોય છે એમને ચિત્રો જોવામાં અને બનાવવામાં મજા આવે છે કોઈ

નોંધ

પુસ્તકમાંનું ચિત્ર સૌથી પહેલા બાળકનું ધ્યાન આકર્ષિત કરે છે તેની સાથે ચિત્રો પર સ્વભાવિક વાતચીત કરવી સહેલી થઈ પડે છે. બાળકો ચિત્રોનું ઝીણવટથી અવલોકન પણ કરે છે તથા તેના પર ખૂબ સારી વા



ધોરણ-૩ ના બાળકોની સાથે જ્યારે આ ચિત્ર પર વાતચીત કરવામાં આવી તો બાળકો એમાં બતાવેલી ચીજોના નામ જણાવતાની સાથે-સાથે તેમના અનુભવોના અવલોકન સાથે જોડીને તર્ક કરી શકતા હતા. પણ દરેક બાળકનું અલગ અલગ દૃષ્ટી હતી. તેના થોડા ઉદાહરણ નીચે પ્રમાણે છે.

(i) માણસ ગાય લઈ જઈ રહ્યો છે. એક માણસ બળદ બાંધી રહ્યો છે. એક છોકરો ઝૂંપડીમાં જઈ રહ્યો છે.

(ii) એક છોકરી ઝાડ પર ચઢી રહી છે. એક છોકરાએ તેને રોકી કે ઝાડ બહુ મોટું છે. તું પડી જઈશ / છોકરી ઝાડ પર હીંચકી રહી છે / ઝાડ હલી રહ્યું છે. / પહાડ પર ખુબ ઝાડ ઉગ્યા છે.

(iii) સવારે સૂરજ ઊગી રહ્યો છે. સવારે પક્ષી ઊડી રહ્યા છે. સૂર્ય ઉગીને બહાર આવી ગયો છે.

(iv) સ્ત્રી ઘરે જઈ રહી છે / સ્ત્રી પાણી લઈ જઈ રહી છે.

(iv) બે બગલા ઊડી રહ્યા છે.

ઉપર આપેલ વાક્ય એ વાતનો ઈશારો કરે છે કે બાળકો એક ચિત્ર પર કેટલીય રીતથી વાતચીત કરે છે. ચિત્રો પર કરેલી વાતચીત બાળકોની સર્જનાત્મકતા અને વિશ્લેષણક્ષમતામાં વધારો કરે છે. ભલે તે ચિત્ર છાપામાં છપાયેલું હોય કે જાહેરાત હોય કોઈ ટિકટ હોય કે કેલેન્ડરના પાછળ છપાયુ હોય. આ બધા ચિત્ર ઉચ્ચ પ્રાથમિક સ્તર પર અલગ-અલગ રીતે વાતચીત માટે ઉપયોગમાં લઈ શકાય છે.

વર્ગખંડના બાળકોની વચ્ચે બેસીને કાંઈ ફોટાને આરામથી જોવાની તક અને પોતાની વાત કહેવા માટે સેવતંત્રતા આપવી તે બાળકના વિકાસ માટે ખુબ ઉપયોગી બને છે. ફોટાની જે વસ્તુ પર

નોંધ

તરફ બાળકનું ધ્યાનનથી પડ્યું તે વસ્તુ પર શિક્ષક પ્રશ્ન પુછીને બાળકના ધ્યાન પર લાવી શકે છે. આ પ્રકારે બાળકના જીણવટથી અવલોકન કરવાની ક્ષમતાનો વિકાસ કરી શકાય છે.   ફોટી પર વાતચિત કરતી વખતે શિક્ષકના સવાલ પર બાળકોને પોતાના કૌશલને વિકસિત કરવાની ભરપુર તક પુરી પાડે છે. શિક્ષક દ્વારા પુછાયેલા પ્રશ્નો એવા હોવા જોઈએ કે બાળક વસ્તુને શોધી તર્ક કરી કલ્પના કરી ભવિષ્યવાણી કરીને વસ્તુ અને ઘટનાઓને પોતાના અનુભવો સાથે જોડવા પ્રેરીત કરે. જેવી રીતે ઉપર્યુક્ત ચિત્ર પર બાળકોને પુછવામાં આવેલા આ પ્રશ્નો વતચીતને આગળ વધારવાનું ઉદાહરણ પુરુ પાડે છે.

– ઝાડની નીચે શું-શું રાખ્યુ છે (શોધો)

– કુવાની પાસે ઉભેલી છોકરી કેમ રડી રહી છે ? (વિચારો)

– પનઘટ પર ઉભેલી સ્ત્રીઓ શુ વાત કરી રહી હશે (કલ્પના કરો)

– સ્ત્રીઓ ઘરે જઈને શું કરશે (ભવિષ્યવાણી કરો)

– શું તમે ક્યારેય ગામડામાં ગયા છો જો હા તો તમે ત્યા શું-શું જોયુ (સબંધ બનાવો)

**પાઠના પ્રશ્નો**

(૧) ચિત્ર બતાવાને બાળકોને આ સવાલ પૂછી જુઓ કે ઝાડની નીચે શું-શું મૂક્યુ છે ? એમા કઈ તક રહેલી છે.

(ક) તર્ક કરવો   (ખ) શોધવું

(ગ) કલ્પના કરવી   (ઘ) સંબંધ બનાવવો



(૨) આ ચિત્ર પર બાળકોની સાથે શું-શું વાતચીત કરી શકાય છે. એના માટે પ્રશ્ન બનાવો અને ધોરણ-૩ના બાળકોની સાથે અભ્યાસ કરો અને તેમના અનુભવો લખો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

## ૪.૪.૩ વાર્તા સાંભળવી અને સંભળાવવી

વાર્તા સાંભળવી અનેસંભળાવવી પ્રાથમિક ધોરણના બાળકોને ભાષા શીખવામાં બહુ જ મદદ કરે છે. વાર્તા સાંભળવી બાળકો માટે રૂચિકર હોવાની સાથે સાથે એની સર્જનાત્મકતાને પણ વધારનાર છે. કેટલીકવાર બાળકો સાંભળેલી વાર્તામાં ઈચ્છિત બદલાવ કરીને પોતાના મિત્રોને સંભળાવે છે. તેના દ્વારા બાળકોને શબ્દોના અર્થજ નહી પણ ઘટના પણ સમજાવા લાગે છે અને સાથે જ આ બાળકોની કલ્પનાશીલતાને વધારે છે. વાર્તાની એક મહત્વની ભૂમિકા એ છે કે બાળકોને અનુમાન કરવાની ક્ષમતામાં વધારો કરે છે. જ્યારે બાળકો વાર્તા સાંભળી રહ્યા હોય છે ત્યારે તેમની જીજ્ઞાસા ઉતરોતર વધતી રહે છે કે હવે શું થશે તે પોતાનું અનુમાન કરે છે જો વાર્તા તેના વિચાર મુજબ આગળ વધે તો તેમનામાં આત્મવિશ્વાસ વધવા લાગે છે અને સમયની સાથે સાથે તેમની અનુમાન શક્તિ વધારે મજબુત બનતી જાય છે. સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે વાર્તા તેમને ભાવી જીવન માટે તૈયાર કરવામાં મદદગાર થાય છે. જેવી રીતે સસલું સિંહવાળી વાર્તા બાળકાને જીવનમાં આવનારી મુશ્કેલીઓનો સામનો કરવા માટે માનસિક રૂપથી તૈયાર કરે છે. વાર્તાઓ સંભળાવતા સમયે આપણે આપણા જીવનના અનુભવોને પણ તેમા સામેલ કરવા જોઈએ. કેટલીકવાર સંભળાવનારને કોઈક વાત વધારે મહત્વપૂર્ણ લાગે છે તો તે ભાગને વધારીને સંભળાવે છે.આવુ કરતી વખતે જીવનની ઘટનાઓ, ચરિત્રો વગેરેને મુકીને સાંભળવાવાળાનું ધ્યાન આકર્ષિત કરવું મુખ્ય ઉદ્દેશ્ય હોય છે. સાથે સાથે સંભળાવવાવાળાની રીત અને હાવભાવ તેની રુચી પર પ્રભાવ પાડે છે. જ્યારે વાર્તામાં નવા શબ્દોનો ઉપયોગ થાય છે. ત્યારે બાળક હાવભાવ સાથે સાંભળેલ શબ્દોના અર્થનું અનુમાન કરી શકે છે. આ બાળકના શબ્દકોષ સાંભળવા, સમજવા અને અનુમાન કરવાની ક્ષમતામાં વધારો કરે છે.

વાર્તા સંભળાવીને તેના પર ચર્ચા કરવી થોડી મુશ્કેલ કામ છે. પરંતુ જો શિક્ષકની તૈયારી હશે કે ચર્ચાનો ઉદ્દેશ્ય શું છે તો આ કામ આસાન સાધન બની શકે છે મોટેભાગે શિક્ષકોને લાગે છે કે વાર્તા સંભળાવવાથી શું શિક્ષણ મળે છે આ પ્રશ્ન પૂછવો તેમનો અધિકાર છે. જ્યારે બાળકોની સાથે સાર્થક સંવાદની શરૂઆત માટે આ પ્રશ્ન બિલકુલ યોગ્ય નથી.

બાળકોને વાર્તા સંભળાવવી જેટલી જરૂરી છે તેટલી જ જરૂરી છે તેમના પાસેથી વાર્તા સાંભળવી તેનાથી બાળકોમા પોતાને અભિવ્યક્ત કરવાની ક્ષમતાનો વિકાસ થાય છે. શિક્ષક દ્વારા સંભળાવાયેલી વાર્તાને પુનરાવર્તિત કરવાને બદલે બાળકોને તેમની મરજીની વાર્તા સાંભળવી વધારે ફાયદાકારક હોય છે. વાર્તાના વ્યક્તિત્વ કે ચરિત્રના વિષયમા પ્રતિક્રિયા આપતા સમયે તે પોતાના અનુભવોને પણ તેમાં સામેલ કરે છે. પ્રત્યેક બાળકને વર્ગમાં એ વાતની સ્વતંત્રતા આપવી જોઈએ કે તે વાર્તાના વિષયમાં કોઈપણ રીતે વાત કરે. તેને કલ્પનાથી વધારી કરી બતાવે.

**પાઠના પ્રશ્નો**

(૧) બાળકોને કહાની સંભળાવવાની સાથે સાથે શું જરૂરી છે ?

(૧) વાર્તા ભણાવવી (૨) વાર્તા યાદ રખાવવી

(૩) રૂબરૂ જ વાર્તા કહેવાડાવી (૪) વાર્તા સાંભળવી

નોંધ

(૨) ધોરણ-૧ અને ૨માં બાળકોની સાથે વાત કરતા પૂછો કે તેમને કઈ વાર્તા સાંભળવી ગમે છે ? બાળક જે નામ બતાવે તેને બોર્ડ પર લખતા જાઓ. પછી એ જ નામનો ઉપયોગ કરીને બાળકોને વાર્તા બનાવવાનું કહો.

.................................................................

.................................................................

.................................................................

(૩) વાર્તા બનાવતા સમયે દરેક બાળક એક-એક વાક્ય બોલતા જાય અને એ વાક્યોને બોર્ડ પર લખતા જાઓ. એમને આ અનુભવ વિશે નીચેના મુદ્દાઓ અનુસાર લખો.

(i) તે કયા-કયા શબ્દ હતા જેના પર વાર્તાઓ બનાવી ?

(ii) બાળકો દ્વારા બનાવેલ વાર્તા કઈ હતી ?

(iii) આ પ્રવૃત્તિ દરમિયાન તમારી ભૂમિકા શી હતી ?

(iv) આ પ્રવૃતિ કરતી વખતે તમે કઈ-કઈ સમસ્યાઓનો સામનો કર્યો ?

## ૪.૪.૪ નાટક દ્વારા ભાષાનો વિકાસ

બાળકો માટે નાટક કોઈ નવી વસ્તુ નથી. આપણે હંમેશા બાળકોને કાર્ટૂન અથવા ફિલ્મના પાત્રોની નકલ, પોતાના મમ્મી-પપ્પા, ઢીંગલીના લગ્ન, શાળા-શાળા વગેરે રમત રમતા જોઈએ છીએ. આ રીતથી બાળકો રમત-રમતમાં કોઈ ની પણ નકલ ઉતારવી, કોઈની વસ્તુને વધારી-વધારીને બતાવવી, બહાનુ બનાવવું જેવા ઘણા નાટકો કરતા રહે છે. દરેક બાળકોમાં એક નાટકીય કૌશલ્ય હોય છે. પરંતુ તેને વર્ગમાં આ કૌશલ્યનો પ્રયોગ કરવાનો અવસર નહિ મળતો. એમનું કારણ આ પણ છે કે નાટક અભિનય જેવી ચાલતી પ્રવૃત્તિને શાળાઓમાં વાર્ષિક ઉત્સવ અથવા કોઈ વિશેષ અતિથિના સામે પ્રદર્શન કરવામાં આવે છે. આ સ્થિતિમાં પણ શિક્ષકો દ્વારા સંવાદ લખાયેલા હોય છે. તથા પ્રદર્શનના સમયે બાળકોમાં હંમેશા ભૂલ થઈ જવાનો ડર રહે છે.

અભિનયને રોજબરોજની વર્ગમાં ચાલતી પ્રવૃત્તિના રૂપમાં વાપરવામાં બહુ અલગ છે. એક ભાષાની ચાતલી પ્રવૃત્તિના રૂપમાં નાટકમાં બે વાર્તાનો સમાવેશ કરવો જરૂરી છે- આઝાદી અને આનંદ. નાટકને વર્ગમાં ભજવવા માટે શિક્ષકો બાળકોને કોઈ વિશેષ તૈયારીની જરૂર હોતી નથી. ફક્ત શિક્ષકોને એટલું કરવુ પડે છે કે તે બાળકોને સ્વાભાવિક રૂપથી પોતાના અનુભવોની વાત કરવા માટે પ્રોત્સાહિત કરે. પ્રાથમિક સ્તર પર તો અભિનય માટે કોઈ પણ એવી ઘટના, વાર્તા અથવા કાર્ટૂનને લેવામાં આવે છે જે બાકળો પોતાની આજુ-બાજુ જોવે છે. જેમ કોઈ પ્રાણી, અમેની ચાલ, એમનો રંગ-રૂપ વગેરે.ઉચ્ચ પ્રાથમિક સ્તર પર શિક્ષકો બાળકોને આ વાત માટે પ્રેરિત કરે છે કે નાના-નાના સમૂહમાં પોતે જ નાટકનો વિષય પસંદ કરે, પોતે જ એમનો સંવાદ લખે અને અભિનય કરે છે. સાથે જ બાળકોને પારપંરિક રમતો અને લોક વાર્તાઓના અભિનય કરવા માટે ઉત્સાહિત કરવું જોઈએ, જેમાં તેમનામાં સર્જનાત્મકતાના વિકાસના સાથે-સાથે પોતાના સાંસ્કૃતિક વાતાવરણથી પણ આત્મીયતા વધે.

## ૪.૪.૫ સહશૈક્ષણિક ચાલતી પ્રવૃત્તિઓ

વર્ગમાં બાળકોને સાંભળવાનો-બોલવાની તક આપવા માટે કંઈક અન્ય પ્રવૃત્તિ પણ કરાવી શકાય છે. જો બાળકોને પોતાનો સાચો વિચાર કરી પોતાના શબ્દોમાં પ્રસ્તુત કરવાની તક મળે. જેમ કે આશુભાષણ જેમાં બાળકોને આપેલા વિષય પર તત્કાલ પોતાના વિચાર પ્રસ્તુત કરવાના હોય છે આને રસધાર બનાવવા માટે એવા મનોરંજક વિષય રાખી શકાય છે જેમાં બાળકો આનંદ લેતા બોલીને તે સાંભળી શકે જેમ કે જો મને અલાદીનનો ચિરાગ મળી જાય. જો હું જાદુગર હોય તો, જો હું જોકર હોત વગેરે. બીજી પ્રવૃત્તિઓ છે. વાદ-વિવાદ જેમાં બાળકોને કોઈ વિષય કે પક્ષમાં કે વિપક્ષમાં પોતાના વિચાર પ્રસ્તુત કરવાના હોય અને વિપક્ષ વિચારોના સામે એવો મજબૂત તર્ક રાજખવાનો હોય જેમા વ્યકતા પોતાની વાત વધારે શ્રોતાઓને પ્રભાવિત કરે એને સહમત કરી શકે. જેમકે ઉદ્યોગો વરદાન કે અભિશાપ ફાસ્ટ ફુડ બનાવવા સ્વાસ્થ્ય, આવી અનેક પ્રવૃત્તિઓ બધા ધોરણના બાળકો સાથે કરી શકાય એમના દ્વારા બાળકોને એવા અવસરો આપી શકાય છે. જેના લીધે તે વિચારોને બોલવામાં સંબંધ બનાવી શકે છે, એમને વ્યવસ્થિત ક્રમમાં ગોઠવી શકે છે અને તર્કના સાથે પોતાનું અનુભવને જોડતા પ્રભાવીત વ્યક્તા અને કુશળ શ્રોતા બને છે.

એના લીધે શિક્ષક શરૂઆતથી જ બાળકોમાં ધૈર્યપૂર્વક સાંભવા અને બીજાના વિચારોનું સમ્માન કરવાની આદત વિકસિત કરવી જોઈએ.

**પાઠના પ્રશ્નો**

(૧) બાળકોને દ્વારા રમત-રમતમાં કોઈની નકલ ઉતારવા કોઈની વસ્તુને વધારી-ચઢાવીને કેહવી બહાના બનાવીને આ દર્શાવે છે કે બાળકોમાં અમુક કૌશલ્ય છે.

(ક) બોલવાનું કૌશલ્ય　　(ખ) વાતચીત કરવાનું કૌશલ્ય

(ગ) યાદ કરવાનું કૌશલ્ય　　(ઘ) નાટકીય કૌશલ્ય

(૨) કોઈ રસપ્રદ વિષયને પસંદ કરીને ધોરણ સાતમાં આશુભાષણ કરીને અને પોતાના અનુભવો લખો.

.......................................................................

.......................................................................

.......................................................................

## ૪.૫ શુદ્ધતા અથવા ધારા પ્રવાહિતા

ભાષાના પ્રવીણતામાં શુદ્ધતા અને ધારા પ્રવાહિતા બે તત્વનો ઉમેરવામાં આવે છે. બાળકોને ભાષા શીખવામાં આની શું ભૂમિકા છે અને શિક્ષક હોવાના નાતે બાળકોને ભાષા શીખવાડતા સમયે એના પર ધ્યાન આપવું વધારે મહત્વપૂર્ણ છે ? આ વાતો પર વિચાર કરવો જરૂરી છે. તે ક્ષમતા જેમાં શીખવા માટેનું સાચું વ્યાકરણ તેમજ શબ્દવલીનો ઉપયોગ કરતાં વાક્યનો સાચો-સાચો ઉચ્ચારણ કરે છ તેને શુદ્ધતા કહેવાય છે. પ્રાથમિક સ્તરના બાળકોની શુદ્ધતાનું સ્તર કોઈક વયસ્કની શુદ્ધતાના

![pencil icon] 

નોંધ

## સાંભળવુ તેમજ બોલવું

સ્તરથી જુદુ હોય છે જેવા કે ત્રીજા અંકમાં આપણે ભણી ચૂક્યા છીએ કે બાળકો શીખે છે બાળકો આ ભુલો કરતા ભાષા શીખે છે. બાળકોની આ ભુલો તેના શીખવા માટે સહાયક થાય છે. સાથે જ તે જ ભુલો કરતા પણ ભાષાના નિયમોનું પાલન કરે છે. જેમકે એક ત્રણ વર્ષનો બાળક પોતાની ઈચ્છા જાહેર કરવા માટે બોલે છે.

માતા કાર જોઈએ છે.

પાણી જોઈએ છે.


બાળક આ જાણે છે કે પ્રત્યેક વાક્યના અંતમાં જે બોલવામાં આવે છે અને આ કારણે તે જોઈએ કે પછી પ્રયોગ થાય છે. ભાષાના નિયમની વાત કરીએ તો જોઈએ આપણે પોતાનામાં એક સહાયક ક્રિયા છે જેમ - આપણે સરગુલ્લો ખાવા જોઈએ. આ વાક્યમાં જોઈએ સહાયક ક્રિયા છે. જ્યારે ઉપરના બે વાક્યોમાં આ એક મુખ્ય ક્રિયા છે. અને જોઈએ ના સાથે બીજી સહાયક ક્રિયાનો પ્રયોગ છે કે રૂપમાં ભૂતકાળ મા જ કરવામાં આવે છે. જેમકે - મારે ત્યાં જવું જોઈએ. ભલે જ બાળક એ નિયમનો જાણકાર ના હોય પરંતુ તે તેનો ઉપયોગ કરે છે.

ભાષાઈ પ્રવિણતાના સંદર્ભમાં પ્રવાહિતાનો અર્થ તે ક્ષમતાથી છે. જેના દ્વારા બાળક સહજતાને સાથે બોલે, વાંચે અને લખીને પોતાનેજ અભિવ્યક્ત કરે. જેમાં વ્યાકરણની જગ્યાએ ભૂલોને બદલે અર્થ તેમજ સંદર્ભ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

આ એક ભાષા શિક્ષકોને સામે એક બહુ મોટી સમસ્યા છે. કે તે બાળકોને સાથે આવનારા દિવસોમાં કેવી ગંભીરતાથી કામ કરે. આપણે સામે બે વિકલ્પ ઉપલબ્ધ છે. પરંપરાવાદી શિક્ષક ભાષા શીખવામાં શુદ્ધતાથી વધારે મહત્વ આપે છે. તે બાળકો પર વ્યાકરણ દૃષ્ટીથી સાચુ લખવા કે બોલવા પર ભાર આપે છે. આના માટે તે વારંવાર અનેક અભ્યાસ દ્વારા બાળકોની તપાસ કરે છે. મોટે ભાગે વર્ગોમાં બાળકાને પોતાની ભૂલો ઓળખીને સુધારવાની તક બરાબર આપવામાં આવે છે. પરીક્ષા કેન્દ્રિત પધ્ધતિ આ શુદ્ધતાવાદી વિચારથી પ્રભાવિત છે.

શિક્ષકોનો બીજા વર્ગ જેમનું માનવું છે કે ભાષા, સંપેષણ અને અનુવોની અભિવ્યક્તિના સાધન છે. તે પ્રવાહિતાને વધારે મહત્વ આપે છે. જે વ્યાકરણના ભધા અર્થ તેમજ સંદર્ભને સમજવો પર વધારે ધ્યાન આપે છે. તથા આના પર ભાર આપતા કે તે પ્રવાહમાં બોલતી વખરે પોતાના વિચારો સાચા અભિવ્યક્તિ કરી શક્યા કે સાંભળવાવાળા તે સાચે અર્થમાં સાંભળે આ શિક્ષકોનો માનવું છે કે બાળકો શરૂઆતથી જ જેટલા વધારે ભાષાનો પ્રયોગમાં લાવીશું એટલી એમણી પ્રવાહિતનો સ્તર વધશે.

વાસ્તવમાં બંને દૃષ્ટીથી જોવાના પછી લાગે છે કે બંને પોતાની જગ્યાએ ઠીક છે. સમગ્ર રૂપથી ભાષા શીખવાના માટે બાળકોના બંનેમાં કુશળતા પ્રાપ્ત કરવી જરૂરી છે. પરંતુ પ્રારંભિક સ્તર પર



નોંધ

બાળકોને વધારે દ્વિતીય ભાષામાં વધારે ભાર ન દેતા તેને વધારેથી વધારે બોલવાના તક ઉપલબ્ધ કરતા પ્રવાહિતા પર ધ્યાન આપવુ જોઈએ. પ્રાથમિક સ્તરના પછી આપણે બાળકોની ભાષામાં શુદ્ધતા તેમજ પ્રવાહિતા સંતુલન રાખવા બંને પર ધ્યાન આપવું જરૂરી છે. દસમાં ધોરણ સુધી આવતા આવતા બાળકો પ્રવાહ દ્વારા ભાષાનો પ્રયોગ કરવા લાગે છે ત્યારે આપણે શુદ્ધતા પર વધુ ભાર આપવો જોઈએ કારણ કે સાચા સમયે સાચી રીતેથી કરેલી મદદ બાળકોની ભાષાના વિકાસમાં બહુ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**પાઠના પ્રશ્નો**

(૧) મને ગાડી જોઈએ આ વાક્યમાં જોઈએ શું છે ?

(ક) સહાયક ક્રિયા (ખ) વિશેષણ (ગ) સંજ્ઞા (ઘ) મુખ્ય ક્રિયા

(૨) શુધ્ધતા અને પ્રવાહિતાઆ તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

(૩) તમારા મત પ્રમાણે ભાષા શીખવાના શુદ્ધતા અને પ્રવાહિતામાંથી કોણ વધારે મહત્વ ધરાવે છે અને કેમ ?

.....................................................................

.....................................................................

.....................................................................

## ૪.૬સારાંશ

આ પાઠમાં આપણે ચર્ચા કરી કે સાંભળવા અને બોલવાના અર્થ ફક્ત યાંત્રિક રૂપથી સાંભવા કે બોલવામાં નથી પણ એમા વૈચારિક પ્રક્રિયા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. સાથે જ આ પણ જાણ્યુ કે બાળકો ઘરની ભાષામાં તો આ કૌશલોમાં સરળતાથી પ્રવિણ થઈ જાય છે. પરંતુ શાળાની ભાષામાં એવી પ્રવિણતા પ્રાપ્ત કરવા માટે વિશેષ પ્રયત્નોની જરૂર હોય છે એમાં સૌથી વધારે મહત્વપૂર્ણ, ધોરણમાં વાતચીતની તક દેવી જેમ કે શીખવાનું એક અનોખુ સાધન છે અને જેની બાળકોને સામાજિક વ્યવહાર અને વ્યકિત્વ પર વધારે અરસ પડતી હોય છે. સાથે સાથે આ વાત ઉપર ચર્ચા થઈ કે વર્ગખંડમાં આ તકોને ઉપલબ્ધ કરવામાં શિક્ષકની મહત્વપૂર્ણ ભૂમિકા છે. અને તે બાળકોને વેહીચક અભિવ્યકત માટે પ્રોત્સાહિત કરી શકે છે. આ દરમ્યાન એક અન્ય મહત્વપૂર્ણ વાત એ પણ ઉભરીને આવે છે કે બાળકોને ભાષા શીખવામાં પ્રવાહિતાનું સ્થાન શુદ્ધતાથી ઉપર છે.

નોંધ

## ૪.૭ સંદર્ભગ્રંથ / કેટલાક ઉપયોગી પુસ્તકો

Agnihotri, R.K. and Bagchi, Tista. eds. (2007). *Construction of Knowledge.* Udaipur: Vidya Bhawan Society.

Agnihotri, R.K (1999), *Bachchon ki Bhaashaa Sikhane ki Kshamataa, Bhag-1, 2 (Shaikshik Sandarbh). Bhopal: Eklavya*

Kumar, Krishna (1996), *Bachchon ki Bhaashaa Or Adhyaapak.* New Delhi: National Book Trust.

Richards, Jack C. (2008). *Teaching Listening and Speaking: From Theory to Practice.* New York: Cambridge University Press.

Chafe, Wallace (1985). *Differences between Speaking and Writing.* New York: Cambridge University Press.

## ૪.૮અંત્ય ભાગ યોજના

૧. વાર્તા બાળકોની કઈ ક્ષમતાને વિકસિત કરવામાં સહાયક થાય છે ?

૨. બાળકોને વર્ગખંડમાં વાત કરતા જ રોકવામાં આવે છે, શું આ વર્તન તમને સાચુ લાગે છે ? તમારો મત આપો.

૩. તમે એક એવી વાર્તા લખો જેના પર વર્ગખંડમાં ખૂબ સારી વાતચીત થઈ શકે. જેનાથી બાળકોની સાભળવા અને બોલવાની ક્ષમતા પર વિકાસ થઈ શકે.

૪. બાળકોની વાતચિતને પ્રોત્સાહિત કરવાવાળો કયાં ઉપાય તમને વધારે પસંદ છે અને કેમ ? ઉદાહરણ આપીને સ્પષ્ટ કરો.

૫. સાચા અર્થમાં સાંભળવામાં શું સામેલ છે ?

૬. વર્ગખંડમાં જે બાળકો હંમેશા વાતચીતમાં ભાગ નથી લેતા તેમને વાતચીતમાં સામેલ કરવા માટે તમે કઈ રીતના ઉપાય કરશો? કોઈ બે વિસ્તારથી જણાવો.

૭. ધોરણ-૩ના બાળકો માટે એવી ચાર લીટીની કવિતા શોધો જેને બાળકો પોતાના મનથી આગળ વધારી શકે. વર્ગખંડમાં આ અભ્યાસ કરાવવો.

૮. ઘરની ભાષા અને શાળાની ભાષા સાંભળીને સમજવામાં શું ફર્ક હોય છે.

૯. એક બાળક જો વર્ગમાં વાર્તા સાંભળતા સમયે અટકી અટકીને બોલે તો તે ખોટા ઉચ્ચારણ કરે તો તમે તેની સાથે કયા પ્રકારથી કામ કરવાની યોજના બનાવશો.

૧૦. ભાષા શિખવાના ક્રમમાં કયા સ્તર પર શુધ્ધતા પર ધ્યાન આપવું જોઈએ અને કયા સ્તર પર પ્રવાહિતા પર અને કેમ ?

## સ્વાધ્યાય કાર્ય

- અંદરો અંદરની વાતચીતમાં ખવાયેલા થોડા બાળકોના છુપાઈને અવલોકન કરો. અને જોવો કે તે શું -શું વાતો કરે છે ? એની વાતચીતને તમે વર્ગમાં કઈ રીતે ઉપયોગ કરશો ?
- કોઈ વાર્તાને નાટકરૂપમાં ધોરણ- ૩ થી ૫ના બાળકોને કરાવો. આ માટે બાળકોની સાથે મળીને સંવાદ બનાવો પછી બાળકોના એના પર અભિનય કરાવો. તમારા અનુભવોનુ વિવરણ કરો.

નોંધ

# એકમ- ૫ ભણવું

**સંરચના**

૫.૦ પરિચય

૫.૧ જ્ઞાનપ્રાપ્તિ ઉદ્દેશ્ય

૫.૨ ભણવાનો શું મતલબ છે.

૫.૩ ભણી શકવાનો શું મહત્વ છે.

૫.૪ ભણવાનું શીખવાડવાના જુદા જુદા ઉપાયો.

    ૫.૪.૧ ભણવાનું શીખવાના પ્રચલિત ઉપયોગ તેમજ ખામીઓ.

    ૫.૪.૨ ભણવાનું શીખવાની શરત.

    ૫.૪.૩ ભણવાનું શીખવાડવા માટે શું કરી શકીએ છીએ.

    ૫.૪.૪ કેટલીક ચાલતી પદ્ધતિઓ (પ્રવૃતિઓ)

૫.૫ ભણવા -લખવાનો પરસ્પરનો સંબંધ.

૫.૬ સારાંશ

૫.૭ સંદર્ભ ગ્રથ/કેટલાક ઉપયોગી પુસ્તકો.

૫.૮ અંત ભાગનો અભ્યાસ.

## ૫.૦ પરિચય

આ પાઠમાં આપણે એ સમજવાની કોશિશ કરીએ કે ભણવાનો શું મતલબ છે તેમજ કોઈ પણ વ્યક્તિ જ્યારે ભણી શકે છે તો તે શું- શું કરે છે. ભણવામાં કઈ કઈ વાતો ઉપલબ્ધ છે. તેના સિવાય આપણે એ વાત પર પણ વિચાર કરીશું કે ભણવા લખવાનું શીખવા માટે શુ શુ જરૂરિયાત છે. કઈ રીતના પ્રયત્નોથી ભણવું શીખવાનું શીખવાડવામાં મદદ મળે છે. આપણે એ પણ ચર્ચા કરીશું કે ભણવા લખવાનો શું સંબંધ છે. જો કે પ્રાથમિક શાળાના એક પ્રમુખ લક્ષ્ય તેમના ત્યાં આવવાવાળા બાળકોને ભણવાની કળા શીખવાડે છે. તેથી એ મહત્વપુર્ણ છે કે તેને સંભાવનાને વધારવાની દિશામાં પ્રયત્ન કરવા જોઈએ. આ પાઠમાં આપણે એ વાત પર પણ ચર્ચા કરીશુ કે ભણવાનું શીખવાની પ્રક્રિયા રોચક કેવી રીતે બની શકે અને આમા સંદર્ભ રોચકતાની શું ભૂમિકા આપણે આ રીતના પ્રશ્નો પર પણ વિચાર કરશું કે ભણવાનું શીખવામાં કોઈ ચરણ કે ક્રમ પહેલાથી નિર્ધારિત કરી શકાય છે. શું બાળકો ભણવાને ટુકડાઓમાં શીખશે કે સંપુર્ણતાથી.

## ૫.૧ જ્ઞાનપ્રાપ્તિ ઉદ્દેશ્ય

આ ભાગને વાંચ્યા પછી આપણે.

- ભણવાના વ્યાપક અર્થને સમજી શકીશું.
- બાળકોના ન ભણવાના કારણોને જાણી શકશો.
- શાળામાં ભણવાનું શિખવાડવાની પ્રચલિત પદ્ધતિઓનું વિશ્લેષણ કરી શકશો.
- આ તથ્યને સમજી શકશો કે ભાષાને પૂર્ણતામાં સમજી શકય છે ટુકડોમાં નહી.
- ભણવાની સંભવિત પ્રક્રિયાઓનું સમજી શકશો.
- ભણવાનું શિખવાનું રણનિતિઓનો વર્ગમાં ઉપયોગ કરી શકાય.
- ભણવાનું શિખવાનું પાઠ્યપુસ્તક કરતા અન્ય સંદર્ભો /ભણવાની સામગ્રીઓના મહત્વને બતાવી શકાશો.
- ભણવાનું અને લખવાનું એ બંને સંબંધને સ્પષ્ટ કરી શકશો.

## ૫.૨ ભણવાનો શું અર્થ છે ?

પ્રાથમિક વર્ગમાં ભણવામાં શિક્ષકોને જે પડકાર ઝીલવો પડે છે. એમો સૌથી મોટી અને કઠિન પડકાર ભણવાનું શિખવવું એ છે. સૌથી  કઠીન એટલે છે કે ભણવું એ સહજ કૌશલ નથી. એમાં કોઈ કૌશલ અને બોધ ક્ષમતાઓ ઉપલબ્ધ છે. એ વિચારવા જેવી વાત છે કે આપણે ભણવું એને શું અર્થ સમજીએ છીએ. સામાન્ય રીતે શિક્ષક એમ વિચારે છે કે બાળકો પુસ્તકોમાં લખેલી વાતો ને એ જ રીતે વાંચી દે, ભલે પછી તેને એ વાતોનો અર્થ સમજવામાં આવે કે ન આવે.

ભણવું એ એક સર્જનાત્મક કાર્ય છે કેમ કે ભણવાળાળા સામે લખેલી વાતોનો આબેહુ ઉચ્ચારણ નહી કરતા પણ આપણે અનુભવોથી એનો અર્થ પણ ગંભીરતા જાણી શકીએ છીએ. ભણવાની પ્રક્રિયામાં લખેલી સામગ્રીનો અર્થ ગ્રહણ કરવું એ મહત્વપુર્ણ છે. જ્યારે આપણે ભણીએ છીએ તે આપણી આંખો અને મગજ બધા જ અક્ષરો, વિરામ ચિહ્નો, બધાજ શબ્દો પર ધ્યાન નથી આપતા, અર્થાત ભણવામાં વાક્યના પ્રત્યેક શબ્દને જોવાના હોતા નથી. જો આવું હોય તો નાની નાની સુચનાઓ પર ધ્યાન આપવું ઘણું કઠીન અને બોજારૂપ કામ હોય છે. કેટલાક લોકો ફટાફટ વાંચતા હોય છે તે અસંભવ થઈ જાય છે. એક ધાર્યું વાંચવાથી કોઈ અક્ષર, શબ્દ કે વાક્યના પુરેપુરા આકાર પર ધ્યાન નથી અપાતું. તેની આંખો અંકિત કરેલી સામગ્રીના નાના ભાગ પર ધ્યાન આપે છે. અને શેષ ભાગ તે આપણને પુર્વ અનુભવો અને અનુમાનના આધાર પર ગ્રહણ કરે છે. આ રીતે ભણવામાં આ પ્રમાણેની બાબતો હાજર છે.

- લખેલું હોય એનો અર્થ ગ્રહણ કરવો એ જ ભણવું છે.
- ભણવાનો અર્થ એ છે કે લખેલી સામગ્રીથી ધારણાઓ, વિચારોને અરસપરસ માં જોડવાનું અને તેને યાદ રાખવું.

નોંધ

**ભણવું**

- ભણવું એ ફક્ત વર્ણમાળાની ઓળખ શબ્દ તથા વાક્યને ભણવું એ જ નથી પણ એનાથી આગળ પણ ઘણું બધું છે. એટલે કે લખેલાનો અર્થ સમજીને આપણા અંદાજને બનાવો અથવા તો આપણી સમજનો વિકાસ કરવો.
- ભણવાનો મતલબ  શબ્દોને બોલવા એમ નથી પરંતુ લખવા સાથે સંવાદ કરવો. આપણા અનુભવો તેમજ સમજમાં તેને ઢાળીને એ અર્થને ગ્રહણ કરવો એમ છે.
- ભણવુંએ એક સાંકેતિક પ્રક્રિયા છે. એમાં અક્ષરોની આકૃતિઓ, તેનાથી જોડાયેલ અવાજો, વાક્ય, શબ્દો, વાક્યો અર્થ તથા અનુમાન લગાવવાનું કૌશલ્ય હાજર છે.
- ભણવામાં મહત્વપુર્ણ છે. લખેલી જાણકારીઓને અથવા ચિહ્નોનો અર્થ ગ્રહણ કરવો.
- આ રીતે સ્પષ્ટ છે કે ભણવું અનેક કુશળતાઓનો એક સમુહ છે. જે  લખી ને કે છુપાઈને ભાષાઓની સામગ્રીના અર્થને જોડીને આપણી મદદ કરે છે. ભણવું  કૌશલના બધી પરિભાષાઓમાં જે બિંદુ પર વધારે જોર આપવું પડે છે. એજ છે. અર્થ, અર્થાત ભણવાનું લક્ષ્ય જ લક્ષ્યને ભણીને અર્થ સમજવો એ છે.

**પાઠના પ્રશ્નો**

(૧) ભણવામાં મહત્વપુર્ણ છે.

(ક) લખેલાનો અર્થ ગ્રહણ કરવો  (ખ) બધા શબ્દોને વાંચવા.

(ગ) ધારાનો પ્રવાહ વાંચવો.  (ઘ) વિરામચિહ્નોનું ધ્યાન રાખવું.

(૨) ભણવામાં કઈ-કઈ બાબતો હાજર છે.

.......................................................................
.......................................................................
.......................................................................

(૩) ભણવું એ એક સર્જનાત્મક કાર્ય છે. કઈ રીતે.

.......................................................................
.......................................................................
.......................................................................

## ૫.૩ ભણવાનું આવડવું એનો શું મહત્વ છે

એમ તો જ્ઞાનનું નિર્માણ પુસ્તકો વગર પણ થઈ શકે છે. જ્યાં સુધી ભાષા અને છપાઈનું નિર્માણ થયું ન હતું ત્યારે દુનિયાના બધા સમાજો અને સંસ્કૃતિમાં જ્ઞાનનું આદાન પ્રદાન અને વિસ્તાર પુસ્તકો વગર જ થતું હતુ. આજે પણ કેટલાય સમાજો અને સંસ્કૃતિમાં જ્ઞાનનું મૌખિક ભાષામાં જ

ભાષાંતર થાય છે.પણ આજે દુનિયામાં પુસ્તકોનુ બહુ જ મહત્વપુર્ણ સ્થાન છે અને પુસ્તકો વાંચવુ - લખવું જરૂરી થઈ ગઈ છે. સમજીને વાંચવું આપણા વ્યક્તિત્વને સુદઢ બનાવે છે અને આપણને આત્મવિશ્વાસ આપે છે. ભણવાની સક્ષમતા ને લીધે જ આપણે ખાલી સજીવ સંસાર નહિ પણ એ લોકમાં પહોંચી જઈએ છીએ જે આપણાથી ખુબ જ દુર છે.સાહિત્ય આનું પ્રમુખ ઉદાહરણ છે. ભણવું એ જીવનના જુદાજુદા અને એના બદલતા રંગોને સમજવું એ પણ છે.આપણા વ્યક્તિત્વનો અનુભવ સીમીત થાય છે અને એનો વિસ્તાર ભણવાથી જ થાય છે. પુસ્તક આપણા પરિચયના અનુભવો અને વિચારોથી થાય છે. જેમાં અસીમ બુદ્ધિમતા અને પરિપક્વતાની ઝલક જોવા મળે છે.(પં. જવાહરલાલ નેહરૂ)

## ૫.૪ ભણવાનું શીખવાની વિભિન્ન રીતો અને પ્રક્રિયાઓ

આમતો શાળામાં બાળકોને ભણવું એ શીખવવું એ શિક્ષકોના માટે સૌથી વધારે મુશ્કિલ કામ છે કારણ કે ભણાવવું એ કોઈ સરળ રીત નથી. બધી રીતની પોતાની સીમાઓ હોય છે. શિક્ષકોને કોઈ ખબર નથી હોતી કે એમની પરિસ્થિતિમાં કઈ રીત કામ કરશે. આના પછી પણ ભણવું એ એક સ્ફુતિવાળું કામ છે કારણ કે બાળકના જીવન બધુ જ એના ઉપર નિર્ભર હોય છે. જો એક વાર બાળકોને ભણવામાં અને પુસ્તકોમાં રૂચિ થી સફળતા પુર્વક જોડી દેવામાં આવે તો અંત સુધી તેની કોઈ સીમા હોતી નથી.સવાલ એમ છે કે ક્યાં સુધી બાળકોને ભણવાનું કામ સફળતા પુર્વક કર્યું. આના પર જરાક વિચારો અને આપણી આસ-પાસ જોશો તો આપણને અસફળતા જ જોવા મળશે. આના પર વિચાર કરવો જોઈએ. લાખો, કરોડો બાળકો દર વર્ષે ભણવાનું શીખે છે. પણ એમાંથી કેટલાય બાળકો સરખી રીતે શીખી શકતા નથી. બહુ જ ઓછા બાળકો પરીક્ષા પાસ કરી દે છે પણ એમનામાં જે ભણવા પ્રત્યેની રૂચિ હોવી જોઈએ તેનો વિકાસ થતો નથી .આ અસફળતાની પાછળ ક્યાંકને ક્યાંક તો નબળા શિક્ષણને જવાબદાર માનવામાં આવે છે.

કોઈ પણ શિક્ષકને એ બતાવવાની જરૂર નથી કે ભણતાની સાથે સ્વસ્થ કૌશલ્ય બાળકોના સંપુર્ણ વિકાસમાં શું ભુમિકા ભજવે છે. પરંતુ શિક્ષકોને એ નથી ખબર કે ભણવાનું સ્વસ્થ કૌશલ કોને કહેવાય અને એનો વિકાસ કેવી રીતે થાય છે.જ્યાં સુધી બાળક વાંચી હોય એવી બધી સામગ્રીને સમજીને પહેલાંના અનુભવો સાથે જોડવામાં સમર્થ થતો નથી ત્યાં સુધી આપણે એને ભણવાની ક્ષમતાનું સ્વસ્થ કૌશલ્ય કહી શકે તેમ હોતા નથી. આ જ સંદર્ભમાં અર્થ શોધવાની પ્રક્રિયાના રૂપમાં પરિભાષિત કરવામાં આવે છે.

જો ભણવાની ઉપર્યુક્ત પરિભાષા આપણે માની લઈએ તો આપણી આસ-પાસ અનૌપચારીક રૂપથી કે પછી પ્રાથમિક શાળામાં જે રીતે ભણાવાય છે તે ઉચિત નથી. ઉદાહરણ માટે વર્ણમાળાના અક્ષરો ને જોર-જોરથી બોલીને રટણ કરવું,સમજ્યા વગર વાર્તાને વાંચવાની સમજ્યા વગર ભણાવવું વગેરે ભણવાની પરિભાષાની દષ્ટીથી સાચી પ્રક્રિયાની રીતો નથી. આવું કરતી વખતે બાળક લખેલી ભાષાને કોઈ અર્થ સાથે જોડી શકતો નથી. ઘણી શાળામાં આજે પણ ક ને કમળ અને સ ને સસલું જેવા શબ્દોથી બાંધી દેવાયા છે. પછી જ્યાં પણ ક અને ખ દેખાય છે ત્યાં બાળક કમળ ને ક અને સસલાને સ ની રીતે જ ઓળખે છે. આ રીતે જો વાર્તાના શબ્દ દર શબ્દ તોડીને વાંચવામાં આવે તો એનો અર્થ કોઈ મતલબ નિકળતો નથી અને વાર્તાનો સાથે સંબંધ બનાવો પણ સંભંવ નથી. જે લોકો એમ કહે છે કે આ પ્રક્રિયાની રીતથી આગળ ચાલીને બાળકો અર્થગ્રહણ કરવાની પ્રક્રિયાથી જોડાઈ જાય છે કદાચ

અમુક હદ સુધી એ સાચું છે પણ એ સાચું પણ ત્યારે થાય જ્યારે બાળકો શાળામાં આટલા વર્ષો સુધી રહ્યા હોય કે સાર્થક રૂપમાં ભણવાનું લખવાનું શીખવાનું વિચારી શકે. આપણે એવા બાળકો વિશે વિચારવું પડશે જે વર્ગમાં આજે પણ અક્ષરોને વારંવાર ઉપયોગ કરવાથી એમની નકલ ઉતારીને અને શબ્દોને વારંવાર લખવાથી કે જોર-જોરથી બોલવાથી કંટાળી જાય છે. આ રીતથી બહુ જ ઓછા બાળકો ભણવાનુ શીખી શકે છે. વાસ્તવમાં ભણવાનુ શીખવાની આ પ્રક્રિયા બહુજ થોડી જ ઉપજાઉ હોય છે. આ જ કારણથી બહુજ વધારે બાળકો તો શરૂઆતની જ શિક્ષા પ્રાપ્ત કરતા પહેલા જ શાળા છોડી દે છે.

**પાઠના પ્રશ્નો**

(૧) બાળકોમાં ભણવાની રૂચીનો વિકાસ કઈ રીતે થઈ શકે છે.

(ક) પાઠ્ય પુસ્તકો દ્વારા

(ખ) શબ્દમાળાના અક્ષરોને વંચાવવાથી.

(ગ) ભણતા શીખવાની અનોખી પ્રક્રિયાઓ દ્વારા.

(ઘ) વાર્તા વંચાવવાથી.

(૨) ભણવાનું સ્વસ્થ કૌશલ કોને કહેશો.

..........................................................................

..........................................................................

..........................................................................

(૩) ઘણા બાળકો શરૂઆતમાં શિક્ષા પ્રાપ્ત કર્યા સિવાય કેમ શાળા છોડી દે છે

..........................................................................

..........................................................................

..........................................................................

## ૫.૪.૧ ભણવાનું શિખવાની પ્રચલિત રીતો અને ખામીઓ

આજે આપણી શાળામાં જે રીતે શીખવાવામાં આવે છે. જેમાં એવુ લાગે છે કે એમના મુળ સિદ્ધાંતો ક્યાંક ખોવાઈ ગયા છે. નીચે કેટલીક એવી રીતો આપવામાં આવી છે જેમાં શાળાઓમાં ભણતાં શીખવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. પણ આ રીતે બાળકોને ભણતા શીખવામાં મદદ કર્યા વગર એમના માટે બીજી ઘણી મુશ્કેલીઓ ઉભી કરે છે.

**ભણવાના નિયમો ઉપર ઘણા અધિકારના લક્ષ્ય રાખવામાં આવે છે :**

આ વાત સાચી છે કે ભણવાના એવા કોઈ નિયમ નથી. ઓછામાં ઓછુ એવુ તો જરા પણ નથી કે બાળકોને પર્યાપ્ત રૂપમાં પરિભાષિત કરવા બતાવી શકાય. બધા સક્ષમ પાઠ ભણવાના વિશે આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરે છે. પરંતુ આ જ્ઞાન ભણવાના જ્ઞાનના અભ્યાસથી વિકસિત હોય છે એમ

નહિ કે સ્કુલમાં શિક્ષા દ્વારા શીખવાની આ પ્રક્રિયા એ પ્રક્રિયા જેવી છે કે જેના માધ્યમથી બાળકો મૌખિક ભાષાને બોલવાથી અને સમજવાના નિયમ વગર કોઈ ઔપચારિક પ્રશિક્ષણથી વિકસિત કરે છે. એવું કોઈ પ્રમાણ નથી કે વ્યાકરણ શીખવાથી બાળકોને બોલવામાં શીખવામાં કોઈ મદદ મળે છે. અને ના તો આ વાતનું કોઈ સાબીતી નથી કે ઉચ્ચારણ અથવા બીજી વાંચન ગતિવિધિયોને વાંચવાથી ભણવાનાં વિકાસમાં કોઈ મદદ મળે છે.

આમ જેને ભણવાનો નિયમ કહેવામાં આવે છે તે માત્ર ભણવાનું નિર્દેશ કરે તેનો સંકેત છે. ભણવું-શીખવું એ ગોખવાનું માધ્યમ નથી બાળકો ભણવાનું, વાંચવાથી જ શીખે છે.

### ભણવામાં આ ચોક્કસપણે કહેવામાં આવે છે કે બાળકો અવાજના નિયમો શીખીને તેનો અમલ કરે :

નિયમાનુસાર ભણવાનો પહેલો નિયમ એ છે કે એમાં એવું મનાય છે કે ભણવાની ક્ષમતા ઉચ્ચારણ અને સંબંધ જાણવાથી થાય છે. પરંતુ વાસ્તવમાં ભણવું એ માત્ર લખેલાનું ઉચ્ચારણ કરવું. તેનાથી પુરૂ થતું નથી. ઉચ્ચારણ કરતા પહેલાં જ અર્થ પકડવો પડે છે અને માત્ર અવાજ પેદા કરવાથી એનો અર્થ થતો નથી. અક્ષરોને અવાજમાં બદલવા ફક્ત જરૂરી નથી. પણ ખોટી મહેનતવાળું પણ છે. થોડું ધ્યાન આપવાથી સ્પષ્ટ થઈ જાય છે કે ધારાપ્રવાહ ભણાવવાવાળા પાઠક, અર્થ સમજવા માટે અક્ષરોને અવાજમાં બદલવાના ચક્કરમાં પડતા નથી. આના કરતાં પણ ઘણી વાર એ દલીલ અપાય છે કે બાળકોને ઉચ્ચારણ પર અધિકાર કરવો જ પડશે નહિતર એ એવા શબ્દોને કઈ રીતે ઓળખશે જેને એમણે પહેલાં લખેલા રૂપમાં જોવા ન હોય.

### બાળકોને એકવારમાં એક જ અક્ષર કે શબ્દ શીખવવામાં ભાર આપવામાં આવે છે :

આ ધારણા ખોટી છે કે ખાલી વ્યાપક કેટલાક બાળકોને વસ્તુઓના નામ અને અક્ષર તેમજ શબ્દ શીખવામાં મુશ્કેલી થાય છે અને તેને સરખું કરવામાં એકમાત્ર ઉપાય વારંવાર ઉપયોગ કરવો પડે છે. આ દ્દષ્ટીકોણ શીખવાની પ્રક્રિયા માટે અતિ સરલ કરવા માટે આધારીત છે. બાળકો જીવનના પહેલાં છ વર્ષોમાં દરરોજ લગભગ એક ડઝન શબ્દો શીખે છે. જેમાંથી કેટલાક નામ હોય છે. આ શબ્દ તે પહેલાં જ એક જ પ્રયત્ન માં શીખવી શકાય છે.

બાળકો જે રીતે સમુહોમાં પરિભાષિત કરે છે તે ક્રિયા ઘણી શિક્ષાપ્રદ છે. તે એ સ્થિતિને જોવે છે જેમાં નામનો ઉપયોગ થાય છે પછી કેટલાક એવા લક્ષણો શોધે છે જેનાથી એ સ્થિતિને ભવિષ્યમાં ઓળખી શકે. તે અવધારણાઓને સમજવા માટે પરિકલ્પનાઓ બનાવે છે. બાળકો જે પ્રકારની ભુલો કરે છે એનાથી આપણે એ જાણી શકીએ છીએ કે આ પરિકલ્પનાઓ શું છે. જો તે બધી ચાર પગવાળા પ્રાણીઓને કૂતરા કહે છે તો એ નિષ્કર્મ કાઢી શકાય છે કે એમની વર્તમાન પરિકલ્પનામાં કૂતરાનો અર્થ ચાર પગવાળા છે. જો તેઓ આ નામને ચાર પગવાળુ પશુ અને લાગુ કરે તો માની શકાય કે જીવતા રહેવું એ એમની પરિકલ્પના નથી જો તે ફક્ત પોતાના કૂતરાને જ કૂતરું કહે તો એનો મતલબ એમ કે તે પુરેપુરું સામાન્યીકરણ કરી શકતા નથી.

બાળકો આવી પરિકલ્પનાઓ ત્યારે જ બનાવી શકશે જ્યારે તે સમુહના લોકોની તુલના એવી વસ્તુ સાથે કરશે જે સદસ્ય નથી. એ એટલું જ મહત્વપુર્ણ છે કે એ ચાર પગવાળા પશુઓને ઓળખે જેને કૂતરું કહેવામાં આવતું નથી. બાળકો પોતાની પરિકલ્પનાઓમાં સુધારો ફક્ત એને પારખીને જ કાં તો બીજાના વિચારો જાણીને જ કરી શકે છે.

આ પ્રકારની સ્થિતિ અક્ષરો કાં તો શબ્દોના નામ શીખવામાં પણ હોય છે. માત્ર ક જોઈને ઘડી-ઘડી કહેવું કે આ ક છે તેનાથી કઈ થતું નથી એ કદાચ ક ને વ અને વ ને ક કહેતા રહેશે આના કરતા એમને એ શોધવા દેવું જોઈએ કે ક અને વ કઈ રીતે અલગ છે. આનો અર્થ એમ થાય છે કે પહેલાં એ બન્નેને એક સાથે જોઈ શકશે ત્યારે જ સમજી શકશે કે ક કઈ રીતે વ થી અલગ છે.

**ભણવામાં બાળકોના અનુમાનોને નિરઉત્સાહીત કરાય છે અને એ અપેક્ષા કરાય છે કે બાળકો સાવચેતી પુર્વક ભણવું :**

સક્ષમ લેખક ન્યુન્તમ ચિત્ર જાણકારીનો અધિગતમ ઉપયોગ કરે છે. અર્થ હેતુ ભણવું શબ્દ હેતુ વાંચવાથી સરળ છે. ઝડપથી વાંચવું ધીમેથી વાંચવાથી સરળ છે. અત્યાર સુધી જે કહેવામાં આવ્યું એનો સાર એ છે કે સાવચેતી પુર્વક વાંચવું સક્ષમ રીતે વાંચવું નહિ અને ઉદેશ્ય વગર તો વાંચવું જ નહી. ભણવા માટે પુર્વાનુમાન કરવું. જાણકારી જરૂરી છે. પણ જાણકારીને આધારે પુર્વાનુમાન કરવું. જાણકારી આધારીત અટકચાળાનો અર્થ એ છે કે પહેલાંથી અદશ્ય જાણકારીનો વધારે ઉપયોગ બીજા શબ્દોમાં વાંચતી વખતે સતત અનુમાન કરવું જોઈએ.જેનાથી અનિશ્ચિતતા ઓછી થાય છે અને અર્થ સમજવા માટે આવશ્યક દશ્ય જાણકારીની માત્રામાં પણ ઓછી થાય.

જ્યારે આપણે કોઈ અપિરિચિત કે મુશ્કિલ સામગ્રી વાંચીએ છીએ. કોઈ જટિલ ઉપન્યાસ કે તકનીકો લેખ વાંચીએ કે વિદેશી ભાષામાં કંઈ વાંચીએ છીએ ત્યારે આપણે બધા જાણીએ છીએ કે સતત શબ્દકોશ જોઈ-જોઈને વાક્ય-દર-વાક્ય મુશ્કેલ હોય છે. આવામાં આપણને એવું લાગી શકે છકે ગતિ થોડી ઓછી કરી દઈએ પણ વાસ્તવમાં એવી સ્થિતિમાં સૌથી મોટી રણનીતિ એ હશે કે અને ઝડપી વાંચવું અને વાંચતું રહ્યું.

અત્યાર સુધી જેટલી વાતો કહેવામાં આવી એમાંથી એક મહત્વપૂર્ણ સામાન્ય સિદ્ધાંત એ છે કે વાંચવું સ્વયં સંકેત પ્રદાન કરે છે. કોઈપણ પાઠમાં અપરિચિત શબ્દ ઓળખવાનું સૌથી સારો વિચાર છે કે શેષ પાઠમાંથી એ શબ્દ વિશે નિષ્કર્ષ કાઢવું. કોઈ મુશ્કેલ ઉદાહરણનો અર્થ શોધવાની સૌથી સારી રીતે એ કે એને વધારે વાર વાંચવું.

**શબ્દથી શબ્દ વાંચવા માટે ભાર આપવામાં આવે છે.**

અલગ-અલગ શબ્દોને શીખવા માટે કે શીખવા પર ભારન આપવું કે એક એ પણ કારણ છે કે આ સૌથી વધારે કઠિન રીત છે. ધારા પ્રવાહ વાંચવાવાળા વિદ્યાર્થી બીજા સંકેતોનો ઉપયોગ કરે છે. કોઈ અક્ષર જ્યારે કોઈ શબ્દમાં આવે છે કે કોઈ શબ્દ જ્યારે સાર્થક વાક્યમાં આવે છે તો એને ઓળખવું વધારે આસાન હોય છે. શબ્દોને ઓળખવામાં માટે વધારે દશ્ય સંકેતોની જરૂર હોય છે. કારણ કે આપણી જોવાની રીતમાં જાણકારી પચાવવાની ક્ષમતા અને યાદશક્તિ સીમીત છે. એટલે બહુ વધારે માત્રામાં દશ્યજાણકારી મળવાથી વાંચવું કઠિન હોય છે. વાંચવું અને બોલવુ મહત્વપૂર્ણ અંગ એ શીખવું છે કે ન્યૂનતમ દશ્ય જાણકારીને ઉપયોગ કરવામાં આવે છે.

ધારા પ્રવાહ વાંચવાવાળા વિદ્યાર્થી શબ્દ નથી વાંચતા, તે અર્થ વાંચે છે અર્થ હેતું વાંચવાથી, શબ્દ વાંચવાથી વધારે સરળ છે. બાળકો નિઃશંકા આ વાતને જાણે છે કેમકે દરેક શબ્દને વાંચવો એમની જાણકારી પચાવવાની ક્ષમતા પર વધારે દબાવ આપે છે. ભણવામાં સુક્ષતાનો આગ્રહ હોય છે.

**ભણવામાં સારૂ અને સુદ્ધતાનો આગ્રહ હોય છે.**

નોંધ

ભુલો વગર ભણતા આવડતું નથી આપણે પશુઓ, ઝાડ, છોડ, અક્ષરો, શબ્દો વગેરેના નામ વાંચતા શીખી શકીએ જો આપણે ખોટા હોવાની સંભાવનાનો સ્વીકાર ન કર્યો હોય. વાસ્તવમાં વાંચવું લખવું એમાં સૌથી મોટી મુશ્કેલીઓ આવી શકે કે ખોટા હોવાના ડરથી બાળકો વાંચે જ નહિ. આથી બાળકો દ્વારા વાંચવાના સમયે ઘણી ભૂલો વાંચવા લખવાની પ્રક્રિયાની જરૂરિયાત એક સ્વાભાવિક પગલું છે.

જો કીધા પહેલા જ બાળકોને ખબર પડી જાય કે એ સાચા છે તો પછી તેને ખબર પડ્યા પછી એને શું પ્રાપ્ત થશે ? પરંતુ બાળકો, કોઈ વસ્તુના નામ કે અર્થ વિશે કંઈ કહે છે અથવા જાણે છે કે આ ખોટું પણ હોઈ શકે છે તો પછી મળતા પરિણામથી તે કઈક શીખી શકશે. જો તે સાચા હોય તો એમની પરિકલ્પનાની દૃષ્ટિ થશે અને જો તે ખોટા હશે તો પણ એમને કંઈ મહત્વપૂર્ણ જાણકારી મળશે કે એમને એમની પરિકલ્પનાને બદલવી પડશે.

### વાંચતી વખતે ભુલ થાય તો ત્યારે જ ટોકવું પડે છે.

શિક્ષક માટે આ ખૂબ સારૂ છેકે જેવું જ કોઈ બાળક કોઈ શબ્દને ખોટું વાંચે, તો તરત એને કહેવામાં આવે છે પરંતુ એનાથી કોઈ મદદ મલતી નથી. કેમકે એ બાળક તો શબ્દ ઓળખવા માટે વાંચી જ નહોતો રહ્યો. એતો અર્થ માટે વાંચે છે. જો બાળક શબ્દ ઓળખવા માટે અભ્યાસ કરે અને જાણવા માંગે કે અમુક શબ્દ હાથી તો તરત શબ્દાર્થ મદદગાર થઈ શકે છે. પરંતુ જો બાળક સાધારણ અર્થ જાણવા માટે વાંચે છે તો તુરંત શબ્દાર્થ ઉપયોગી નથી પરંતુ નુકશાનકારક પણ છે. આ વાતો પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે વાંચવાના ક્રમમાં આપણે સ્વયં જ શબ્દાર્થની ભૂલો કે આપણે અર્થ હેતુ વાંચીએ છીએ.

### બાળકોને જાતે વાંચતા લખતા શીખવાની ક્ષમતાને નકારવામાં આવે છે :

બાળકો આમ તો વાંચવાની અમુક વસ્તુ તો જાતે જ શીખી લેતા હોય છે. જે એમને કોઈ ભણાવતું નથી, ના શિક્ષક કે ના માતા-પિતા ઉદાહરણ તરીકે બાળકોને એવું કોઈ નથી કહેતું કે 'મર' માં 'મ' પૂરો છે પણ 'રમ' ના એજ 'મ' અડધો હોય છે. આ રીતે આ નિયમની સંબંધ જેવા શબ્દમાં પહેલો અનુસ્વાર 'મ' ને બરાબર છે કારણ કે એના પછી 'પ' વર્ગની 'બ' શબ્દ છે અને બીજો અનુસ્વાર ન ને સમાન છે. કેમકે એના પછી ત વર્ગની 'ધ' અવાજ છે. અર્થાત જે વર્ગનો અવાજ એ ક જ વર્ગનો નાસિક. વાંચવાના આ નિયમ બાળકોમાં સ્વયં જ પકડવામાં આવે છે. આ રીતે 'ર' કોઈ રૂપમાં કયાં જોવા મળશે અને એ કઈ રીતે વંચાશે આના નિયમ પણ બાળકો સ્વયં જ શીખી લે છે. ક્રમ, કર્મ માં 'ર' નો અવાજના અલગ-અલગ રૂપ છે. ક્રમ અને માં 'ર' પૂરો છે. પણ એને લખવાના રૂપ અલગ-અલગ છે. જે રૂપ આપણને ટૂંક માં જોવા મળે છે એ ખાલી ટ વર્ગની સાથે જ હોય છે. અને કર્મમાં તો 'ર' અડધો છે. વાંચવાના આ બધા નિયમ બાળક જાતે જ શોધી શકે છે. જો આપણે બાળકોની આ પ્રકારની ક્ષમતાને ધ્યાનમાં રાખીએ તો કદાચ આપણે વાંચવાની રીત બિલકુલ બદલી જાય. શુદ્ધતા અને ભુલો સુધારવાની અપેક્ષામાં આપણું ધ્યાન એ બાજુ જશે કે બાળકોને વધારેમાં વધારે રૂચિપૂર્ણ અને પડકારરૂપથી ભરેલી સામગ્રી આપવામાં આવે.

નોંધ

## પાઠના પ્રશ્નો

(૧) ભણવાનું શીખવાની પ્રક્રિયાનું જરૂરી એક સ્વાભાવિક ચરણ છે ?

(ક) ભણવા દરમ્યાન કરાયેલ ભૂલો (ખ) ભૂલો ના કરવી

(ગ) અક્ષરોને ગોખવા (ઘ) શબ્દને ગોખવા

(૨) ભણવાનું શીખવા દરમ્યાન કોઈ શબ્દને વાંચવામાં કરાઈ ગયેલી ભૂલો પર બાળકોને તરત કે વચ્ચે ના ટોકવું જોઈએ ? કેમ?

.....................................................................

.....................................................................

.....................................................................

(૩) ભણવાનું શિખવાડવાને નિયમ ગોખવાનો કિસ્સો નથી કેમ ?

.....................................................................

.....................................................................

.....................................................................

(૪) ભણવાનું શિખવાડવાના પ્રચલિત ઉપાયો કયા કયા છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

(૫) ભણવાનું શિખવાડવાના પ્રચલિત ઉપાયોમાં કઈ કઈ ખામીઓ છે ? ઉદાહરણ આપી સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

(૬) આ વાતની શું સાબીતી છે કે ભણવાના વધારે પક્ષ બાળકો પોતે જ શીખી જાય છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

## ૫.૪.૨ ભણવાની શિખવાની શરતો

### ભણવા માટે ભરપુર અવસરો છે

ભાષામાં ધોરણમાં ભણવાનું શીખવાડતાં વખતે બે યા ત્રણ વાતો ધ્યાન રાખવી જોઈએ. પહેલી વાત એ છેકે વાંચવા લખવા નીચે જે સામગ્રી હોય તે સારી હોય અને બાળકોના સ્તરની હોય. બીજી વાત એ છે કે જે સામગ્રી આપવામાં આવે તો પરિચિત ભાષામાં હોય. ત્રીજી વાત એ છે કે શિક્ષકો બાળકોને અલગ-અલગ રીતે વાંચવાની સામગ્રી કે ભણવાનો અને સમજવાનો અધિકાર અવસર હોય છે શિક્ષકો બાળકોની સાથે સારી વાર્તાઓ કહે, તેમની વાતો ધ્યાનથી સાંભળે અને એ બીજાની વાતચીતો સાંભળવાની તક આપે. ભણવાનું શીખવાડવામાં, લખવા માટેની સામગ્રીમાં અક્ષર માત્રા ઉચ્ચારણ જેવી વગેરેમાં વહેંચી ટૂકડાને શીખવાનું કોઈ મતલબ નથી નીકળતો અને નહી આ બધા કોઈ નિશ્ચિત ક્રમમાં શિખવા માટે કે ભણવાનું શિખવાડવા અને લખવામાં આવે છે. બાળકો ત્યારેજ શીખશે જ્યારે ભણવાનો એમના માટે રસદાર થશે.

### ભણવાનું ઉદ્દેશ્યપૂર્ણ તેમજ પડકારરૂપ હોય

વિદ્યાર્થી માટે ભણવાની સામગ્રી સાર્થક તેમજ પસંદગીપૂર્વકની હોવી જોઈએ. જ્યારે આપણે કંઈક ભણીએ છીએ તો કેટલાક ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે ભણીએ છીએ. જેમકે આનંદ માટે ભણવું, જિજ્ઞાસા માટે ભણવું, વાર્તાનો અંત શું હશે તેના માટે ભણવું , આપણી આસપાસ જે થઈ રહ્યું છે તેની વાત કહેવામાં આવેલી કે નહી, આ જાણવા માટે ભણવુ વર્ગખંડમાં આ રીતની ચુનોતી મળે અનેઆ ચુનોતીના કારણે તેમને કંઈક જાણવું, બતાવવું, અનુભવ વહેચવા માટે મૌકા મળશે તો તે ભણવાનું જલ્દી શીખશે જો અર્થ સુધી પહોંચવું ચુનોતી હોય તો તે ભણવા માટે પ્રેરિત થશે. જ્યારે આપણે વર્ગખંડમાં બાળકોને એક સમૃદ્ધ લેખિત વાતાવરણ ઉપલબ્ધ કરાવે છે તો અસલ આપણે એક ઉત્સાહપૂર્વક વાતાવરણનું નિર્માણ કરે છે. સાર્થક તેમજ ચેતવણીપૂર્વક લેખિત ભાષાથી સમૃદ્ધ વાતાવરણ બાળકોને ભણવા-શીખવા માટે પ્રેરિત કરે છે.

### સંદર્ભપૂર્ણ પઠન સામગ્રી

બાળકો ભાષા શીખવા અને ભણવાની ક્યા સંદર્ભમાં કરે છે. વાર્તાઓ અને કવિતાની પુસ્તકોને પોતાના આ ઉદ્દેશ્ય માટે એક રોચક સંદર્ભ છે. વાર્તા સંભળાવતા સંભળાવતા તમે વચ્ચે રોકાઈ જાવ જેથી બાળકનો આગળનો શબ્દ / વાક્ય પૂરૂ કરો.

કેટલીક મહત્વપૂર્ણ અવધારણાઓ વાર્તાનો સહજ હિસ્સો હોય છે. (જેમકે મોટા-નાના, નજીક-દુર, જાડુ-પાતળું વગેરે) અને બાળકો આ વાર્તાના માધ્યમથી ખૂબ પકડાય છે. વાર્તાના સંદર્ભથી તેમનો અહેસાસ થાય છે અને અભિનયથી તેમનો અર્થ અને સ્પષ્ટ થઈ જાય છે. આટલું જ નહિ તેના સિવાય બાળકોના સંદર્ભ હિસાબથી પોતાને વિભિન્ન પાત્રો અને કાલ્પનિક સ્થિતિમાં ઢાળવાની તકો મળે છે. પહેલા તો બાળકો કેટલાક પાત્રોની વિશેષતાઓની નકલ કરે છે. જેમકે તેમની ચાલ વગેરે. ઉદાહરણ માટે મરઘી કેવી રીતે બોલે છે. સસલુ કેવી રીતે કુદે છે. ઘોડો કેવી રીતે લાત મારે છે વગેરે. પછી આ સંદર્ભમાં બાળકને ભણવાનું શીખવામાં મદદ કરે છે.

નોંધ



## ભાષાની પરિચિત વાક્ય-સંરચનાનો ઉપયોગ

બાળકો ભણતી વખતે સમયને પોતાની પરિચિત ભાષાના આધાર માનીને અનુમાન દ્વારા ભણે છે. અધ્યયન સામગ્રી બાળકોની ભાષાની જેટલી નજીક હોય છે, એટલુ ભણવાનું શીખવાનું એટલું જ સરળ હશે. તેથી વર્ગખંડમાં બાળકોએ વાંચેલી કે સાંભળેલી સામગ્રીથી જોડાઈને તેનો ઉપયોગ માટે અવસર આપવો જોઈએ. જેમકે બાળકોએ ઘરમાં આ બહાર કોઈ વાર્તા સાંભળી હોય અને તે વાર્તા તેને ભણવા મળે તો ભણવું તેના માટે સરળ હોય.

## ભણવાનો ખૂણો

આ જરૂરી છે કે વર્ગખંડમાં એક એવો ખૂણો હોય જ્યાં સારા બાળ સાહિત્યના પસંદગીવાળા પુસ્તક બાળકોને ભણવા માટે રાખેલ હોય. આ પુસ્તકના ઉપયોગ બાળકોએ વાર્તા ભણીને સંભળાવવા માટે પણ કરી શકાય છે. ભણી ગયેલી વાર્તાને સાંભળવી ભણવાનું શીખવામાં ખુબજ મદદગાર સાબીત થાય છે. બાળકોની જાણીતી વાર્તા જે તમને વારંવાર ભણાવવામાં આવે છે ત્યારે બાળકો વાતોની ઘટના જાય છે ત્યારે બાળકો વાતોની ઘટના, ઘટનાક્રમ વાક્ય સંરચનાથી પરિચિત હોય છે. જેને એમને અનુમાન લગાવીને વાંચવામાં મદદ મળે છે. બાળકોમાં રસ જળવાઈ રહે છે એમના માટે જરૂરી છે. કે આ પુસ્તકોમાં સારી અને નવી પુસ્તક જોડયેલી રહે.

**પાઠના પ્રશ્ન**

(૧) વાંચવા શીખવાની જરૂરી શરત નથી.

(ક) મોંઘી પુસ્તકો

(ખ) સંદર્ભ પૂર્ણ વાંચવું સામગ્રી

(ગ) ભાષાથી પરિચિત સંરચનાનો ઉપયોગ

(ઘ) વાંચવાનો ભરપુર અવસર

(૨) વાંચવા શીખવા- શિખવવામાં સંદર્ભપૂર્ણ વાંચવાની સામગ્રીનું શું મહત્વ છે.

.....................................................................

.....................................................................

.....................................................................

(૩) વર્ગમાં ભણવાનો એક ખુણો શું તાત્પર્ય છે ? આ ખુણાનો તમે કેવી રીતે ઉપયોગ કરશો ?

.....................................................................

.....................................................................

.....................................................................

## ૫.૪.૩ વાંચવા શિખવવા માટે શું કરી શકીએ ?



અત્યારે આપણે જોયું કે વાંચવું, શિખવાડવા માટે કયા-કયા જાણીતા ઉપાય છે અને એમને શું-શું ખામીયો છે. આ જાણીતા ઉપાય સાચો નથી તો પછી વર્ગમાં ભણવા, શિખવાના માટે બીજું શું કરી શકાય ?

અહીયા બીજા ઉપાયો અનેપ્રવૃત્તિઓ દર્શાવાઈ છે. જે લોકો પારંપારિક રીતો વગેરે છે. અમને આર્શ્વયચકિત કરવાવાળી કે અસંભવ લાગી શકે છે. જો વાંચવુ અને સીખવાની જાણીતી રીતો રોચક એક પ્રભાવિત હોય તો આપણને એમના માટે નવી પ્રવૃત્તિઓ કે રીતોની જરૂરીયાત નથી હોતી.

### પુસ્તકોથી શરૂઆત કરો

વાંચવું અને શિખવવાની શરૂઆત ફ્લૈશકાર્ડ, ચાટ કે લાકડીના અક્ષરો જેવી સામગ્રીથી કરવાના બદલે પુસ્તકાથી કરવું વધારે સારૂ છે. આગળ ચાલીને બાળકો પુસ્તકો ભણી શકે આ જ અમારો ઉદ્દેશ જ છે. ચાર્ટ અથવા અન્ય સામગ્રી કયારેક-કયારેક ઉપયોગમાં આવી શકે છે પરંતુ તે ભણવાનું શિખવવામાં આટલી અધિક મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી નહી શકે જેટલી પુસ્તકોમાં છે પરંતુ પહેલા અમે આ વાતને સમજવી જરૂરી છે કે કેવા પ્રકારે પુસ્તકો જોઈએ છે અને એને કેવી રીતે વાપરવાનું છે. ભણવાનુ શિખવવાના માટે નાની-નાની વાર્તાની રોચક પુસ્તકો ઉપયોગી થઈ શકે છે. એવી કોઈ પણ વાર્તાની જે સ્વચ્છ અક્ષરોમાં હાથથી લખાઈ ગઈ હોય, ચિત્રોથી સુસોભિત કરેલું હોય(જેને બાળકો પણ બનાવી શકે) તમારા સંગ્રહમાં સામેલ થઈ શકે છે. વાર્તાની સાથે સાથે કવિતાઓ, ગીતો અને બાળકોના રમત-ગીતોનો પણ સંગ્રહમાં સમાવેશ કરી શકાય છે.

### પુસ્તકો વાંચીને સંભળાવવા

પુસ્તકો વાંચીને સંભળાવવાના સમયે આ વાતનું હંમેશા ધ્યાન રાખવું જોઈએ કે બાળકો વધારે નહોય અને તમારી આસપાસ ગોળમાં બેઠા હોય આ સમય અન્ય બાળકોને તમે કોઈ પણ કામ આપી શકો છો. તમારા આસપાસ બાળકો એવી રીતે બેઠા હોય કે એમાંથી પ્રત્યેકને પુસ્તકોના પાન્ના આસાનીથી નજર આવી શકે. પુસ્તકો વાંચવાની સાથે એમા તમારે થોડા જોડાઈ જવુ જોઈએ. કોઈ પુસ્તકોમાં વાર્તાની જે સામગ્રી ખૂબ વિસ્તારમાં આપી હોય છે એને એવું ને એવું જ વાંચવાની વગર નાનુ કરીને આપણા શબ્દોમાં સાભળવું જોઈએ એના વિપરીત યાદી પ્રત્યેક પાના પર એક કે બે પંક્તિમાં જ લખાઈ ગયેલ હોય તો એમા થોડા જોડી દેવા જોઈએ. પુસ્તકોની સાથે કામ કરવાના સમયે આ પણ જરૂરી છે કે આવી ગયેલ ચિત્રોને બાળકને દેખાડવું જોઈએ અને એના પર વિસ્તારથી વાત કરી દેવી.

### કવિતા સંભળાવવી અને ગાવી

અનુમાન લગાવવાના કૌશલ્યમાં વાંચવાનું એક મહત્વપૂર્ણ સાધન છે. આ કૌશલ્યના વિકાસમાં કવિતા મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે. અહીયાં બાળકોને નિયમિત કવિતા સંભળાવીએ તો તે ભાષાની બુનિયાદ (સાબિતી) સંરચનાને સમજવામા મદદ કરી શકે છે. કવિતાઓને યાદ રાખવાનું વધારે સરળ છે. આને યાદ કરવામાં બાળકોને વિશેષ કોશિશ કરવી પડતી નથી. વારંવાર સાંભળવામાં

મજા લેવા, પુનરાવર્તન કરવા કવિતા પોતાની જાતે જ યાદ થઈ જાય છે. બાળકોને ભણવા માટે અલગ પ્રકારની કવિતા જોઈએ આ પ્રકારની કવિતાઓ શિક્ષક સ્વયં શોધી શકે છે. જેમા ભાષાનું સ્વાભાવિક પ્રયોગ હોય એવી કવિતાઓ છે જે માત્ર નૈતિક સીખ આપતી હોય એનાથી દુર રહેવું જોઈએ.

એક કામ એ પણ કરી શકાય છે કે આવા ગીત જો બાળકો કુદકા, ફરતા, દોરી કુદતા બોલથી રમતી વખતે ગાય છે અને જે પારંપરિક છે. એમા ગીતોનો લખીને સંગ્રહ તૈયાર કરી શકે છે. સંગ્રહ એક અથવા કોઈ નાની પુસ્તકનું રૂપ લઈ શકે છે. જેમાં બધા જ પુસ્તક ઉપર સુંદર લખેલુ અને ચિત્રની સાથે ગીત લખેલું હોય છે. શિક્ષક આ જ રીતથી પુસ્તકો તૈયાર કરી શકે છે. કવિતાની પુસ્તકો પણ એ જ રીતથી ભણાવવી જોઈએ. જેથી અન્ય પુસ્તકો, જેથી બાળકોને પોતાની આસ-પાસ બેસીને પુસ્તકોના વચ્ચે રાખો બે-ત્રણ વાર ભણવ્યા પછી પુસ્તક વગર કવિતાને સંભળાવામાં આવે અને બાળકો પણ સાથે ગાય. જો કવિતા સારા સ્તરની હોય તો બાળકો એમને જલ્દીથી યાદ કરી લેશે અને જયારે તે પુસ્તકમાં ભણે તો શબ્દોના સળરતાથી અનુમાન લગાવી શકે. ઉદાહરણના માટે કંઈક કવિતાઓ અહીય આપી છે. જેને તમે વર્ગમાં ઉપયોગ કરો અને એવી જ અન્ય કવિતાઓ શોધો અને બાળકોની સાથે કહો.

**હા...જી.. હા.. જી....ના...જી.**

તમે કપડા પહેરો છે ?
હા.જી.હા.જી.હા.જી.હા.
તમે કપડા ધોતા પણ હશો ?
નાજી નાજી નાજી  ના
કપડાની હા ધોવાની ના
એવુ કેવી રીતે ચાલે ?

તમે ગંદુ કરો છો ?
હા જી હા જી હા જી હા
તમે સફાઈ પણ કરતા હશો ?
ના જી ના જી ના જી ના
એવું કેવી રીતે ચાલે ?

તમે ખાવાનુ ખાઓ છો ?
હા.જી.હા.જી.હા.જી. હા.
તમે ખાવાનું પણ બનાવો છો ?
ના જી.ના - જી. ના.જી.ના
ખાવાની હા બનાવાની ના
એવુ કેવી રીતે ચાલે છે ?

(કમલા ભસિન ચકમક ડિસેમ્બર-૧૯૯૦)

## જો આપણા હાથ પગ ન હોય તો

જો આપણા હાથ ન હોય તો
તો અમે અને તમે શું કરતા ?
જેવા ફુલ તોડવા, પતંગિયા
પકડી પકડી લાવતા ?

જો આપણા પગ ન હોય તો
અમે અને તમે શું કરતા ?
કેવી રીતે ઘરમા ચાલતા-ફરતા
કેવી રીતે બહાર જતા ?

કેવી રીતે પેન ઉઠાવીને આપણી
કોપી પર લખી શકતા ?
કેવી રીતે આપણે રૂમમાં મોટર
ચાવીદાર ચલાવતા ?

કેવી રીતે શાળાએ પહોચીએ તથા
ઘરે પાછા આવતા ?
કેવી રીતે આપણે દુકાન સુધી જઈને
ટોફી બિસ્કીટ લાવતા ?

આપણે બકરીની જેમ વનમાં
ઘાસ પતો ચરતા હશો.

આપણે ઘાંઘાની જેમ રેકતા
ડરતા ડરતા

(નિરંકારદેવ સેવક ચકમક ફેબ્રુઆરી-૧૯૮૯)

## વધારે મજા આવે

રસગુલ્લાની ખેતી હોય
બહુ મજા આવે.
ખાંડ બધી રેતી હોય
બહુ મજા આવે
બગીચા ચચચમ ના હોય
બહુ મજા આવે
શરબતના વહેતા બધા સુવે
બહુ મજા આવે
ચારાગાહ હલુવોના હોય
બહુ મજા આવે
શું કોઈ હલવાના રોતા
બહુ મજા આવે

બરફીના હોય બધા પર્વત
બહુ મજા આવે
બરફી ખાતા, પીતા શરબત
બહુ મજા આવે
લાડુની બધી ખાણો હોય
બહુ મજા આવે
ઘરમા દુનિયા પેંડા બનાવતી
બહુ મજા આવે
રૂપિયાની દસ કિલો મિઠાઈ
બહુ મજા આવે
હોય રૂપિયા પાસે અઢાઈ
બહુ મજા આવે

(ડૉ. શ્રી પ્રસાદ ચકમક મે-૧૯૯૮)

### પુંછડીમાં તાકાત

પુંછ ખિસકોલીની મોટી
કુતરાની કેમ વાંકી
લાંબા-ઘાટા વાળવાળી
ઘોડાના પૂંછડી ઘનેરી
હાથીની લાંબી સૂંઢ પણ
પુંછડી હાય કેટલી નાની
કાંગાર તાકાત હોતી
લાંબી, વજનદાર જો મોટી
પોતાની પૂંછડીથી ચતુર શિયાળ
માંઢુ ઢાંકીને સૂઈ જાય
લાંબી પૂછડી વાંદરાની
જાદુના ખેલ દેખાડતી
સિંહની પુંછડીની અંતમાં
હોય બ્રશ જેવા વાળ
વાઘ અને ચીતાના પુંછડી પણ
કરે ખૂબ કમાલ

દોડ અલબેલી ગરોળીની
બીક દૂર ભગાવે
ખુદ શરીરથી પડીને
ગરોળીની જીંદગી બચાવતી
હાથ પગ પર બની જાય દોડ
સમય દેખે જેવી રીતે
એક જાનવર હોય એવું
જેની તાકાત પર પૈસા
શરીરની કરે હિફાઝત
પુંછડીની મહિમાન્યારી
દુમ દબાવી કયારેય ન ભાગો
આકાયરતા ભારી
સીધી, વાકી, લાંબી, ટુકી
પૂંછડી બહુ અનુપમ છે.
અવસર વાદી પુંછડી હલાવે
પુંછડીમાં કેટલી તાકાત છે.
(ભગવતી પ્રસાદ દ્વિવેદી ચકમક જુન-૧૯૯૮)

**પાઠના પ્રશ્ન :**

(૧) ભણવું શીખવાની શરૂઆત કરવું વધારે ઠીક છે.

(ક) ફ્લેક્ષ કાર્ડથી (ખ) ચાર્ટથી

(ગ) લાકડીના અક્ષરો જેવી (ઘ) કિતાબોથી સામગ્રીથી

(૨) ભણવુ શિખવા માટે પરંપરાગત પ્રવૃત્તિઓનો વધારો અને શું-શું કરી શકાય છે ?

(૩) બાળકોને કવિતાઓના માધ્યમથી ભણવાનું શીખવાડવાનું કેમ આસાન છે ?

## ૫.૪.૪ કેટલીક ચાલતી પ્રવૃત્તિઓ

**વર્ણમાળા ને ઓળખવવી.**

– એમ તો આપણો વિશ્વાસ છે કે રૂચિપૂર્ણ સામગ્રીથી પસાર થતા બાળકો સ્વયં જ વર્ણમાલા પકડી લેશે. ધ્વનીના સંચારથી પણ બાળકો સ્વયં પોતાની ભાષાની ધ્વનિઓને પકડી લે છે.

પરંતુ એક કવિતા કે વાર્તાની આધારિત વર્ણમાળા સંબંધીત ચાલતી પ્રવૃત્તિઓ લાભદાયક થઈ શકે છે. ઉદાહરણ તરીકે હા જી કવિતામાં જો બાળકોને કહેવામાં આવે કે જ્યાં જ અને ચ આવે ત્યાં ગોળ બેસાડો પરંતુ દરેક કવિતાઓમાં જ અને ચ વાળા શબ્દોની સૂચી બનાવો. ત્યારબાદ સ્વયં જ વ ચ વાળા નવા શબ્દ લખો. આ રીતે બાળકોને વારંવાર બોલાવીને નવા-નવા વર્ણ ઓળખવા કહો.

## ભણ્યા તે કરો

જે બાળકો શીખી ચૂક્યા છે તેમને એ પણ શીખવું જરૂરી છે કે ભણવાનો સંબંધ કરવો પડશે આ ચાલતી પ્રવૃત્તિઓના અધ્યાપક કાળાપાટીયા પાસે ચૂપચાપ ઉભા રહ્યા છે અને બોલવાની જગ્યા પર નાના-નાના નિર્દેશ કાળાપાટીયા પર લખી શકાય છે. પ્રત્યેક બાળકો તેની ક્રમસંખ્યા ખબર હોવી જોઈએ. કાળાપાટીયા પર નિર્દેશ લખવા સમય સાથે કોઈ બાળકની ક્રમસંખ્યા પણ લખી દો.

જેમકે ઉઠીને બહાર જાવ.એક પથ્થર લાવો - ૧૦ આ વાક્યનો મતલબ છે કે ૧૦ બાળકોને બહાર જવાનું છે અને એક પથ્થર લાવવાનો છે. હવે આગળનો નિર્દેશ હોઈ શકે છે. ૧૦ નંબર પથ્થર, લઈને તેને પોતાના ડાબા ઘૂંટણ પર મુકો ધીમે-ધીમે વાક્યોને ખૂબ જટિલ બનાવતા જાવ. જટિલ નિર્દેશ આ રીતના હોઈ શકે છે કે બાળકો દિવાલ ઉપર લાગેલા પોસ્ટરને જોઈને કઈ ખાસ વસ્તુ શોધો કે હોસ્પિટલનો રસ્તો બનાવો - કે શાળાની બહાર લાગેલ વૃક્ષોની સંખ્યા ગણીને બતાવો. વગેરે.

## પાછળનો શબ્દ આગળનો શબ્દ

આ પ્રવૃત્તિના માટે બાળ સાહિત્યની ચોપડીઓ વિશેષ માત્રામાં હોવી જરૂરી છે. બાળકોમાં પુસ્તકો એવી રીતે વહેચો કે દરેક બાળકને એવી એવી ચોપડી મળે જેને તે સરળતાથી ભણી શકે. બાળકને કહો કે પુસ્તકને ખોલીને ડાબુ પેજ જોવો. તે પેજના પૂર્ણ ભાગમાં (અંત) માં પૂર્ણ વિરામ આવે છે. તો અન્ય તેજ ખોલો હવે પૂરૂ ડાબુ પાનુ ચૂપચાપ વાંચી લો. અંત સુધી પહોંચીને રોકાઈ જાવ અને આગળનું પાનુ ન ફેરવો, પ્રત્યેક બાળકને પૂર્ણ કે તે અંદાજથી બતાવો કે આગળના પૃષ્ઠ પ્રશ્નો પહેલો શબ્દ શું હશે ? જ્યારે તે પોતાનુ અનુમાન જણાવી દે ત્યારે તેને પાનુ ફેરવીને તે જોવા માટે કહો કે અનુમાન સાચુ હતુ કે નહી ? સાચા અનુમાન પર બાકી બાળકો તાળી વગાડવાની પરંપરા વાપરી શકે છે. જ્યારે બધાનો વારો આવી ગયો હોય અને બધા બાળકો આગળનું પાનુ ફેરવી ચુક્યા હોય તો પહેલા પાનાથી શરૂઆત કરો. આ બાબતે દરેક બાળકે યાદ શક્તિના આધારે એ બતાવવાનું છે કે પાછળના પાનાનો છેલ્લો શબ્દ શું હતા ?

### પાઠગત પ્રશ્ન

(૧) ભણવાનું શીખવાડવા માટે કોઈ બે નવી પ્રવૃત્તિઓ જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

(૨) ભણવાનું શીખવામાં પ્રવૃત્તિઓ કેવી રીતે મદદ કરે છે.

..............................................................................

..............................................................................

..............................................................................

## ૫.૫ભણવાનુ શીખવાનો પરસ્પર સંબંધ

ભણવું અને લખવું એ સામાન્ય રીતે બે અલગ-અલગ કૌશલ્ય માનવામાં આવે છે તેવુ સમજી શકાય છે કે ભણવુ ગ્રહણ કૌશલ્ય છે. મતલબ કે લખેલાને ભણીને અર્થાગ્રહણ કરવું. આ રીતે લખવું એ ઉત્પાદન કૌશલ્ય છે તથા જે કોઈપણ તમે બતાવવાનું ઈચ્છે છે એને લખીને ઉત્પાદિત કરો હંમેશા પ્રારંભિક ધોરણોમાં આ બે કૌશલ્યોનો વિકાસ ક્રમબધ્ધ રૂપથી કર્યો છે. પહેલા વાંચવાનું શિખવાડે છે અને પછી લખવાનું પરંતુ વાંચવાનું અને લખવાનું લઈને આ સમજ બની રહી છે કે વાંચવાનું અને લખવાનું તે ભિન્ન પ્રક્રિયાઓ નથી પરંતુ એક બીજાની આ રીતે જોડાઈ છે કે વાંચવાના વિષયમાં બનેલી અવધારણા લખવાનું પણ પ્રભાવિત કરે છે.

બંને પ્રક્રિયાઓમા આ કોઈ સમાનતાઓ હોય જે એને એકબીજાના પૂરક બનાવે જેવી રીતે વાંચવાનું કે લખવાનું બંને ઉદ્દેશ હોય છે. વાંચવાના સમય વિદ્યાર્થી અર્થ નિર્મિત કરીને ચાલવુ એવી જ રીતે પ્રકાર લખતા સમયે પણ લખવાવાળા અર્થનું નિર્માણ કરી ચાલવું જોઈએ. વાંચવાના સમયે કોઈ વખતે પોતાના અર્થના સંશોધિત કરે છે. એમા બીજીવાર વાંચવું જોઈએ એમાં જ લખતા વખતે આપણને લખેલુ સંશોધિત કરવું જોઈએ. વાંચવા અને લખવા બંને જ પ્રક્રિયાઓને અંતમા આપેલો એક અંતિમ અર્થનું નિર્માણ કરીએ છીએ. ઉદાહરણના લીધે જ્યારે કોઈ બાળક પોતાની મા ને તારીખીયામાં કોઈ તારીખ ઉપર નિશાની લગાઈને આ દેખાડે છે કે ગેંસનું સિલેંડર બદલ્યુ તો આ બાળક ફક્ત લખવાની જ એક ગતિવિધિ નથી દેખાડી રહ્યું હોય. જ્યારે કે લખવાની એવી પ્રક્રિયામાં વાંચવાનું પણ સામેલ છે.

આ એક ક્રિયાલાપમા વાંચવાનુ લખવાનુ સાથે સંબંધિત વધારે અવધારણા અને સમજ સમાવેશ છે. ગૌરવ કરવા લાયક વાત એ છે કે એક સાર્થક ગતિવિધ છે કે જે કોઈપણ ઘરમાં (જ્યા કોઈ પત્રિકા કે છાપુ ન પણ આવતુ હોય) ઘડી શકે છે. કદાચ આ એક તકને સમજીને બાળક પોતે એક ખાસ તારીખ ઉપર નિશાની લગાવે કે તારીખીયાનો ઉપયોગ કરી શકે જેવી રીતે દેખાડીને એમને દાદા-દાદી પર આવી રહ્યા હોય એ ૨૨ ઓકટોમ્બર પર ગોળ કરીને મોડુ બનાવે છે. આ કરવાના લીધે કદાચ તેને મોટા ભાઈ-બહેન કે માતા-પિતાની મદદ લેવી પડે. શાળામાં જવાની પહેલા દરવાજામા બાળકો એવા કેટલાક રોજબરોજના ક્રિયાલાપ કરતા હોય છે જે એમને લખવાની ભાષામાં જરૂર વાંચવામાં લખવાના પરિચિત હોવાની તક દે છે.

**પાઠગત પ્રશ્ન**

(૧) વાંચવા તથા લખવાને બે ભિન્ન કૌશલ્ય કેમ માનવામાં આવે છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૨) વાંચવા તથા લખવાની પ્રક્રિયાઓમાં તમને કઈ સમાનતાનો નજર આવે છે.

..............................................................................

..............................................................................

..............................................................................

(૩) તમને શું લાગે છે, બાળકોને ભણવાનું શીખવાડવામાં વાર્તાનો ઉપયોગ કરવો જોઈએ ? સ્પષ્ટ કરો અને આપણે ક્યારે કહીશું કે બાળકોને ભણવાનું આવડી ગયું ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૪) ભણવાનુ આનંદદાયી બનાવવા માટે શું પ્રયાસ કરવા જોઈએ ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૫) ભણવાનું શીખવાડવા માટે તમે પાઠ્યપુસ્તક સિવાય બીજી કઈ-કઈ સામગ્રીને વાપરવા જોઈએ ?

..............................................................................

..............................................................................

..............................................................................

(૬) સ્કુલોમાં પ્રચલિત ભણવાનું શીખવાડવાની વિવિધ પદ્ધતિઓનું વિશ્લેષણ કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

નોંધ

(૭) ભાષાને સમગ્રતાથી શીખવી આસાન છે કે ટુકડાઓમાં ઉદાહરણ સહિત તમારા સ્પષ્ટ કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**આપેલ કાર્ય**

પોતાના વર્ગખંડમાં ભણવા માટે એક સમૃદ્ધ ખૂણો બનાવવો તથા બાળકોને તેના ઉપયોગ માટે પ્રેરિત કરો.

## ૫.૬સારાંશ

ભણવું એક સર્જનાત્મક કાર્ય છે. ભણવુ ફક્ત લખેલાને ઉચ્ચારિત કરવા માત્ર નથી. પરંતુ ભણવામાં છાપેલી સામગ્રીનો અર્થ ગ્રહણ કરવો મહત્વપૂર્ણ છે. આપણે છાપેલી સામગ્રીમાં પ્રત્યેક ભાગને જોવા માત્ર ભણતા નથી. પરંતુ સંપૂર્ણ ચિત્ર બનાવીને ભણે છે. ભણવામાં અનુમાન લગાવવાનું કૌશલ્ય મહત્વપૂર્ણ છે. શાળામાં ભણવાનું શીખવાડવાનો વર્તમાન ઉપાયો, ભાગ ફરી ફરીને ભણવુ, નિયમો ગોખાવ, શબ્દ દરેક શબ્દ ભણવો ભણવામાં પારદર્શકતા તેમજ શુદ્ધતાનો આગ્રહ ખોટી ભૂલો ઉપર ટાંકવું જેવી ખામી છે. આ ઉપાયોને ભણીને શીખવાના બદલે તેને વધારે મુશ્કેલીવાળું બનાવે છે. જરૂરી છે કે બાળકો ભણવાને રસપૂર્વક તેમજ સંદર્ભપૂર્ણ તકમાં ઉપલબ્ધ કરાવી શકાય જેથી ભણવુ એક રસદાર પ્રક્રિયા બની શકે.

## ૫.૭સંદર્ભ ગ્રંથ / કેટલાક ઉપયોગી પુસ્તકો

Pandey, Lata (2008), *padhne ki dehlij par*, New Delhi, NCERT.

NCERT, (2008) *padhne ki samajh*. New Delhi, NCERT.

Joshi, Susheel (1989), bachhe padh kyon nahin paate, *Strote*, Eklavya.

## ૫.૮. અંત ભાગ અભ્યાસ

૧. આ ભાગમાં ભણવાનું શીખવાડવા વિષયમાં તમને કઈ વાત મુખ્ય લાગશે ?

૨. ભણવું શું છે ? સ્પષ્ટ કરો અને આપણે ક્યાક કહીશું કે બાળકો ભણવા આવી ગયા ?

૩. તમને શું લાગે છે બાળકો ભણવા શીખવામાં વાર્તાનો ઉપયોગ કરવો જોઈએ. જો હા તો એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરો ?

૪. ભણવાને આનંદદદાયી બનાવવા માટે ક્યા ક્યા પ્રયાસો કરવા જોઈએ ?

૫. ભણવાનું શીખવા માટે તમે પાઠ્ય પુસ્તકના બદલે બીજી કઈ કઈ સામગ્રીનો પ્રયોગ કરવા માંગશો.

૬. શાળામાં પ્રચલિત ભણાવવું શીખવાની વિભિન્ન પધ્ધતિઓનું વિશ્લલેષણ કરો.

૭. ભાષાને સમ્રગતામાં શીખવું સરળ છે કે ટુકડા-ટુકડામાં. ઉદાહરણ સહિત આપના વિચારો સ્પષ્ઠ કરો.

## સ્વાધ્યાય કાર્ય

- તમારા વર્ગમાં વાંચવાનો સમૃદ્ધ ખુણો બનાવો તથા બાળકોને તેના ઉપયોગ માટે પ્રેરીત કરો.
- બાળકો દ્વારા રમત-ગમતમાં ગાવાવાળા ગીતો, કવિતાઓનું એક સંકલન તૈયાર કરો સાથે જ આ બતાવો કે આ સામગ્રીનો ઉપયોગ ભણવાનું શીખવાડવા માટે કેવી રીતે કરશો ?

# એકમ – ૬ લખવું

**સંરચના**

૬.૦ પરિચય

૬.૧ શિખવાનો ઉદ્દેશ્ય

૬.૨ લખવાનો અર્થ શું

૬.૩ લખવાની શરૂઆત.

- ૬.૩.૧ ચલાવવાની ક્રિયામાં આવડત
- ૬.૩.૨ અક્ષરો શબ્દોને વાક્યોનો અભ્યાસ

૬.૪ સારા લખાણનું મહત્વ અને તેના તત્ત્વ.

- ૬.૪.૧ વાચવામાં યોગ્ય અને સુંદર લખાણ
- ૬.૪.૨ સારૂ લખાણવિકાસ કરવાનો હેતુ બાળકોની મદદ કરવી
- ૬.૪.૩ હસ્તાક્ષર (લખાણ) અને વ્યક્તિત્વ.
- ૬.૪.૪ ડિસ્લેકિસયા અને બીજી અક્ષમતાઓના સૂચકના રૂપમાં લખાણ

૬.૫ સારા લખાણની ખાસીયતો

- ૬.૫.૧ વ્યાકરણની દ્રષ્ટીએ યોગ્ય ભાષા
- ૬.૫.૨ વાતચીતની ભાષામાં સ્પષ્ટતા અને સંક્ષિપ્તતા
- ૬.૫.૩ સરળ અને અલંકારીત ભાષા

૬.૬ પ્રાથમિક વર્ગોમાં લેખન કૌશલ્યનો વિકાસ

૬.૭ લખાણના ઉત્તમ પ્રકારો

૬.૮ સારાંશ

૬.૯ સંદર્ભ ગ્રથ / કેટલાક ઉપયોગી પુસ્તકો

૬.૧૦અંત્ય એકમ અભ્યાસ

## ૬.૦ પરિચય

પાછળના એકમોમાં આપણે ભાષાને સાંભળવું,બોલવું,વાંચવું તથા લખવાની આ ચારેય આવડત વચ્ચેના ગાઢ સંબંધને જાણી ચુક્યા છીએ. એક વ્યક્તિમાં લખવાની આવડત સૌથી છેલ્લે વિકાસ પામે છે. ત્યારે તે અન્ય ત્રણ આવડતોથી સ્વતંત્ર નથી હોતો. લખતા શીખવાના સમયે ભાષાના બે કાર્યો અભિવ્યક્તિ અને વાતચીત બહુજ મહત્વના છે. આ એકમમાં આપણે બાળકોમાં અભિનય અને વાતચીતનો વિકાસ અને તેના દ્વારા લખતા શીખવાની બાબતની વાત કરીશું. તેની સાથે લખતા કેટલીક અગત્યની રીતોનું મંતવ્ય પણ આપવામાં આવશે.

ભણતર ત્યારે જ પ્રભાવશાળી હશે જ્યારેબાળકો માટે તેનો અનુભવ વાસ્તવિક હશે. આવી માન્યતાઓમાં નાના ધોરણ માટે અક્ષર અને વ્યાકરણના મહાવરાનો પ્રભાવ પણ સામેલ છે.અને આ સાથે વર્ગોમાં લેખનના જુદા-જુદા પ્રકારો શીખવાનું પણ છુપાયેલુ છે. શિખવાની ક્રિયા અને અર્થને ધ્યાનમાં રાખતા ભુલોમાં સુધારો,લખાણ પર વિશેષ ધ્યાન,વ્યાકરણની ભાષાનો ઉપયોગ સહિત ઘણા જાણીતા અભ્યાસ પર ચર્ચા કરીશું.

## ૬.૧ શિખવાના ઉદ્દેશ્ય

આ એકમને વાંચ્યા પછી તમે


- લખવાનો અર્થ અને સાંભળવાનું, બોલવાનું તેમજ વિચાર કરવાની સાથે તેનો સંબંધ પણ જાણી શકીશું
- બાળકોને લખવાનું શિખવાડવામાં શિક્ષકના ભાગને ઓળખી શકીશું
- એ ઉપાયો ઉચ્ચ પ્રાથમીક સ્તર પર લખવાનું શિખવાનું અને સાથે તેની આવડતમાં વધારો કરવામાં વાપરી શકાય તે બાબતે પોતાનું મંતવ્ય આપી શકીશું.

## ૬.૨ લખવાનો અર્થ શુ છે

ભાષા શિખવામાં લખતા શિખવું સૌથી અધરી બાબતોમાંથી એક છે. તેનું એક કારણ છે કે લખવામાં એક સાથે ઘણા પ્રકારની આવડતનો ઉપયોગ કરવાની જરૂર પડે છે. લખવા માટે સૌથી પહેલા આપણામાં સારી રીતે ચલાવવાની આવડત એટલે કે આંગળીઓનું સંતુલન અને ગોઠવણની આવડત હોવી જોઈએ જે આપણને પેન અથવા પેન્સિલ પકડવા અને ચિત્ર બનાવવા માટે તૈયાર કરી શકે. ત્યાર પછી આપણે લખીને બીજા સુધી વાત પહોંચાડવા માટે ભાષાનો ઉપયોગ કરવાની આવડત કેળવવી પડે છે.

લખવું શું છે ? લખવાનો અર્થ માનવામાં આવે છે, એવા સંકેત અને આકૃતીઓ બનાવવી કે જે બીજી વ્યક્તિઓ સમજી શકે. આમતો આ ભાષા સીધી અને સરળ છે. પરંતુ આપણે રોજીંદા જીવનમાં વપરાતા શબ્દોના અર્થમાં છુપાયેલ જીણવટ તરફ ધ્યાન નથી દેતા. દા.ત. આ ભાષા અભિનય અને લખવાની વચ્ચે મહત્વની કડી રૂપ નથી. જો કોઈક વ્યક્તિ એક એવું ચિત્ર દોરે છે જે બીજી વ્યક્તિ દ્વારા સમજી શકાય છે. છતા તેને આપણે ભાષા નથી કહેતા. આ ભાષા બોલવા અને લખવાની વચ્ચે મહત્વની કડીને પણ નજર અંદાજ કરે છે.

બોલવાની અને લખવાની ક્રિયા ખુબજ જુદા-જુદા સમયે શરૂ થઈ હતી. એક અંદાજ પ્રમાણે માનવીએ ભાષા બોલવાની લગભગ ૧૦ લાખ વર્ષ પહેલાં શરૂ કરી દીધી હતી જ્યારે ભાષાને લખવાની શુરૂઆત લગભગ ૫ હજાર વર્ષ પહેલા થઈ હતી. પૃથ્વીના બધાજ સમુદાયમાં બોલવાની ભાષાની ઉત્પત્તિ લખવાની ભાષા કરતાં પહેલાં થઈ. કેટલાક સમુદાય એવા પણ છે જેની પાસે લખવાની કોઈ પધ્ધતિ જ નથી.જેમ-જેમ આપણી સામાજીક અને રાષ્ટ્રીય સીમાઓનો વિકાસ થવા લાગ્યો,મોટા ભાગે એની સાથે લખવાની ભાષાની શરૂઆત થઈ.



નોંધ

લખવું ફક્ત એક પ્રકારનું માધ્યમ છે,જેમાં બોલાયેલી વાતને વ્યક્ત કરી શકાય છે. એટલે કે લખવું એક નવી  ભાષાને રજુ નથી કરતી પરંતું તે ફક્ત તેજ ભાષાને નવા રૂપમાં રજુ કરે છે.  તો પણ વાતચીતના આ બે માધ્યમોની વચ્ચે અંતર છે. પહેલું લખેલા શબ્દો બોલાયેલા શબ્દો કરતાં વધારે સ્થિર હોય છે. બોલાયેલા શબ્દો ત્યાં સુધી જ રહે છે,જ્યાં સુધી આપણા બોલવામાં અવાજ હોય છે. જ્યારે લખાયેલી વસ્તુ ત્યાં સુધી સચવાય છે જ્યાં સુધી તે વસ્તુ રહે છે એટલે કે બોલી ગયેલા શબ્દ સાત્વિક,પરોક્ષ અને કામચલાઉ હોય છે. જ્યારે લખેલા શબ્દ મુર્ત પ્રત્યક્ષ અને કાયમી હોય છે બીજું બોલતી વખતે સાંભળનાર હંમેશા આપણી સામે હોય છે. તે પ્રમાણે આપણા સંદેશાની મુખ્ય વસ્તુમાં શબ્દનો અર્થ અને સાથે જ એવા હાવભાવ પણ સામેલ હોય છે જેમાં આપણા અવાજની ધ્વનિ સંબંધી ગુણવાતા પણ સામેલ હોય છે. ભાષાના બોલવામાં આવેલા શબ્દોને કોઈપણ પ્રકારની ભુલની સ્થિતિમાં આપણે પોતાની રીતે સુધારી શકીએ છીએ, પરંતું ભાષામાં લેખિતમાં આવી કોઈ સુવિધા હોતી નથી પ્રખ્યાત સાહિત્યકાર પ્રેમચંદે પણ કહ્યું છે કે બોલવાથી જુબાન કપાતી નથી,પરંતુ લખી આપવાથી હાથ કપાઈ જાય છે.નસીબથી  આપણી પાસે લખતી વખતે તેનાથી ઘણો વધારે સમય પણ હોય છે. જેટલો આપણી પાસે બોલતી વખતે નથી હોતો. તેથી જો આપણે ઈચ્છીએ તો આપણી પાસે વાક્યો સુધારવા અને તેને ફરીથી લખવાનો અવસર પણ હોય છે. આમ,બોલાયેલ વાક્યો લખાયેલ વાક્યોની સરખામણીમાં ઓછા જટિલ હોય  છે.

ભાષા હંમેશા બદલાતી અને વિકસતી રહે છે. પરંતું આ ફેરફાર લેખિત ભાષાની સરખામણી માં બોલવાની ભાષામાં જલ્દી દેખાઈ આવે છે. લેખિત ભાષા તેનું માળખુ લાંબા સમય સુધી ટકાવી રાખે છે, અને ખુબ જ ધીમેથી બદલાય છે. બાળકો દ્વારા લખવુ, શિખવાની બાબતમાં આ એક મહત્વનું  બિન્દુ છે.શરૂઆતમાં બાળકો દ્વારા લખવાના બધા જ પ્રયત્ન શબ્દનો અવાજ અને જેવી રીતે શબ્દ બોલવામાં આવે છે તેનાથી પ્રભાવિત થાય છે. જો બોલાયેલા કે લખાયેલા સ્વીકારેલા પ્રકારોની સાથે મેળ નથી આવતો તો તેનાથી બાળક દ્વારા ભુલો થવાની સંભાવના વધી જાય છે. આ રીતે  આવી ભુલો હંમેશા શિખવા તરફ આગળ વધી રહેલા ને બતાવે છે તેથી તેને તેની અગત્યની બાબતોને જોવી જરૂરી છે.

**પાઠના પ્રશ્નો**

(૧) લખવું ફક્ત એક પ્રકારનું માધ્યમ છે જે.....

(ક) નવી ભાષાને રજુ કરે છે.

(ખ) તેજ ભાષાને નવા રૂપમાં પ્રસ્તુત કરે છે.

(ગ) લખાવાનું શિખવાડે છે.

(ઘ) વાંચવાનું શીખવાડે છે.

(૨) લખવા માટે કોઈ વ્યકિતમાં કઈ આવડત હોવી જરૂરી છે.

........................................................................

........................................................................

........................................................................

નોંધ

(૩) ભાષામાં બોલવામાં અને લખવામાં શુ તફાવત છે ? તેમાંથી કયો પ્રકાર વધારે ફેરફાર વાળો તથા વધારે પ્રમાણીક છે ?

......................................................................

......................................................................

......................................................................

(૪) કોઈને એક ફકરો વાંચવા માટે કહો. ત્યાર પછી તે બધુ તેને લખવા માંટે કહો જે તે ફકરામાં સમજી શક્યો હોય. જુઓ કે તેને લખતી વખતે કઈ-કઈ મશ્કેલીઓનો સામનો કર્યો તથા કઈ-કઈ ભુલો કરી.

......................................................................

......................................................................

......................................................................

## ૬.૩ લખવાની શરૂઆત

### ૬.૩.૧ ચલાવવાની આવડત

લખવા ઘણી બધી આવડતોના જોડાણની જરૂર છે. એક બાળક લખવાનું શિખી શકે તે પહેલા તેના દ્વારા એ આવડતમાં નિપુર્ણતા મેળવવી જરૂરી છે જે તેની સાથે જોડાયેલ છે.પહેલા બાળકોમાં ચલાવવાની નિપુણતાની આંગળીઓની પકડ સારી રીતે વિકસીત થયેલી હોવી જોઈએ. ચલાવવાની આવડતના વિકાસને પ્રોત્સાહિત કરવા માટે બાળકોને મજબુત વસ્તુ સાથે ક્રિયાઓ કરાવવી જોઈએ. વસ્તુઓને પકડવા અને તેનો પ્રયોગ કરવાથી બાળકોની પકડ વિકસીત થાય છે. ચિત્રકાર બાળકોમાં ચલાવવાની આવડતનો વિકાસ કરવાની સાથે તેનું મનોરંજન પણ કરે છે,તેથી બાળકોને ચિત્ર (ડ્રોઈંગ) બનાવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. બાળકોના ચિત્રમાં શરૂઆતમાંતો નકામું લખાણ જેવો આકાર બને છે જે ધીરે-ધીરે ઓળખાય તેવો યોગ્ય આકાર અને ચિત્રના રૂપમાં વિકસીત થઈ જાય છે. તદ ઉપરાંત એક વાસણમાં પાણી રેડવું, ફુલોની માળા (હાર) બનાવવી માટી અથવા કાદવથી આકાર બનાવવા જેવી રમત પણ ચલાવવા સંબંધી આવડતોનો વિકાસમાં મદદ કરે છે. બાળકોના ઘરનું વાતાવરણ તેના એ પ્રકારના કામો પુરતી તક આપે છે. તેથી શિક્ષકે બાળકોને આ પ્રકારની પ્રવૃતિઓની તક આપવી જોઈએ.

### ૬.૩.૨ અક્ષરો, શબ્દો અને વાક્યોનો અભ્યાસ.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે અક્ષરોનો વારંવાર અભ્યાસ કરવાથી વાક્યો લખવામાં મદદ મળે છે. આ વાત એક હદ સુધી સાચી છે પરંતુ જો બાળકો અક્ષરોને પુનરાવર્તન કરવાના અઘરા કામે લાગી રહેશે તો લખતાં શિખવાનું શરૂઆત કરતાં પહેલા જ લખવા પ્રત્યે તેની રુચી પુરી થઈ જશે કેમ કે બાળકોને લેખિત શબ્દોની ઓળખ કરવા માટે જુદા-જુદા અક્ષર અને મુળાક્ષર ઉપયોગી છે. પરંતુ એ ત્યાં સુધી અર્થપુર્ણ નહિ થઈ શકે જ્યાં સુધી શબ્દો અને વાક્યોની સાથે તેમના સંબંધને સ્પષ્ટ નહિ કરવામાં આવે.બાળકોને લખતાં શિખવાડવામાં બે બાબતો ખુબ જ મહત્વ ધરાવે

છે. તેમની યોગ્યતા તથા આવડતોનું સન્માન કરવું અને આનંદ દાયક વાતાવરણ તૈયાર કરવુ જેમાં તે શિખી શકે આ વાતને સમજવી જરૂરી છે કે બાળકોમાં ભાષા શિખવાની પુષ્કળ અને જન્મજાત (શક્તિ) આવડત હોય છે. તે સામાજીક અનુભવો દ્વારા,જેનામાં બોલવું અને સાંભળવું શક્ય છે. સ્વભાવીકપણે તે પોતાની માતૃભાષા શીખી જાય છે. તેવી જ રીતે,લખવાની વસ્તુ સાથે જોડાયેલા અર્થપુર્ણ અનુભવો દ્વારા મોટા ભાગે લખવાના નિયમ પણ મેળવી લે છે.ભણવાની બાબતમાં આપણે હંમેશા આ માન્યતાને આધારે કામ કરીએ છીએ કે બાળકોને દરેક વસ્તુ બતાવવી જરૂરી છે. તેમને જ્યાં સુધી બતાવવામાં નહિ આવે ત્યાં સુધી તે કઈ પણ નહિં સમજી શકે. પરંતુ એવુ નથી. આપણે આવી માન્યતાઓમાંથી દૂર જવાની જરૂર છે, અને બાળકોની આવડતને સન્માન કરવાની જરૂર છે. સ્કુલમાં આવતા પહેલાં બાળકમાં એક વિશેષ લખવાની ક્ષમતા (આવડત) પણ હોય છે. આ એક અલગ વાત છે કે બાળકો માટી,જમીન અથવા કાગળ પર જુદા-જુદા પ્રકારની નિશાની કે ચિત્ર બનાવી સારી એવી વાર્તા કહી દે છે. આ ચિત્રો તેમની માટે નકામા નથી હોતા પરંતુ પોતાની વાત-ચીતને લખીને કહેવાની એક ખાસ ભાષા હોય છે. બાળકોને તેમની આવડતનો પુરો ઉપયોગ કરવાની તક આપવી જોઈએ. શિખવાનું કામ ચિત્રને પુરુ કરવા માટે ટુકડાને એક સાથે જોડવાજેવુ કામ નથી પરંતુ હકીકતમાં તો તે તેનાથી ઉંધી ક્રિયા છે.સૌથી પહેલા પુરે પુરુ ચિત્ર આકાર લે છે અને પછી ખાસ વસ્તુઓ જુદા-જુદા પ્રકારે સ્પષ્ટ થતી જાય છે. જ્યાં સુધી એક અર્થપુર્ણ,પુરેપૂરુ પ્રાપ્ત નથી કરવામાં આવતું નાની ખાસીયતો જેવી કે મુળ અક્ષરના અલગ-અલગ અક્ષરની કોઈજ અર્થ નથી હોતો તથા તે કંટાળાજનક પણ હોય છે.આ પ્રકારનો પ્રયત્ન લખવાની પુરેપુરી ક્રિયાને ટાળવાની પ્રવૃતિને સહારો આપે છે. કારણ કે ભાષાની સારી સમજ અને ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કરવું શાળામાં ભણવામાં આવતા લગભગ બધા વિષયોને સમજવાને આધાર બનાવે છે.

**પાઠના પ્રશ્નો**

૧. શિખવાની ક્રિયા કેવી રીતે પુર્ણ થાય છે ?

(ક) ચિત્રને પૂરૂ કરવા માટે ટુકડાઓને એક સાથે જોડવું

(ખ) પહેલા પુરેપુરા ચિત્રનો આકાર લેવો પછી ખાસ વસ્તુઓ સ્પષ્ટ કરવી.

(ગ) યાદ કરીને વાંચવું

(ઘ) ચિત્ર બનાવીને શીખવું

૨. સ્કૂલમાં આવતાં પહેલાં બાળકો દ્વારા બનાવવામાં આવેલ નિશાન કે આકૃતિઓ (ચિત્રો) વગેરે આપણને તેમના વિશે શુ કહે છે ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

૩. ચલાવવાની આવડતનો અર્થ શું છે ? તેનો વિકાસ કેવી રીતે કરી શકાય.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

૪. મુળાક્ષરથી લખતાં શિખવાનું શરૂ કરવામાં શુ મુશ્કેલી છે ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૬.૪ સારા લખાણનું મહત્વ અને તેનું તત્વ


વારંવાર : લખતાં શિખવાની શરુઆતમાંજ આપણે બાળકોના ગુણવતા પર ધ્યાન આપવા મંડી જઈએ છીએ.એ સારી બાબત છે કે બાળકીનું હસ્તલેખન વાંચવા યોગ્ય હોય પરમતુ તેનાથી વધારે મહત્વપુર્ણ બાબત એ છે કે, તેણે જે લખ્યુ છે તે મહત્વ પુર્ણ હોય છે.બાળકી લખેલીનું સારી રીતે કોપી કરી શકે છે.પરંતન શું તે એને સમજી પણ શકે છે ?

## ૬.૪.૧ વાંચવા યોગ્ય અને સુંદર લખાણ.

શરૂઆતના ધોરણમાંજ શિક્ષક સારુ લખાણ અને સુંદર અક્ષરો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.પરંતુ જરૂરી છે કે બાળકોએ લખેલું અર્થપુર્ણ હોય. લેખનની સુંદરતા તેણે કેટલુ અર્થ પિર્ણ લખ્યુ છે તે વાત ઉપર છે.ાસારા લખાણના જે વાત માટે વખાણ કરવામાં આવેછે. તે એ છે કે વાચવામાં કેટલુ સહેલું છે.સુંદર હસ્તાક્ષર અને ભાષાની પકડની વચ્ચે કોઈજ સંબંધ નથઈ જો કેઈ વ્યકિતના હસ્તલેખન સારા છે તો જરૂરી નથઈ કે તેનું ભાષા પરનું પ્રભુત્વ વધારે હોય. એવી જ રાતે કોઈનું હસ્ત લેખન ખરાબ છે તે જરૂરી નથી કે તેનું ભાષા પરનું પ્રભુત્વ ઓછું હોય.

## ૬.૪.૨ સારા લખાણને વિકસીત કરવા બાળકોને મદદ કરવી.

સારા હસ્તાક્ષરમાં વિકસીત કરવા માટે મદદ લખવા માટે કોઈ અલગ રીતે જરૂરી વાતોને તેમાં ઉમેરીને કરી શકાય છે.જેમ કે સારુ ચલાવવું,આવડત,ચિત્ર-તર્ક,પેન્સિલ પકડવી અને જુદી-જુદી કસરતો દ્વારા વાક્યમાં સ્થિરતા લાવવી. અક્ષર લખતા શિખવાડતા સમયે શિક્ષક જુદા-જુદા પ્રકારનું મનોરંજનના ઉપાયો પણ વિકસીત કરી શકે છે. દા.ત. બાળકોને આ બતાવી શકાય કે અક્ષર એસ () સાપની આકૃતિ જવો હોય છે ? તેવીજરીતે હિન્દીમાં બ ()ની મોટા પોટવાળા વ્યક્તિની સાથે તુલના (સરખઆણની) કરી શકાય છે.અને આવી જ રાતે રમતના અભ્યાસ દ્વારા લેખનના ખામી યુક્ત વાક્યો આ પ્રકારના હોઈ શકે છે.શબ્દોની વચ્ચે જરૂરી જગ્યા ન છોડવી, અક્ષરોનો આકાર,ને લાઈનમાં ન રાખવું વગેરે. દા.ત.અક્ષરના આકારની મુશ્કેલી (ભુલમાટે) શિક્ષકે ક ખાસ આકારના ગોળા બનાવી શકે છે,અને બાળકોને એને અક્ષરોથી ભરવા માટે કહે છે ?


નોંધ

## ૬.૪.૩ હસ્તાક્ષર (લખાણ) અને ચારિત્ર્ય.

કેટલાક શિક્ષકો અવુ માલે છે કે ખરાબ લખાણ ચારીત્ર્યમાં ખરાબી (ભુલ) લાવે છે. તેથી તે હંમેશા બાળકોના અક્ષરોને વાંવાર સ્વચ્છ અને કંટાળાજનક કામમાં લાગ્યા રહે છે. આપણે અ સમજી લેવું જોઈએ કે જે પ્રક્રિયા લખાણમાં સુધારો કરવાના હેતુથી ચલાવવામાં આવે છે તે બહુજ અઘરી,મહેનત વાળી અને પુરે પુરી બિનઉપજાઉ હોય છે. હસ્તાઅક્ષરમાં સુધારો લાવવાથી ચારીત્ર્યમાં સુધારો નથી આવતો કારણ કે,હસ્તાક્ષર ચારીત્ર્યને પ્રભાવિત કરતી નથી.હસ્તાક્ષરમાં સુધારો લાવવાના કંટાળાજનક પ્રયૈસો ને કારણે બાળકો લખવામાંથી રુચી ખોઈ બેસે છે. આપણે એવી પ્રક્રિયા પર ધ્યાન દેવું જોઈએ જે લખવાની ક્રિયાને અર્થપુર્ણ અને જાનપસંદ પ્રવૃતિ બનાવે છે.

## ૬.૪.૪ ડિસ્લેકિસયા અને બપીજી અશક્તિઓના સુચકના રૂપે હસ્તાક્ષર

એક બાળકના હસ્તાક્ષર તેના વિષેની જાણકારી પ્રાપ્ત કરાવે છે. એ શક્ય છે કે બાળક લખવામાં ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હોય.એમાંથી કેટલીક જેવી કે ડિસ્લેકિસયા, પ્રાણી શાસ્ત્ર આધારીત પરિસ્થિતિઓ છે. ડિસ્લેકિસયા એક એવી સ્થિતિ છે. જેમાં એક વ્યક્તિ પોતાના મગજની જુદા પ્રકારની રચનાને કારણે સુચનાઓનું જુદી રીતે કિયા કરે છે. ડિસ્લેકિસિયાથી પિડાતી વ્યક્તિ હંમેશા ચિત્રને પુરેપુરી રીતે જુએ છે નહિ કે તેને બનાવવાના ભાગની હરાને અથવા ક્રમમાં .આવી સ્થિતિ લકવામાં મુશ્કેલી પેદા કરે છે. આવી અવસ્થા વાળઆ વ્યક્તિ દ્વારા લખાયેલા હસ્તાક્ષર વાસ્તવમાં વાંચવા યોગ્ય હોતા નથી.તેના અક્ષરોનો આકાર આડા અવળો હોય છે,અને તેજ શબ્દો અથવા અક્ષરોને લખવામાં મુશ્કેલીઓ જોઈ શકાય છે.આવી રીતે બાળક અક્ષરો અને શબ્દોને લખવામાં ભુલ કરે છે, પરંતુ દરેક વખતે એક જ ભુલ નથી હોતી .તેને અન્ય જગ્યાએથી લખેલી સામગ્રીની કોપી કરવામાં પણ મુશ્કેલીઓ અનુભવી શકાય છે. બાળક દ્વારા લખવામાં અપનાવાયેલી

ડિસ્લેકિસયાના બીજા કેટલાક લક્ષણો તે લખવાની નબળી આવડતની સાથે જોડાયેલા હોય છે. જેમ કે, ડિસ્પ્રાકિસયા (નબળું ચલાવવાની આવડત અને વ્યવસ્થા) ચિત્ર તર્ક સંબંધી આવડતમાં કમી વગેરે. આવા લક્ષણો દેખાવા છતા પણ આપણે એવું માની નથી શક્યા કે આ એક બિમારી હોવાનો સંકેત છે. આ ફક્ત એક સંકેત છે, મજબુત આધાર નથી આથી, એ જાણ કરવા માટે કે શું બાળક આ સ્થિતિમાં છે. જેના કારણે તેને સહાયતાની જરૂર હોય તો એવી સ્થિતિમાં નિષ્ણંતોની મદદ લેવી જરૂરી બને છે. જેવા કે વ્યવસાયિક તબીબ (ડૉક્ટર) (ઓક્યુપેશનલ થેરેપિસ્ટ)

**પાઠના પ્રશ્નો**

(૧) ડિસ્લેકિસયાથી પીડીતી વ્યક્તિ

(ક) હંમેશા ચિત્રને સમપુર્ણ રૂપે જુએ છએ.

(ખ) ચિત્ર જોઈ શક્તિ નથી.

(ગ) ચિત્ર બનાવાવાળા ભાગની લાઈન કે ક્રમમાં

(ઘ) ચિત્ર બની શક્તુ નથી

(૨) લખવાની પ્રક્રિયાપર હાથની આકૃતિ અને પેન્સિલનીપકડના પ્રભાવનું વિશ્લેષણ કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

(૩) આવા ઉપાયો પરપ વિચાર કરો જેનાથી અક્ષરોને એક જુદા સ્વરૂપે જોતાઅક્ષર લેખનને મનપસંદ બનાવી શકાય. એવા સ્વાધ્યાયના પાઠ તૈયાર કરો કે જે હસ્તાહરની મુશકેલીઓને દુર કરવામાં મદદ કરે.

..........................................................................

..........................................................................

..........................................................................

(૪) માનો કે તમારા વર્ગમાં એક એવી બાળકી છે જે આડા-અવળા શબ્દ લખે છે અને એનું લખાણ સમજી શકાતુ નથી. તમે શુ કરશો ? સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

## ૬.૫ સારા લખાણની ખાસીયતો

એવી આશા રાખઈ શકાય કે આપણી લખવાની ભાષા વ્યાકરણ અને ઉચ્ચારણના કેટલાક નિયમોને આધિન હોય છે. બોલતી વખતે જો સાંભળવાવાળો જોઆપણને ખોટી રીતે સમજી રહ્યો છે તો અર્થને સ્પષ્ટ કરવાનો મોકો આપણી પાસે હોય છે. પરંતુ લખેલી વાતચીત (સંવાદ) માં આ પ્રકારનો કોઈ મોકો હોતો નથી. પરંતુ માનકોમાં આ અંતર પેલા બાળકની સામે કેટલીક સમસ્યા ઓ ઉભી કરીદે છે જે લખતા શીખી રહ્યું છે. કારણ કે બોલવાની ભાષા લખતા શીખવાના હેતુ માટે કામ કરે છે.લેખીત ભાષાના આ લક્ષણ કે જે બોલવાની ભાષામાં નથી હોતા, તેના પર જો શરૂઆતથી જ જોર આપવામાં આવે તો ભાષા શિખવી એ એક સમસ્યાનો વિષય બની જાય છે.

ભાષા સંબંધિત ચારેય આવડતોમાં લખવું સૌથી અઘરી બાબત છે. તેના માટે શબ્દકોશ, વ્યાકરણ અને વાક્યરચના પર જમાવટ પ્રાપ્ત કરવાની જરૂર પડે છે. સમજવું એ એક સારા લખાણનું મહત્વનું લક્ષણ છે. લખવાની ક્રયા ને અર્થ બનાવવાની ક્રિયા તથા જુદા-જુદા (છુટા-છવાયા) વિચારોમાં સંબંધતા લાવવાની ક્રિયાના રૂપમાં પણ વર્ણન કરી શકાય છે. લખવાનો હેતું અર્થપુર્ણ અભિનય અને વાતચીત છે. આ હેતુ હેમેશા વર્ગમાં સાચુ લખવા માટે જોર આપવા પાછળ છુપાઈ જાય છે.

## ૬.૫.૧ વ્યાકરણની દૃષ્ટિએ સાચી ભાષા

બાળકો જ્યારે પણ કઈક લખે છે તો હંમેશો શિક્ષકો એમાંથી ઉચ્ચાર અને વ્યાકરણની ભુલો કાઢવા લાગે છે. એમણે વિચારવું જોઈએ કે બોલતા અને લખતી વખતે આવી ભુલો થાય તે સ્વાભાવિક છે. આપણામાંથી કોઈપણ શરૂઆતથીજ નથી શુધ્ધ-શુધ્ધ બોલતુ કે ના તો શુધ્ધ-શુધ્ધ લખતું હોય છે.ખઆસ કરીને જ્યારે અઘરા (કઠીન) વિચારોને લખવાનું હોય તો ભુલ થવાની સંભાવના વધારે રહે છે.

ધ્વનિ (લહેકો) ની બાબતમાં સ્વાભાવિક છે કે શરૂ-શરૂ માં જુદા-જુદા બાળકો જુદી-જુદી રીતે લખશે. એક જ શબ્દ જુદા-જુદા બાળકોના સામાજીક દૃષ્ટિએ અલગ-અલગ રીતે બોલાય છે. દા.ત. એ શક્ય છે કે કોઈ સમુદાયમાં (સમાજ)માં 'શક'અને 'સક' માં કોઈજ તફાવત ના હોય.

આવા બાળકો સ્વાભિક રીતે શરૂઆતમાં 'શાથ' અથવા 'શાંતિ' ને 'સાથ' અથવા 'સાંતિ' લખશે.એને ભુલના માનીને શીખવાની સીડીનો એક ભાગ માનવો જોઈએ.આવા પ્રકારના ઉદાહરણો આપણે વાક્યોના રૂપમાં પણ લઈ શકાય. હિન્દી બોલવાવાળા કેટલાક સમુદાયમાં (સમાજ)માં ક્રિયામાં લિંગ ભેદ કરવામાં નથી આવતો.જો આપણે બાળકો અને તેનાં માતા-પિતાની સામે વારે ઘડીયે આવી ભુલો પર ભાર આપીશું તો તે બંન્ને ઉદાસ થઈ જશે. તેથી આવી પરિસ્થિતિમાં આપણે હંમેશા જોઈ એ છીએ કે બાળકો સ્કુલ (શાળા) છોડી દે છે.

બાળકોને સાચો ઉચ્ચાર અને સાચુંવ્યાકરણ શિખવાડવા માટે તેમને વધુમાં વધુ દિલચસ્પ (ગમતું) અને પડકાર રૂપ વસ્તુઓ ભણવા માટે આપવી જોઈએ,અને રોજિંદા લખવા માટે પ્રેરિત કરવા જોઈએ

શુધ્ધ ઉચ્ચાર અને વ્યાકરણ આપણા માટે કોઈ અર્થપુર્ણ હેતુ નથી. અર્થપુર્ણ હેતુ છે- પ્રભઆવી, ગમતું અને સંતોષકારક વાતચીત.

## ૬.૫.૨ વાતચીતની ભાષામાં સ્પષ્ટતા અને સંક્ષિપ્તતા

સ્પષ્ટતા અને બારીફાઈજ્યારે પણ તમે કંઈક લખો છો તો એવું વિચારીને લખો છો કે આને કોઈ વાંચશે. પછી ભલે એ વાંચવાવાળા આપણે પોતેજ કેમ ના હોઈએ. તેથઈ આપણી લાખવાની રીતમાં તેનો પ્રકાર, વ્યાકરણ અથવા શબ્દાર્થમાં વાંચવાવાળી વ્યક્તિ અથવા સમુહ પ્રમાણે ફેરફાર આવે છે. આ વાતને ધ્યાનમાં રાખીને વર્ગમાંએવી પ્રવૃતિઓ કરી શકાય જેના પાયામાં તે છુપું રહે કે બાળકોને જુદા-જુદા લેશનો માટે લખવા માટે પ્રોતસાહિત કરી શકાય છે.

લખવામાં સ્પષ્ટતા એ જરૂરી છે.કારણ કે તેનાથી વાંચવાવાળાને ખબર પડે છે કે લખવાવાળાનો અર્થ અથવા મંતવ્ય શું છે. સ્પષ્ટ અને ચુંકા લખાણ જરૂરીયાત નથી હોતી,પરંતુ પાઠક (વાંચક) ના રૂપમાં પણ તેમને તેમની જરૂર હોય છે. વાંચવાછી તેમને પેલી જુદી-જુદી પધ્ધતિઓની ખબર પડે છે. જે લખવાવાળા દ્વારા પોતાના વિચારો વાંચકો સુધી પહોંચવામાં ઉપયોગ કરી શકાય છે.

સંક્ષિપ્ત અને સ્પષ્ટ લખાણ માટે આગળ પ્રમાણે યોજના બનાવવાની જરૂર પડે છે વ્યક્તિ એ પોતે જ લેખન સામગ્રી ભેગી કરવી જોઈએ.

નોંધ

## ૬.૫.૩ સાદી વિરૂધ્ધ અલંકારિક ભાષાં

આ એક ચાલુ માન્યતા છે કે સારુ કાર્ય એને કહેવાય જેમાં મોટા શબ્દો અને વાક્યોની સાથે અલંકારીક ભાષાનો ઉપયોગ પણ કરવામાં આવે. પરંતું એ વાંચતાં લોકોને બતાવાના બદલે ભ્રમ પેદા કરેતો તેનો હેતું બદલાઈ જાય છે. જે લખાણ તેને વાંચનાર અને સાંભળનાર પોતાના સંદેશાને સ્પષ્ટ રાતે પહોંચાડે છે. તે જ સારો લેખક કહેવાય છે. આથી બાળકોને લખવામાં એવી ભાષાનો પયોગ કરવા ાટે પ્રોત્સાગિત કરવા જોઈએ જોમાં તેમનું મંતવ્ય સ્પષ્ટ થઈ શકે.

મહત્વની વાત,પોતાને રજુ કરવાની યોગ્યતા છે,નહિ કે કોઈ એક વ્યક્તિ પોતાનું લખવાના ફળ સ્વરૂપ બીજા પર પ્રભાવ પેદા પાડવા માંગતો હોય.એનો અર્થ એ નથી કે ફક્ત સરળ લેખન જ સારુ લેખન હોય છે. જેમ-જેમ બાળકોનું શબ્દ ભંડોળવાચવા અથવા ભાષા સાથે જોડાયેલ બીજી વસ્તુઓના માધ્યમ દ્વારા વિકસીત થવા લાગે છે,તેમ તેમ તે કેટલાક આલંકારીક શબ્દોનો ઉપયોગ પણ કરવા લાગે છે. બાળકો દ્વારા કવામાં આવેલા આવા અર્થ પુર્ણ પ્રયત્નોને પ્રોત્સાહિત કરવું જોઈએ. સારો શબ્દ ભંડોળ જે વ્યક્તિને પોતાના અભિપ્રાય માટે ઘણા વિકલ્પ અને સ્વતંત્રતા આપે છે. તે ખરાબ વસ્તુ નથી હોતી. તો પણ પોતાની વાતને સરળતાથીકહેવા માટેનું પ્રભુત્વ આપવું જોઈએ પ્રમાણીકતાથી કરવામાં આવેલું સાદુ લખાણ હંમેશા અલંકારીક અને અભિમાનવા લખાણ કરતા આગળ એટલે કે તેનાથી શ્રેષ્ઠ હોય છે.

**પાઠના પ્રશ્નો**

(૧) લખવાનો હેતુ શું છે ?

(ક) બોલીને લખવું

(ખ) અભિનય

(ગ) સાચુ લખવું

(ઘ) અર્થપુર્ણ અભિનય અને વાતચીત

(૨) સારા લખાણની ખાસિયતો શું છે

.......................................................................

.......................................................................


.......................................................................

(૩) અર્થપુર્ણ લેખન (લખાણ) વધારે મહત્વનું છે કે શુધ્ધ લખાણ કારણ સહિત જવાબ આપો.

.......................................................................

.......................................................................

.......................................................................





(૪) લખતા શીખવાની શરૂઆતમાં બાળકો ઉચ્ચાર અને વ્યાકરણને લગતી ભુલો કેમ કરે છે

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(૫) એવી પ્રવૃતિઓ વિશે વિચારો જેમાં બાળકોને ગમતા પુસ્તકો ઉપયોગ સારા લખાણના ગુણો પર ભાર આપવા માટે કરી શકાય.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## ૬.૬ પ્રાથમિક ધોરણોમાં લેખન કૌશલ્ય (આવડત) નો વિકાસ

પ્રાથમિક ધોરણોમાંલખાણનો વિકાસ ભાષા સંબંધિત બીજી ત્રણ આવડતો-સાંભળવું,બોલવું અને વાંચવું દ્વારા બનાવેલી પાયા પર નિર્માણ હશે.પણ સમજવું જરૂરી છે કે,બાળકો ત્યારે પ્રભાવિત થઈને લખવાનું શિખશે જ્યારે લખવાની ક્રિયા અર્થપુર્ણ હશે તથા જે લખાઈ રહ્યું છે તે બાબત જોડાયેલા અને બાળકો માટે પસંદગીવાળું હોય. આના માટે બાળકોને સમુહમાં કેટલીક પ્રવૃતીઓ કરાવી શકાય છે. આ બાબતમાં જે પ્રવૃતિઓ નીચે બતાવવામાં આવી છે તે ફક્ત દરખાસ્ત છે, અને તે શક્ય અથવા ઉપરની પ્રવૃતિઓનો નાનકડો ભાગ છે.

**(૧). ચિત્ર બનાવવા :** આમા હાળકોની સામે કેટલાક પાત્રો અથવા વસ્તુઓ વાળા એક ચિત્ર ને રજુ કરવામાં આવે છે, અને તેમને તેના વિશે લખવાનું કહેવામાં આવે છે. આ કાર્યમાં જુદા-જુદા પ્રકારની રચનાઓ (ચિત્રો) નો પણ સમાવેશ કરી શકાય છે. તેમને (બાળકોને) ચિત્રને આધારે એક વાર્તા લખવાનું, ચિત્રમાં ખાલી જગ્યા ભરવાનું અથવાતો ચિત્રના વિશે લખવાનું કહી શકાય છે. જ્યારે તેમને ચિત્રોની એક હાર રાખી દેવામાં આવે તો તેમને તે ચિત્રમાં જે વાર્તા (સ્ટોરી) જોઈ શકાય છે. તેને શબ્દોમાં રજુ કરવાનું કહી શકાય છે.

**(૨). આપવામાં આવેલ રેખાચિત્રમાંથી વાર્તા બનાવો :** બાળકોને શબ્દો અથવા શબ્દોની જોડીની એક હાર સ્વરૂપે એક વાર્તા માટે મોટા આપી શકાય છે,અને ત્યાર પછી તેમને પોતાને જ તેના પર એક વાર્તા લખવાનું કહી શકાય છે.બાળકોને એના વિશે પણ લખવાનું કહી શકાય છે.

**(૩)** બાળકોને એના વિશે પણ લખવાનું કહી શકાય જેમાં તે સામાન્ય રીતે ઘણી રુચી (પસંદગી) રાખે છે અથવા જેના વિશે તે ખુબજ વાત કરે છે. આનાથી ફક્ત લખવાની આવડતમાંજ વિકસીત કરવાની મદદ નથી મળતી પરંતુ શિખવાની પ્રક્રિયાને આગળ વધારવામાં શિક્ષકને વધારે યુક્તિઓની તરફ લઈ જવામાં પણ મદદ મળશે.

**(૪). વાર્તાને આગળ વધારવી :** બાળકોને એક વાર્તાની શરૂઆત કરવામાં આવ છે અને પછી તેમને વિચારીને આગળ વધારવા માટે કહી શકાય છે.

**(૫). શ્રુતલેખન (ડિટેશન) સાંભળીને લખવું :** શિક્ષક કેટલાક શબ્દોને જોરથી બોલે છે, અને બાળકોને લખવા માટે એ જોવાના હેતુથી કહે છે કે શું બોલાયેલી અને તેમણે લખેલાની વચ્ચેના સંપર્કને સમજી લીધુ છે.

**(૬) છેલ્લો અક્ષર પહેલો :** બાળકોને એક સમુહમાં બેસાડવામાં આવે છે. અને શબ્દોને એક-એક કરીને એવી રીતે લખવાનું કહેવામાં આવે છે કે એ લોકો જે લખે છે.તેનો પહેલો અક્ષર શબ્દનો છેલ્લો અક્ષર હોવો જોઈએ જે પહેલા આવ્યો હતો. જો એવો કોઈ ઉપાય છે જેનાથી એ જાણી શકાય છે કે ક્યો લખ્યો છે તો પછી શિક્ષક મુશ્કેલીઓ અને શક્તિઓ ને ઓળખવા માટે શક્તિમાન બની શકશે.

**(૭).** શિક્ષક,બાળકોને તેમની પસંદગીના કોઈ વિષય પર વાત કરવાની પરમીશન (રજા) આપી શકે છે અને જે તે કહે છે તેને બાળકોની સામેજ લખી શકે છે.આનાથી લખવાનો વાતચીત સંબંધી હેતું સ્પષ્ટ થશે અને બોલવા તથા લખવાની વચ્ચેનો સંબંધ પણ સ્પષ્ટ થઈ શકે છે.

**(૮ ) તાલબધ્ધ શબ્દ :** બાળકોને એવા શબ્દો બતાવવા માટે કહી શકાય છે કે જે કોઈ વાક્યના અતે કવિતા જેવું બનાવતું હોય અથવા આપવામાં આવેલા વાક્યના અંતમાં એકબીજામાં સુર-સમાનતા રાખતા હોય.

બાળકોને લખતા શિખવાડતી વખતે શિક્ષક દ્વારા એમને પોતાના વિચારોને વ્યક્ત કરવાનો મોકો હંમેષા આપવો જોઈઅ તથઆ બાળકોને એવા વિષયો પર નિબંધ લખવા ના આપવો જોઈએ જે તેમણે ગોખીને લખવો પડે. જો બાળકોને આપવામાં આવેલું કાર્ય તેમનાં જીવનને અનુરુપ જોડાયેલુ હશે તો એ વધારે લખશે

**પાઢના પ્રશ્નો**

(૧). બાળકોને લખતા શિખવાડતા સમયે શિક્ષકે શું કરવું જોઈએ ?

(ક) ગોખઈને લખવાવાળા વિષય આપવા જોઈએ.

(ખ) મુળાક્ષરો લખવા માટે આપવા જોઈએ.

(ગ) પોતાના વિચારો લખવાનો મોકો આપવો જોઈએ.


(ઘ) એ.ક જ અક્ષરને અસંખ્ય વખત લખવા આપવા જોઈએ

(૨). સૂર બધ્ધ શબ્દ લખાતા શિખવાડવામાં કેવી રીતે મદદરૂપ છે ? સ્પષ્ટ કરો.

..............................................................................

..............................................................................

..............................................................................




(૩). પ્રાથમિક ધોરણોમાં લખતા શિખવાડવા માટે આપવામાં આવેલી પ્રવૃતિઓ વર્ગમાં બાળકોની સાથે કરી જુઓ

..................................................................................

..................................................................................

..................................................................................

(૪). લખતા શિખવાડવામાં વાર્તાના માધ્યમમાં કઈ-કઈ પ્રવૃતિઓ કરાવી શકાય ?

..................................................................................

..................................................................................

..................................................................................

## ૬.૭ લખવાના ઊંચા પ્રકાર

લખવાના બે મુખ્ય ઉદ્દેશો (હેતુઓ) - અભિનય અને વાતચીતના વિકાસ માટે લખવાના ઊંચા પ્રકારો-ફકરો (પેરેગ્રાફ) લેખ,પત્ર

લેખન, નિબંધ લેખન, વાર્તા લેખન અને કવિતા લેખનનો સ્કુલમાં અભ્યાસ કરાવવામાં આવે છે.

### ફકરા લેખન

આની અંદર બાળકોને એક વિષય આપી તેમને તેના પર લખવાનું કહેવામાં આવે થે. નાના બાળકોમાં ખિલતી લેખન કૌશલ (આવડત)ને વિકસીત કરવા માટે ફકરા લેખન એક સારો અભ્યાસ છે. તે તેમને વિષય સંબંધીત વાતોને લખવા માટે પ્રોત્સાહિત કરે છે. આ નિબંધ લેખનની જેમ પછીના કૌશલ્યો (આવડત) માટે સારો અભ્યાસ છે. બાળકોને એવી સલાહ આપી શકાય છે કે તેઓ પોતાના જીવન સંબંધિત વાતો વિશે લખે. આ ફકરા બાળકોની ઉંમર અને વિષયની સમજ પ્રમાણે નાના કે મોટા હોઈ શકે છે.

### નિબંધ લેખન

નિબંધ એગ્રજીના એસે ( Essay) શબ્દના હિન્દી રૂપાંતરના રૂપમાંથઈ પડ્યુ છે. જેમ કે નામથી જ સ્પષ્ટ છે. નિબંધ એ એક એવી રચના (આકૃતિ) હોય છે કે જે ઘણા બધા વિચારોને ક્રમમાં બાંધે છે અથવા જોડે છે. નિબંધ મુળભુત રીતે બે પ્રકારના કેટલાયે ભાગ હોય છે. વિચારશીલ અને ભાવનાશિલ નિબંધના કેટલાય ભાગ હોય છે. જેમ કે ભુમિકા (ભાગ),એના પછી મુખ્ય ભાગ અને એના પછી સારાંશ (તારણ). આવા ભાગથી ખબર પડે છે કે એક ન્બંધથી વિચારોની ધારા પ્રતિબિમ્બિત હોવી જોઈએ.ા વિચાર એક વિષયથી જોડાયેલો હોવો જોઈએ, અને એક તર્ક બધ્ધ રીતે ગતીમાન હોવો જોઈએ.લેખક દ્વારા સ્પષ્ટતા અનેઆપરતણે વ શિયને આગળ વધારવો જોઈએ.ફકરાના વિરૂધ્ધ નિબંધમાં એક વિષય વિશેષ પર ઊંડાણથી અને વિસ્તારથી ચર્ચા કરવી જોઈએ.

નિબંધોનિ ગુણવતાના વિશે ચિન્તા કરતાં શિક્ષકો ક્યારેક બાળકોને જાતે જ નિબંધ લખાવી દે છે અને વિદ્યાર્થી પાસેથી ફક્ત યાદ રાખવાનું અને લખવાની અપેક્ષા રાખે છે.આ કોઈ વિષય પર વ્યક્તિ દ્વારા પોતાને પ્રભાવી રીતે અભિનય કરવાની આવડત વિકસીત કરવાના હેતુને સંપુર્ણ રીતે

સમાપ્ત કરી નાખે છે. આથી નિબંધોની બાબતમાં બપાળકોના પોતાના વિચારો અને અનુભવોને મહત્વનું સ્થાન આપવું જરૂરી છે.

## પત્ર લેખન

જુના રીતરીવાજો મુજબ,પત્ર દુર રહેતા લોકો સુધી સંદેશો પહોચાડવા માટે લખવામાં આવે છે. નિબંધોથી વિરૂધ્ધ,પત્રોનું એક ખુબજ વિશિષ્ટ વાટચીટ કરવાનો હેતુ હોય છે. તેથી આમા મુદ્દા અથવા લંબાણ પુર્વક કહેવું અને તાર્કિકતાથી લખવાની જરૂરીયાત હોટિ નથી.જેમ કે નિબંધોમાં જોવા મળે છે. એની જગ્યાએ પોતાની વાતચીત કરવા માટે તેમાં લખવાની એક અગત્યની આવડત અથવા પ્રવિણતાની જરૂર હોય છે. પત્ર લખવાવાળ અને પત્ર મેળવવા વાળાનો એક બીજાના સંબંધના આધારે પત્ર લેખનની રીત બદલાતી રહે છે. પત્ર લખનારને એ સમજવાની જરૂર હોય છે કે પત્ર મેળવનાર પત્રમાં લખેલા સંદેશા પર કેવા પ્રતિભાવ કરશે.

## વાર્ત લેખન

આ એક એવો અભ્યાસ છે કે જોની શરૂઆત વા સમયે કરવામાં આવે છે જ્યારે બાળકો લખવાની શરૂઆત કરે છે. આ તેમના વિચારો તછા તેમની લખવાની આવડતના વિકાસમાં મદદ કરે છે. આ એક એવી  વિદ્યા છે જેને કોઈપણ ઉંમરે પુર્ણ કરી શકાય છે.મોટા બપાળકો માટે આ અભ્યાસનો હેતું મોટા એજ હોય છે.કે જે બાળકો માટે હોય છે. પરંતું આ કામમાં ભાષા શિખવાની જગ્યાએ વિટાર કૌશલ્યો અને વિચારશીલતાના ગુણોને પ્રત્સાહિત કરવા ઉપર ભાર આપે છે. જેમ-જેમ બાળકો મોટા થવા લાગે છે તેમ તેમની પીસેથી વિષયવસ્તુોને અલગ દષ્ટિથી જોવાનું, મુશ્કેલીઓના નિરાકરણમાં સક્રિયપણે ભાગ લેવાનો અને લેખનના સુંદરપણાના ગુણને પરિપુર્ણ કરવાનો અથવા સમજવાની આશા રાખે છે. તે કૌશલ સાહિત્યના જુદા-જુદા ભાગ સાથે નજીકના સંપર્કથી વિકસીત થાય છે.ત્યાં સુધી બાળકો પુસ્તકોના જુદા-જુદા ભાગથી પરિચિત થઈ જાય છે. જેમ કે કવિતાઓ,વાર્તાઓ ,અને નાટક. આ પ્રકારનું જ્ઞાન  અથવા અનુભવ, વિચાર કરવા અને વાર્તા લખવાની (કૌશલો) આવડતોને વિકસીત કરવામાં મદદ રૂપ થાય છે. બીજી બાજુ, વાર્તા લેખન એક એવી પ્રવૃતિ છે કે જે બાળકોને તેમના વિચારોનો ઉપયોગ કરવાનો મોકો આપે છે. અને તે એ આનંદદાયક પણ છે. એનાથી પુસ્તક અને ભાષામાં રુચિ (પસંદગી) પણ જન્મે છે.

વાર્તા લેખનના માધ્યમથી લખવાની અને વિચાર કરવાની  ક્રિયામાં વિકસીત કરી ષકાય છે. તેના માટે બાળકો પાસેથી વાર્તાઓનો જુદો-જુદો અંત બતાવવાનું, એક ગંભીર અથવા મહત્વના મુદ્દાથી વાર્તાને આગળ વધારવી, ચરિત્ર વિશેષની દૃષ્ટિથી વાર્તા લખવી વગેરે માટે કહી શકાય છે.

## કવિતા લેખન

નાના ધોરણોમાં ભણતા બાળકો ફક્ત હિન્દી કવિતાઓને જ જાણે છે, જેમાં ગીતવાળા શબ્દ હોય છે. આવા ગીતવાળા શબ્દો કવિતામાં પસંદગી કરવામાં અને બાળકોના શબ્દોના પ્રભાવનો અનુભવ  કરાવવામાં મદદ કરે છે. ગીતવાળા શબેદોના કારણે બાળકો સરળતાથી વાંચી શકે છે.

નોંધ

આથી નાના બાળકો તેને સરળતાથી વાંચી શકે છે. આથી નાના બાળકોની સાથે નાની કવિતાઓ બનાવવની પ્રવૃતિઓ શરૂ કરી શકાય છે. બાળકોને એમના મિત્રોની સાથે મળીને સમુહમા અથવા એકલાને પણ કવિતા બનાવવા માટે કહી શકાય છે. આ એક ાનંદદાયક પ્રવૃત્ હોઈ શકે છે.

મોટા ધોરણોમાં કવિતા લેખન ખુબજ અઘરુ થઈ જાય છે. કારણ કે આ બાળકોની આ વિષયમાં સમજ જેવી કે,કવિતામાં શું થાય છે ? વધારે પરિપકવ અને ઊંડી હોય છે. કવિતા લેખનથી બાળકોમાં શિખામણની ભાવના વિકાસ કરવાથી પણ જોડીને જોયો અને સમજી પણ શકાય છે.

**પાઠના પ્રશ્નો**

(૧). નાના ધોરણોમાં બાળકો કેવા પ્રકારની કવિતાને જાણે છે ?

(ક) અઘરા શબ્દોવાળી કવીતા

(ખ) વિચારવાળી કવિતા

(ગ) ગીતવાળા શબ્દોવાળી કવિતા

(ઘ) નાની કવિતા

(૨) પત્ર લેખન નિબંધ લેખનથી કેવી રીતે અલગ છે.

..................................................................................

..................................................................................

..................................................................................

(૩) બાળકોની ઉત્સુકતા (લાલસા) વિષય પર એક નિબંધ અથવા એક ફકરો લખો.

..................................................................................

..................................................................................

..................................................................................

(૪) હંમેશા સ્કુલોમાં નિબંધ અથવા પત્ર શિક્ષક પોતેજ લખાવી દે છે,અને બાળકોને એને મોઢે કરવાનું કહીદે છે.શું આવું કરવું યોગ્ય છે ? કારણ સાથે તમારુ મંતવ્ય સ્પષ્ટ કરો.

..................................................................................

..................................................................................

..................................................................................

## ૬.૮ સારાંશ

લખવું એક ભાષાગત આવડત છે. લ્ખન કાર્યને અનુલક્ષીને એની ભાષાકીય નિશાન બનાવવાનું કામ કરવામાં આવે છે, જેને કોઈ વ્યક્તિ દ્વારા વાંચી તથા સમજી  શકાય છે. બાળકોને લખતા શિખવાડવાના સમયે એ નક્કી કરવું મહત્વ છે. કે જેમાં કોઈ જરૂરી યોગ્યતાઓ વિકસીત થઈ હોઈ.સારુ ચલાવવાની ક્ષમતા (શક્તિનો) વિકાસ. બેઠકની સ્થિતિ (બેસીને કામ કવાની સ્થિતિ) અને શારિરીક વિકાસ તથા પોતાને સ્પષ્ટ રીતે પ્રદર્ષિત કરવા માટે બોલાવામાં આવેલી ભાષાનો ઉપયોગ કરવાની આવડત વગેરે. બાળક દ્વારા લખવાની તૈયારી પણ સમાન રાતે મહત્વની છે, કે જે લેખન સામગ્રીનો ઉપયોગ કરવા માટે કરવામાં આવેલા તેમના પ્રયત્નોથી ઉભી થાય છે.

એ યાદ રાખવુ જરૂરી છે કે લખવાનું શરૂ કરવાવાળી બાળકી માટે લેખન અર્થપુર્ણ હોવું જોઈએ.લખવાનું શરૂ કરતાં સમયે બા ળકો જે ભુલો કરે છે. તે બોલવાવાળી અને લખવાવાળી ભાષાઓમાં તફાવત છે એના કારણે થાય છે. આમતો લખવું એક આવડત છે જે વાંચવા બોલવા અને સાંભળવાની અન્ય ભાષા કૌશલ્યના વિકાસની સાથે વ કિસીત થાય છે. આથી તેને એવી રીતે પ્રમોટ કરવું જોઈએ કે એ બધાજ એક-બીજાને પુરક બની શકે.

હસ્તાક્ષર બાળકના ચારીત્ર્યના વિશે જાણકારી આપી શકે છે.પરંતુ ખરાબ હસ્તાક્ષર પોતાનામાં કઈ પણ અનિચ્છનીય નથી વિચારાવતી. બાળકોના હસ્તાક્ષરમાં સુધારો કરવા તેમની મદદ કરી શકાય છે. લખવામાં કેટલાક જરૂરી ગુણોને પણ મહત્વ આપવું જોઈએ જેમ કે, સ્પષ્ટતા, ટુંકમાં અને સરળતા. આમતો લખવાવાળી ભાષા અથવા બોલવાવાળી ભાષામાં તફાવત હોય છે. તેથી લખવાની વસ્તુ બાળકોની સામે વધુમાં વધુ રીતે રજુ કરતાં તેમની લખવાની આવડતને વિકસીત કરવામાં તેમની સહાયતા કરી શકાય છે.આવી રીતના ઉપાયોનો ઉપયોગ ભાષામાં વ્યાકરણ સંબંધી ભુલ સુધારવા માટે પણ કરી શકાય છે.

લેખન કૌશલ્ય (આવડત) એવી જ રીતે વિકસીત થાય છે જેવી રીતે બાળકો મોટા થતા જાય છે.બાળકોની વધતી ઉંમરની સાથે તેમને લેખનના ઉમચા પ્રકાર (નિબંધ,પત્ર,કવિતા) થી પરિચિત કરવા જોઆએ. આમાથી બધાજ માટે એક જેવી (સરખી) છે પરંતું ખાસ પ્રકારની લાયકાતની જરૂરહોય છે. જેના સંબંધમાં શિક્ષકોએ જાગૃત રહેવું જોઈએ.


## ૬.૯ સંદર્ભ ગ્રથ કેટલાક ઉપયોગી પુસ્તકો.


***Trask R.L. (1995) Language the Basics. London : Routletye.***

***Krall Barbaree (2003) Exploring the Dynamics of Second Language writing***

***London : Cambrige University Press.***

***Yule, George (1935), The study of Language London, Cambrige University Press.***



નોંધ

## ૬.૯ અંત્ય એકમનો અભ્યાસ

(૧) લખતા શિખવાની શરૂઆતાં ચલાવવાની આવડત મેવવવી કેમ જરૂરી છે ?

(૨) સ્કુલમાં ાવતા પહેલા બાળકોમાં એક ખાસ લખવાની ક્ષમતા (શક્તિ) હોય છે. તમારી આસપાસ કોઈ ૪-૫ વર્ષના બાળકનું નિરીક્ષણ કરો આ વાતને સ્પષ્ટ કરો.

(૩) બોલવાની ભાષા જલ્દી બદલાય છે જ્યારે લખવાની ભાષા ધીરે-ધીરે બદલાય છે.ઉદા.આપી સમજાવો.

(૪) લખવામાં સરળતા, સ્પષ્ટતા અથવા ટુકાનું મહત્વ શું છે ? સમજાવો.

(૫) લખવાની અને બોલવાની ભાષામાં તફાવતનું વ સ્તિારથી વિશ્લેષણ કરો.

(૬) શું લખાણના આધારે કોઈના ચારિત્ર વિશે જાણી શકાય છે જો હાં તો શું-શું ?

(૭) ડિસ્લેકિસયાથી પિડાતી બાળકોને લખવામાં કઈ મુશ્કેલી આવે છે ?

(૮) વાક્યોનો ઉપયોગ કરી શકાય એવી પ્રવૃતિઓ તૈયાર કરો જેમાં બાળકોને સંદર્ભિત રીતે કાળ,લિંગ વગેરેનો પરિચય કરાવી શકાય.

(૯) વાર્તા લેખનનું ભાષા શિખવામાં શું મહત્વ છે ?

## સોપેલું કાર્ય (*Assignment*)

- બાળકોમાં ચલાવવાની આવડતને વિકસીત કરવા માટે કરી શકાય તેવી પ્રવૃતિઓ પર વ ચિાર કરો.એવી પ્રવૃતિઓના વિશે પણ વિચારો જે બાળકોને વધારે સંવાદશીલ (વાતચીતવાળા) બનાવી શકે છે. તેને મેળવવા માટે અલગ-અલગ પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કેવી રીતે કરી શકાય છે